
અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 12 ઓગસ્ટ 2026 બુધવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ વદ -30 | અંક : 44 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
ટ્રમ્પની મીડિયા કંપનીને 2200 કરોડ રૂપિયાનું નુકસાન: 3 મહિનામાં માત્ર 16 કરોડની કમાણી, 6 મહિનામાં 6 હજાર....

4 
અમેરિકા-ઈરાન જંગ વચ્ચે ચીને હેરાત સુધી રેલ કોરિડોર બનાવી દીધો!

6 
પ્રિયંકા ચોપરા જોનાસ સાયન્સ-ફિક્શન એક્શન થ્રિલર બ્લુફ્લાય'માં રસેલ ક્રો સાથે જોવા મળશે

7 
હવે બજારમાં જોવા મળશે પ્લાસ્ટિકની નવી નોટો: 10 અને 20 રૂપિયાની 100-100 કરોડ નોટ આવશે, નાણામંત્રી નિર્મલા...

# ઝારખંડ વિધાનસભામાં જેન-ઝીનો આક્રમક ઘેરાવો

## પેપર લીકના વિવાદમાં હવે ઈડીની પણ એન્ટ્રી : દેશભરમાં ઈસીઆઈઆર નોંધી મની ટ્રેઈલની તપાસ શરૂ કરી

**રાંચી, તા.11**

શિક્ષણ પ્રણાલી અને ભરતી પરીક્ષાઓમાં વ્યાપક પારદર્શિતા લાવવાની માગ સાથે નવી દિલ્હીના ઐતિહાસિક જંતર મંતરથી પ્રજ્વલિત થયેલી આંદોલનની જ્વાળા હવે દેશના અન્ય રાજ્યોમાં પણ વિરાટ રૂપ ધારણ કરી રહી છે. આ જ ક્રમમાં ઝારખંડમાં પણ પરીક્ષા પદ્ધતિ વિરુદ્ધ ભારે જનરોષ જોવા મળી રહ્યો છે, જ્યાં હજારો યુવાનો પરીક્ષા પ્રક્રિયામાં તાત્કાલિક અને નક્કર સુધારા તેમજ તમામ ગેરરીતિઓ નાબૂદ કરવાની એકસૂરી માગ સાથે સડકો પર ઉતરી આવ્યા છે. રાજ્યના ખૂણે-ખૂણેથી એકઠા થયેલા શિક્ષિત યુવાનોએ પોતાનો અવાજ સત્તાધીશો સુધી પહોંચાડવા માટે રાજધાની રાંચીમાં ઝારખંડ વિધાનસભા તરફ એક વિશાળ અને આક્રમક રેલી યોજી હતી. આ યુવા માર્ચને કોઈપણ ભોગે અટકાવવા માટે સ્થાનિક પ્રશાસન અને પોલીસ તંત્ર દ્વારા અભેદ્ય સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેમાં સાત સ્તરીય મજબૂત બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું. પોલીસ પરિબળોએ પ્રદર્શનકારીઓને આગળ વધતા રોકવા માટે વોટર કેનનનો મારો ચલાવ્યો, મોટા



પ્રમાણમાં આંસુ ગેસના શેલ છોડ્યા અને આકરો લાઠીચાર્જ કરી બળપ્રયોગ કર્યો હતો. આમ છતાં, આ તમામ કડક સુરક્ષા વ્યવસ્થા, કાંટાડા તારો અને બેરિકેડ્સને તોડીને ઝનૂની યુવાનો આખરે વિધાનસભાના મુખ્ય સંકુલ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા અને ત્યાં જ રાતભર ધામા નાખીને ધરણા પર બેસી ગયા હતા.

ઝારખંડમાં જેપીએસસી (JPSC) અને જેએસએસસી (JSSC) જેવી અતિ મહત્વપૂર્ણ ભરતી પરીક્ષાઓમાં મોટા પાયે આચરાયેલી ગેરરીતિઓ, પેપર લીક અને કૌભાંડોના આરોપોને લઈને યુવાનો છેલ્લા એક મહિના કરતા પણ વધુ સમયથી સંગઠિત થઈને સતત આંદોલન ચલાવી રહ્યા છે. રાંચી શહેરના મુખ્ય વિસ્તારોમાં અનેક વિદ્યાર્થીઓએ આ કૌભાંડો સામે વિરોધ નોંધાવવા માટે અન્ન-જળનો ત્યાગ કરીને ઉપવાસ તથા ભૂખ હડતાળ જેવા આકરા પગલાં પણ ભર્યા હતા. દિલ્હીના આંદોલનની તર્જ પર આંદોલનકારી યુવાનોએ વિધાનસભા ઘેરાવની વ્યૂહરચના બનાવીને એક વિશાળ માર્ચ કાઢી હતી. સોમવારે યોજાયેલી આ કૂચ દરમિયાન પોલીસ અને આંદોલનકારી વિદ્યાર્થીઓ વચ્ચે ભારે ઘર્ષણ થતાં વાતાવરણ અત્યંત તંગ બની ગયું હતું. પ્રશાસન દ્વારા કરવામાં આવેલા વિરાટ લાઠીચાર્જ અને અશ્રુવાયુના પ્રહારથી અનેક નિર્દોષ વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આશ્ચર્યજનક બાબત એ રહી કે જે વિદ્યાર્થીઓ છેલ્લા કેટલાક દિવસોથી કડક ભૂખ હડતાળ પર હતા, તેઓ પણ પોતાની શારીરિક અશક્તિને બાજુ પર મૂકીને આ વિધાનસભા ઘેરાવના વિરોધ પ્રદર્શનમાં સક્રિયપણે જોડાયા હતા.

વિદ્યાર્થીઓના આ અણધાર્યા અને આક્રમક કૂચના કારણે વિધાનસભા સંકુલમાં સ્થિતિ અનિયંત્રિત બની ગઈ હતી, જેના પરિણામે તે સમયે વિધાનસભામાં ચાલી રહેલી તમામ સત્તાવાર કામગીરીને તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવાની ફરજ પડી હતી. સમગ્ર ઘટનાક્રમ બાદ રાજ્ય સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે યુવાનોની વ્યાજબી માગણીઓ સ્વીકારવામાં આવશે અને ભરતીમાં ગેરરીતિ આચરનારા તમામ દોષિતો સામે સખતમાં સખત કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. જોકે, આંદોલનકારી યુવાનો હવે સરકારના માત્ર આશ્વાસનોથી સંતોષ માનવા તૈયાર નથી. તેમની સ્પષ્ટ અને અણનમ માગ છે કે આ સમગ્ર પરીક્ષા કૌભાંડની નિષ્પક્ષ તપાસ સીબીઆઈ (CBI) ને સોંપવામાં આવે અને જે પરીક્ષાઓમાં ગેરરીતિ કે પેપર લીકની ઘટનાઓ બની છે તેને તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે. મોડી રાત્રે પણ વિદ્યાર્થીઓ વિધાનસભાની બહાર જમીન પર બેસીને પોતાના હક માટે સૂત્રોચ્ચાર કરતા રહ્યા હતા, જ્યારે સ્થાનિક પોલીસ દ્વારા તેમને સંકુલમાંથી બહાર ખસેડવા માટે મધ્યરાત્રિ સુધી સતત પ્રયાસો ચાલુ રાખવામાં આવ્યા હતા.

બીજી તરફ, આ યુવા આંદોલનને પગલે હવે રાજકીય ક્ષેત્રે પણ મોટો ગરમાવો આવી ગયો છે અને આરોપ-પ્રત્યારોપની રાજનીતિ શરૂ થઈ ચૂકી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ નિર્દોષ અને ભવિષ્યની ચિંતા કરતા યુવાનો પર પોલીસ દ્વારા કરવામાં આવેલા આકરા લાઠીચાર્જ અને બળપ્રયોગની આકરા શબ્દોમાં નિંદા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ઝારખંડમાં પોતાના અધિકારો અને ન્યાય માટે લડી રહેલા વિદ્યાર્થીઓ પર બળપ્રયોગ કરવો સંપૂર્ણપણે અયોગ્ય અને લોકશાહી વિરોધી છે. વિદ્યાર્થીઓને શાંતિપૂર્ણ રીતે આંદોલન કરવાનો બંધારણીય અધિકાર છે અને આ સમસ્યાનો ઉકેલ લાઠીઓથી નહીં પરંતુ વાતચીતના માધ્યમથી જ શક્ય બનશે, તેથી ઝારખંડ સરકારે આંગણે આવેલા યુવાનો સાથે સંવાદ સાધીને વહેલી તકે યોગ્ય ઉકેલ લાવવો જોઈએ.

# વિદ્યાર્થી આંદોલન મુદ્દે ગૃહમંત્રી અમિત શાહ સંસદમાં જવાબ આપશે : રિજિજૂ

**નવી દિલ્હી, તા.11**




સંસદમાં વિદ્યાર્થીઓ પર જંતર-મંતરના પ્રદર્શનો દરમિયાન થયેલા લાઠીચાર્જ અને ગોળીઓ છોડવાના મુદ્દે ભારે હોબાળો થયો હતો. તેના કારણે સંસદની કાર્યવાહી ખોરવાઈ હતી. લોકસભામાં સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષોને સંસદસત્ર ચાલવા દેવાની અપીલ કરી હતી, પરંતુ વિપક્ષોએ પીએમ મોદી અને અમિત શાહના જવાબની માગણી શરૂ રાખતા કામકાજ થયું ન હતું. વિપક્ષોના હોબાળા વચ્ચે સંસદીય કાર્યમંત્રી કિરન રિજિજૂએ કહ્યું હતું કે અમિત શાહ સંસદમાં વિદ્યાર્થી આંદોલન મુદ્દે બોલશે, પરંતુ વિપક્ષોએ સાંભળવું પડશે.

કિરન રિજિજૂએ જણાવ્યું હતું કે સરકાર વિદ્યાર્થીઓના પ્રદર્શન મુદ્દે સંસદમાં ચર્ચા કરવા તૈયાર છે. અમિત શાહ આ ચર્ચાનો જવાબ આપશે, પરંતુ તે માટે વિપક્ષોએ તેમની વાત સાંભળવી પડશે. આગામી ત્રણ દિવસ સંસદગૃહોમાં શું કાર્યવાહી થશે તેના આયોજન માટે વિવિધ પાર્ટીના સભ્યો સાથે બેઠક કર્યા બાદ રિજિજૂએ આ જાહેરાત કરી હતી. બેઠકમાં વિપક્ષો વતી ગૃહમંત્રી અમિત શાહ વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચાર બાબતે જવાબ આપે તેવી ડિમાન્ડ થઈ હતી. વિપક્ષોએ મુદ્દો ઉઠાવ્યો હતો કે સંસદભવન કોમ્પ્લેક્ષમાં ગૃહમંત્રી આવતા હોવા છતાં સંસદગૃહમાં હાજર રહેતા નથી. તેમણે જવાબ આપવા હાજર થવું જોઈએ. દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે અમિત શાહ સંસદમાં સાધારણ ટોપિકમાં ભાષણ આપે તે દેશને સાંભળવું નથી. વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને ફાઈરિંગ સહિતના અત્યાચારનો આદેશ કોણે આપ્યો તે જણાવે. રાહુલ ગાંધીએ ઉમેર્યું કે પીએમ મોદી અને અમિત શાહમાં ૧૫ દિવસ થયા છતાં ગૃહમાં આવવાની હિંમત નથી. તેમણે ગૃહમાં હાજર રહીને દેશને જવાબ આપવો જોઈએ. જો વિદ્યાર્થીઓ પર ગૃહમંત્રી અમિત શાહે લાઠીચાર્જનો આદેશ આપ્યો નથી તો કોણે આપ્યો એ જાણવાનો દેશને અધિકાર છે. દિલ્હીમાં પોલીસ ફોર્સ અમિત શાહના કમાન્ડમાં આવે છે. પેલેટ ગન કોણે ચલાવી તે પણ તેમણે કહેવું જોઈએ. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે વિપક્ષ છેલ્લાં ૧૫ દિવસથી સંસદમાં ચર્ચાની માંગણી કરે છે, પરંતુ મોદી કે શાહ સંસદમાં હાજર રહેતા નથી. તેઓ આ બાબતે ચર્ચા જ કરવા ઈચ્છતા નથી.

કોંગ્રેસે ત્રણ માંગણીઓ મૂકી હતી - અમિત શાહ વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચાર મુદ્દે જવાબ આપે, મોદી સરકાર જણાવે કે રામ મંદિરનું દાન ક્યાં ગયું? વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ બંને મુદ્દે દેશની માફી માંગે. દરમિયાન સંસદ ગૃહમાં વિપક્ષોના હોબાળા વચ્ચે ધ્વનિ મતથી કેટલાય બિલ પણ પાસ થયા હતા. ટેક્સેશન સુધારા બિલ પસાર થયું હતું. એ બિલ પ્રમાણે ડિજિટલ પેમેન્ટ પર કોઈ જ ટેક્સ લાગશે નહીં. યુપીઆઈ પેમેન્ટ દેશના કરોડો યુઝર્સ માટે ફ્રી રહેશે. ટ્રિબ્યૂનલ રિફોર્મ્સ બિલ પસાર થયું હતું. તે ઉપરાંત બેંકર્સ બૂક્સ એવિડન્સ બિલ રાજ્યસભામાંથી પસાર થયું હતું. એક બિલ કેરળને કેરલમ્ કરવાનું બિલ પણ રજૂ થયું હતું અને ધ્વનિ મતથી પસાર થયું હતું.

# ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગ પર સરકારે મારી બ્રેક: 'ફ્લેશ પોઈન્ટ' બન્યું મોટું જોખમ!

**નવી દિલ્હી, તા.11**

જે ઈથેનોલને પેટ્રોલમાં ભેળવીને ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવા અને પ્રદૂષણ ઓછું કરવા માટે મોટું કદમ માનવામાં આવતું હતું, તે જ ઈથેનોલ ડીઝલમાં ભળતા જ સુરક્ષા સામે સવાલો ઊભા થઈ ગયા છે. E20 પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે કેન્દ્ર સરકારે ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગને લઈને મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. સરકારના જણાવ્યા અનુસાર, હાલમાં ડીઝલમાં ઈથેનોલ ભેળવવામાં નહીં આવે. ડીઝલમાં ઈથેનોલના ટેસ્ટિંગ બાદ સુરક્ષાના કારણોસર આ યોજનાને હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે.

પેટ્રોલિયમ અને નૈસર્ગિક ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ રાજ્યસભામાં માહિતી આપતા જણાવ્યું હતું કે સરકારી ઓઈલ કંપનીઓએ પોતાના રિસર્ચ સેન્ટરો, ઓટોમોબાઈલ કંપનીઓ અને સર્ટિફાઈડ લેબ્સ સાથે મળીને ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગનું પરીક્ષણ કર્યું હતું. આ તપાસમાં સામે આવ્યું કે ઈથેનોલ ભેળવવાથી ડીઝલનો 'ફ્લેશ પોઈન્ટ' (Flash Point) નોંધપાત્ર રીતે નીચો જતો રહે છે, જેના કારણે ઈથેનોલ-બ્લેન્ડેડ ડીઝલ નક્કી કરેલા સુરક્ષા ધોરણો પર ખરું ઊતરી શક્યું નથી.



ફ્લેશ પોઈન્ટ એ કોઈપણ બળતણની સુરક્ષા સાથે જોડાયેલો એક અત્યંત મહત્ત્વનો પેરામીટર છે. સરળ ભાષામાં કહીએ તો, ફ્લેશ પોઈન્ટ એ લઘુત્તમ તાપમાન છે જેના પર ઈંધણમાંથી નીકળતી વરાળ હવામાં ભળીને બહારના કોઈ તણખા કે આગના સંપર્કમાં આવતા જ સળગી શકે છે. ફ્લેશ પોઈન્ટ જેટલો નીચો હશે, ઈંધણ એટલી જ ઝડપથી આગ પકડી લેશે. ડીઝલના સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટેશન અને ટેન્કરોમાંથી હેન્ડલિંગ દરમિયાન આનાથી આગ લાગવાનું મોટું જોખમ ઊભું થઈ શકે છે.

પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધારવા અંગે સ્પષ્ટતા કરતા સરકારે કહ્યું કે, હાલમાં પેટ્રોલમાં 20%થી વધુ ઈથેનોલ (E20) ભેળવવાનો કોઈ નિર્ણય લેવાયો નથી. ભવિષ્યમાં જો ઈથેનોલનું પ્રમાણ વધારવામાં આવશે, તો તે પહેલા વૈજ્ઞાનિક અને ટેકનિકલ સ્તરે ઊંડો અભ્યાસ કરવામાં આવશે તેમજ તમામ સંબંધિત પક્ષો સાથે ચર્ચા કરાશે. સરકારે E20 પેટ્રોલને સંપૂર્ણપણે સુરક્ષિત ગણાવ્યું છે. ARAI, SIAM અને ઈન્ડિયન ઓઈલ જેવી સંસ્થાઓ દ્વારા કરાયેલા લેબ ટેસ્ટ અને ફીલ્ડ ટ્રાયલમાં એન્જિન લાઈફ, પરફોર્મન્સ અને ફ્યુઅલ એફિશિયન્સી જેવા તમામ પાસાઓ પર E20 યોગ્ય સાબિત થયું છે.

સરકારના ડેટા અનુસાર, હાલમાં દેશમાં 20 કરોડથી વધુ ટૂ-વ્હીલર્સ અને 3 કરોડથી વધુ પેટ્રોલ કારો ઈથેનોલ-બ્લેન્ડેડ ઈંધણ પર ચાલી રહી છે. છેલ્લા 3 વર્ષથી વધુ સમયથી E15+ અને 2.5 વર્ષથી વધુ સમયથી E19-E20 ફ્યુઅલનો ઉપયોગ થઈ રહ્યો છે. અત્યાર સુધી એવા કોઈ પ્રમાણિત પુરાવા મળ્યા નથી જેનાથી મોટા પાયે એન્જિન ખરાબ થવાને ઈથેનોલ બ્લેન્ડિંગ સાથે સીધું જોડી શકાય. આમ, સરકારે ડીઝલમાં ઈથેનોલ ભેળવવાનો રસ્તો હાલ બંધ કરી દીધો છે, જ્યારે પેટ્રોલમાં E20 જાળવી રાખ્યું છે.

# સુપ્રિયા સુલેની પુત્રીના રિસેપ્શનમાં રાજકીય ગજગ્રાહ ભૂલાયો! PM મોદી, સોનિયા ગાંધી સહિતના નેતાઓ પહોંચ્યા

**નવી દિલ્હી, તા.11**

મહારાષ્ટ્રના રાજકારણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શરદ પવાર વચ્ચેની મુલાકાતો હંમેશાં ચર્ચાનો વિષય રહી છે. સોમવારે દિલ્હીમાં ફરી એકવાર બંને નેતાઓ એકસાથે જોવા મળ્યા હતા. જોકે, આ વખતે મુલાકાતનું કારણ રાજકારણ નહીં પરંતુ એક પારિવારિક પ્રસંગ હતો. પીએમ મોદી એનસીપી (એસપી) સાંસદ સુપ્રિયા સુલેની પુત્રી રેવતી સુલે અને સારંગ લખાણીના લગ્નના રિસેપ્શનમાં પહોંચ્યા હતા. ત્યાં તેઓ શરદ પવાર સાથે બેઠા હતા અને તેમની સાથે વાતચીત કરતા નજરે પડ્યા હતા. આ સમારંભમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ઉપરાંત રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત દેશના અનેક અગ્રણી રાજકીય ચહેરાઓ ઉપસ્થિત રહ્યા હતા.



દિલ્હીમાં સોમવારે એનસીપી (એસપી) નેતા અને બારામતીના સાંસદ સુપ્રિયા સુલેની પુત્રી અને શરદ પવારની દોહિત્રી રેવતી સુલેના લગ્નનું ગ્રાન્ડ રિસેપ્શન યોજાયું હતું. આ કાર્યક્રમમાંથી સામે આવેલી તસવીરો અને વીડિયોમાં પીએમ મોદી એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવારની બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા. વડાપ્રધાને નવદંપતીને શુભકામનાઓ પાઠવી હતી તેમજ શરદ પવારના પરિવાર અને ત્યાં હાજર અન્ય મહેમાનો સાથે મુલાકાત કરી તેમનું અભિવાદન ઝીલ્યું હતું. રાજકીય મતભેદો બાજુ પર રાખીને પીએમ મોદીની હાજરી અને શરદ પવાર સાથેની તેમની વાતચીત હાલ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી રહી છે. રેવતી સુલે અને સારંગ લખાણીના આ લગ્ન સમારંભમાં શરદ પવારે પોતે તમામ ખાસ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ રિસેપ્શનમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ પહોંચ્યા હતા. આ સિવાય લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આમ, એક જ મંચ પર દેશના વિવિધ રાજકીય પક્ષોના દિગ્ગજ નેતાઓનો જમાવડો જોવા મળ્યો હતો. ચિરાગ પાસવાન અને અખિલેશ યાદવ પણ દિલ્હીમાં યોજાયેલા સુપ્રિયા સુલેની પુત્રી રેવતી સુલેના લગ્નના ગ્રાન્ડ રિસેપ્શનમાં હાજરી આપવા પહોંચ્યા હતા. આ સમારંભમાં બંને નેતાઓએ હાજરી આપી નવદંપતીને શુભકામનાઓ પાઠવી હતી. રાજકીય વિરોધાભાસ અને મંતવ્યો ભૂલીને બંને નેતાઓ અન્ય તમામ દિગ્ગજ રાજનેતાઓ સાથે આ પારિવારિક પ્રસંગમાં સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં જોવા મળ્યા હતા. લગ્નના રિસેપ્શન પહેલા સોમવારે જ સુપ્રિયા સુલેએ પોતાની પાર્ટીના 8 સાંસદો સાથે પીએમ મોદી સાથે એક બેઠક કરી હતી, જે આશરે 20 મિનિટ સુધી ચાલી હતી. આ બેઠક બાદ ડીલિમીટેશન (સીમાંકન) બિલ અંગે એનસીપી (એસપી)ના વલણને લઈને ફરી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.



# હાઈકોર્ટના વકીલના ઘરેથી 5 લાખ રોકડની ચોરી: પરિવાર ઘર લોક કરી બહાર ગયો હતો, નકૂચો તૂટેલો અને તિજોરીનું લોક ખુલ્લી હાલતમાં

**અમદાવાદ, તા.11**

અમદાવાદના સરખેજમાં રહેતા મોહમદ દાનીશ બારેજીયા નામના વકીલ ગુજરાત હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરે છે. 8 ઓગસ્ટે દાનીશના પત્ની નાનીને મળવા વિરમગામ ગયા હતા, જ્યારે દાનીશ માતા પિતાને મળવા વતન માંડલમાં ગયા હતા. આ દરમિયાન દાનીશના પત્ની પર પાડોશીનો ફોન આવ્યો હતો, પાડોશીએ ઘરનું લોક તૂટેલું હોવાનું જણાવ્યું હતું. જેથી દાનીશ પત્ની સાથે ઘરે પહોંચ્યા ત્યારે લોક અને નકૂચો તૂટેલી હાલતમાં હતો. ઘરમાં તપાસ કરતા બેડરૂમની તિજોરીનું લોક ખુલ્લી હાલતમાં હતું, જેમાંથી 5 લાખ રોકડ ગાયબ હતી. જેથી દાનીશે સરખેજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી છે.



પરિમલ ચાર રસ્તા પાસેના રુચિકા ફ્લેટમાં રહેતા 88 વર્ષીય ભુપેન્દ્ર સાહેબાએ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં 2.26 લાખ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ભુપેન્દ્ર સાહેબા છેલ્લા બે વર્ષથી રુચિકા ફ્લેટમાં ચેરમેન તરીકે ફરજ બજાવે છે. વર્ષ 2025માં સોસાયટીમાં સોલર પેનલ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ દરમિયાન હેતલ એન્ટરપ્રાઈઝના માલિક જતીન ભાવસારની જાહેરાત જોતાં સોસાયટીના સેક્રેટરી રાજેશ શેખરે તેનો સંપર્ક કર્યો હતો.

જતીન ભાવસારે સોલર પેનલ લગાવવા માટે કોટેશન આપ્યું હતું. રુચિકા ફ્લેટ માટે સોલર પેનલનો ભાવ 3.40 લાખ નક્કી થયો હતો. જ્યારે રાજેશ શેખરના અંગત ઉપયોગ માટે અલગ સોલર પેનલનો ભાવ 2.25 લાખ નક્કી કરાયો હતો. બંને કામ માટે એડવાન્સ પેટે ફ્લેટ તરફથી 1.36 લાખ અને રાજેશ શેખર તરફથી 90 હજાર મળીને કુલ 2.26 લાખ જતીન ભાવસારને ચૂકવવામાં આવ્યા હતા. જતીને 30 દિવસમાં સોલર પેનલ લગાવી આપવાનું કહી રકમ મેળવી હતી.

જોકે, સમયમર્યાદા વીતી ગયા બાદ પણ સોલર પેનલનું કામ શરૂ કરવામાં આવ્યું નહોતું. સોસાયટીના સભ્યો અને રાજેશ શેખર દ્વારા વારંવાર જતીનને કામ પૂર્ણ કરવા માટે કહેવામાં આવ્યું હતું. તેમ છતાં જતીને સોલર પેનલ લગાવી આપવામાં આવી ન હતી અને રકમ પણ પરત કરી નહોતી. અંતે ભુપેન્દ્ર સાહેબાએ એલિસબ્રિજ પોલીસનો સંપર્ક કરી જતીન ભાવસાર વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

વેજલપુરમાં રહેતી નિધિ પરમાર નામની યુવતી ભાવેશ પરમાર નામના વકીલની ઓફિસમાં નોકરી કરે છે. નિધિને ભાવેશભાઈએ ATM કાર્ડ આપીને પીન અપડેટ કરાવવા મોકલી હતી. નિધિ વેજલપુરમાં આવેલા BOIના ATMમાં પીન અપડેટ કરાવવા ગઈ હતી. ATMમાં પહેલાથી એક વ્યક્તિ હાજર હતો જે બહાર આવતા નિધિ ATM રૂમમાં ગઈ હતી. નિધિએ પીન અપડેટ કર્યા બાદ સ્લીપ આવવાની રાહ જોતી હતી, જેમાં સમય લાગતા બીજો એક વ્યક્તિ ATMમાં આવ્યો હતો અને માટે પ્રોસેસ કરવી છે કહી ઉતાવળ કરતો હતો.

આ દરમિયાન અગાઉ ATMમાં હાજર હતો તે વ્યક્તિ પણ પરત આવ્યો હતો. આ બંને વ્યક્તિઓએ નિધિને ઉતાવળ કરાવતા હતા. આ દરમિયાન નિધિ પાસે રહેલું ATM કાર્ડ પણ બંનેએ બદલી નાખ્યું હતું. નિધિ બહાર આવતા ATM બદલ્યું હોવાની જાણ થઈ હતી. નિધિએ તપાસ કરતા અજાણ્યા ઈસમોએ ATM કાર્ડ વડે 1.13 લાખ રૂપિયા કાઢી દીધા હતા. નિધિએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ઓઢવમાં રહેતા પંકજ ચૌહાણ લાલદરવાજા ખાતે આવેલી સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના લાઈફ ઈન્સ્યોરેન્સના ઝોનલ હેડ તરીકે નોકરી કરે છે. તે ક્રેટા લઈને બેંકમાં આવ્યા અને બેંક પાસે ફૂટપાથ પર પાર્ક કરી હતી. સાંજે ઘરે જવા આવ્યા ત્યારે ગાડીમાં પાછળનો કાચ તૂટેલી હાલતમાં હતો. ગાડીમાં મૂકેલું લેપટોપ, બેગ, એપલનાં એરપોડ્સ સહિતનો સામાન ચોરી થયો હતો. ગાડીનો કાચ તોડી અજાણ્યા શકશે 53 હજારની ચોરી કરી હતી, જે મામલે કારંજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ગિઝર અને ઈન્વર્ટરમા દારૂની હેરાફેરી કરતો શખસ ઝડપાયો

## ઘરે જથ્થો રાખીને મોંઘીદાટ બોટલો વેચતો, 1.33 લાખની 81 બોટલ જપ્ત

**અમદાવાદ, તા.11**

અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસથી પોલીસનું નાઈટ પેટ્રોલિંગ અને ચેકીંગ ચાલી રહ્યું છે, એક બુટલેગર ગાડીમાં દારૂની હેરફેરી કરતો ઝડપાયો હતો. પોલીસે રાતના ચેકીંગ દરમિયાન ગાડી રોકી તો તેમાં ગિઝર હતા, જેથી ગિઝર ખોલીને તપાસતા મોંઘી દારૂની બોટલ મળી આવી હતી જે બાદ બુટલેગરના ઘરે તપાસ કરતા વધુ 5 ગીઝર મળી આવ્યા હતાં. તેમાંથી પણ દારૂની બોટલો મળી આવી હતી. 1.33 લાખની 81 દારૂની બોટલ સાથે એક આરોપીની ધરપકડ કરી છે.



સોલા પોલીસ સ્ટેશનની ટીમ રાતના સમયે પેટ્રોલિંગ અને ચેકીંગ કરી રહી હતી, ત્યારે PSI એસ.જે. દેસાઈને બાતમી મળી હતી. જેના આધારે એક હોન્ડા જૈઝ રોકવામાં આવી હતી. કારચાલક મોહમ્મદ નાવેદ અંસારીની પૂછપરછ કરવામાં આવી અને તપાસ કરતા ગીઝર અને ઈન્વર્ટર મળી આવ્યું હતું. જેથી પોલીસને શંકા જતા ગીઝર-ઈન્વર્ટર ખોલીને અંદર તપાસ કરવામાં આવી તો મોંઘીદાટ દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે આરોપીની પૂછપરછ કરતા આરોપીના ગોતા ખાતેના વસંતનગર ટાઉનશિપમાં પણ દારૂની બોટલ હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસે મોહમ્મદ નાવેદ અંસારીને સાથે લઈને તેના ઘરે ગઈ હતી. નાવેદના ઘરમાંથી પણ પોલીસને ગીઝર મળી આવ્યા હતા. પોલીસે તમામ ગીઝર ખોલીને તપાસતા દારૂની બોટલો જ મળી આવી હતી. આરોપી બહારથી દારૂ લાવી ગીઝરની આડમાં છૂટક વેચતો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી 81 દારૂની બોટલ કબ્જે કરી હતી. આરોપી પાસેથી દારૂ, ગાડી સહિત 2.40 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી વિરુદ્ધ અગાઉ પણ પ્રોહીબિશનના ગુના નોધાઈ ચૂક્યા છે.

# ડો.હર્ષ આપઘાત કેસમાં સિવિલની મેડિકલ કોલેજમાં ABVPનો હોબાળો

## કાર્યકર્તાઓએ રામધૂન બોલાવી, ડીન ચેમ્બર છોડી ભાગ્યા, રેગિંગમાં જવાબદારોનું સર્ટિફિકેટ રદ કરવા માંગ

**સુરત, તા.11**

સુરત નવી સિવિલ હોસ્પિટલ સંલગ્ન મેડિકલ કોલેજમાં રેસિડેન્ટ ડોક્ટર હર્ષ પંડ્યાના આપઘાત અને તેમની સાથે થયેલા ગંભીર રેગિંગના બનાવને પગલે સમગ્ર મેડિકલ આલમ અને વિદ્યાર્થી આલમમાં ભારે રોષ અને આક્રોશ વ્યાપી ગયો છે. આ સંવેદનશીલ અને ગંભીર મામલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા મેડિકલ કોલેજ કેમ્પસ ખાતે જંગી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ABVPના હોદ્દેદારોએ કોલેજ તંત્ર સામે ભારે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે સમગ્ર ઘટનામાં સીધી રીતે જવાબદાર ચાર રેસિડેન્ટ ડોક્ટર તેમજ સંબંધિત પ્રોફેસરો વિરુદ્ધ મેડિકલ કોલેજ પ્રશાસન દ્વારા માત્ર કાગળ પર અને બતાવવા પૂરતી જ દેખાડાની કાર્યવાહી કરવામાં આવી છે. આ બેદરકારી અને નરમ વલણ સામે ભારે નારાજગી વ્યક્ત કરીને વિદ્યાર્થી સંગઠને તમામ જવાબદાર ડોક્ટરો અને પ્રોફેસરોના મેડિકલ સર્ટિફિકેટ સસ્પેન્ડ કે રદ કરવાની ઉગ્ર માગ કરી છે. આ વિરોધ દરમિયાન ડીન દ્વારા HODને હાજર ન રખાતા મામલો વધુ બિચક્યો હતો અને આક્રોશિત વિદ્યાર્થીઓ ડીનની ચેમ્બરમાં જ રામધૂન બોલાવીને વિરોધ નોંધાવવા બેસી ગયા હતા,



જેનાથી ગભરાઈને ડીન પોતાની ઓફિસ છોડીને નીકળી ગયા હતા. વિદ્યાર્થીઓએ કોલેજ તંત્રને 2 દિવસનું કડક અલ્ટીમેટમ આપતાં ત્રીજા દિવસે સમગ્ર કેમ્પસમાં અતિ-ઉગ્ર આંદોલન કરવાની ખુલ્લી ચીમકી આપી છે.

ABVP દ્વારા કોલેજ પ્રશાસન તેમજ ઉચ્ચ સત્તાધીશો સામે સ્પષ્ટ માંગણી મૂકવામાં આવી છે કે આ કરૂણ ઘટના માટે જવાબદાર તમામ ચાર રેસિડેન્ટ ડોક્ટરો અને પ્રોફેસરોના ડોક્ટર સર્ટિફિકેટ એટલે કે મેડિકલ પ્રેક્ટિસના લાયસન્સ તાત્કાલિક અસરથી કાયમ માટે રદ કરવામાં આવે. વિદ્યાર્થી નેતાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા દોષિતો સામે કાયદાકીય રીતે કડકમાં કડક પગલાં ભરીને એવો દાખલો બેસાડવો જરૂરી છે, જેથી કરીને ભવિષ્યમાં અન્ય કોઈ પણ નિર્દોષ વિદ્યાર્થીએ કોલેજ કેમ્પસમાં રેગિંગ, શારીરિક કે માનસિક ત્રાસનો ભોગ બનીને પોતાનો કિંમતી જીવ ગુમાવવાનો વારો ન આવે.

વિરોધ પ્રદર્શનના ભાગરૂપે ABVPના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો કાળી પટ્ટીઓ અને બેનરો સાથે ડીનને આવેદનપત્ર આપવા અને રજૂઆત કરવા માટે તેમની ઓફિસે પહોંચ્યા હતા. રજૂઆત વેળાએ વિદ્યાર્થીઓએ ડીન પાસે માંગ કરી હતી કે સમગ્ર ઘટના માટે જવાબદાર વિભાગના HODને પણ તાત્કાલિક અસરથી સ્થળ પર બોલાવીને સામસામે જવાબ માગવામાં આવે. જોકે, ડીન દ્વારા HODને સ્થળ પર બોલાવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવાતા વાતાવરણ વધુ ઉગ્ર બન્યું હતું. કોલેજ પ્રશાસનના આ પ્રકારના અસહકારપૂર્ણ અને બચાવત્મક વલણથી નારાજ થયેલા વિદ્યાર્થીઓએ ડીન કાર્યાલયના ફ્લોર પર જ બેસીને જોરજોરથી 'રામધૂન' ગાવાનું શરૂ કરી દીધું હતું. ઓફિસનું વાતાવરણ વણસતું જોઈ અને વિદ્યાર્થીઓનો આક્રોશ સીમા વટાવતો જોઈને ડીન પોતાની ચેમ્બર છોડીને ઉતાવળે બહાર નીકળી ગયા હતા.

પ્રદર્શનના અંતે ABVP દ્વારા મેડિકલ કોલેજ પ્રશાસન અને સિવિલ હોસ્પિટલ તંત્રને અત્યંત સ્પષ્ટ અને આકરી ચેતવણી આપવામાં આવી હતી. ABVPના અગ્રણી આગેવાનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો તેમની કાયદેસરની અને વ્યાજબી માંગણીઓ અંગે આગામી બે દિવસની અંદર કોઈ યોગ્ય અને નક્કર નિર્ણય લેવામાં નહીં આવે, તો ત્રીજા દિવસે સમગ્ર મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં અત્યાર સુધીનું સૌથી ઉગ્રથી અતિ-ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. આ દરમિયાન જો કોઈ અપ્રિય ઘટના ઘટે કે શૈક્ષણિક કાર્ય ઠપ્પ થાય તો તેની તમામ નૈતિક અને કાનૂની જવાબદારી માત્ર અને માત્ર કોલેજ પ્રશાસનની રહેશે.

## ચાલતી રિક્ષામાં 'ખિસ્સાં કાપતી' ચંડાળ ચોકડી ઝડપાઈ

# 'આગળ-પાછળ સરખા બેસો' કહીને 25 હજાર સેરવી લેતા, ઈચ્છાપોરમાં કવાસ પાટિયાથી ધડપકડ

**સુરત, તા.1**

સુરત શહેરના ઔદ્યોગિક રીતે ધમધમતા અને સતત ચહલપહલ ધરાવતા ઈચ્છાપોર વિસ્તારમાં મુસાફરોને લક્ષ્ય બનાવીને અત્યંત ચાલાકીપૂર્વક નજર ચૂકવી નાણાં ચોરી લેતી એક શાતિર અને રીઢા ગુનેગારોની ગેંગનો ઈચ્છાપોર પોલીસે પર્દાફાશ કર્યો છે. ઓટો રિક્ષામાં નિર્દોષ મુસાફરોને બેસાડીને ત્યારબાદ પોતાના જ સાગરીતો દ્વારા ધ્યાન ભટકાવી તેમના ખિસ્સામાંથી રોકડ રકમ સેરવી લેતી આ ટોળકીના ચાર સભ્યોને પોલીસે સફળતાપૂર્વક ઝડપી પાડ્યા છે. આ સમગ્ર કામગીરી દરમિયાન પોલીસે ગુનાહિત પ્રવૃત્તિમાં વાપરવામાં આવેલી ઓટો રિક્ષા તેમજ ફરિયાદી પાસેથી ચોરી કરવામાં આવેલી રોકડ રકમ સહિત કુલ રૂપિયા 95,000 નો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે અને પકડાયેલા તમામ આરોપીઓ સામે કાયદાકીય દંડાત્મક પગલાં ભરવાની તજવીજ હાથ ધરી છે.

પોલીસ ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ અને સુરક્ષા વ્યવસ્થાની ચકાસણીમાં હતી તે દરમિયાન કવાસ ગામ નજીક આવેલા કવાસ પાટિયા પાસે કેટલાક શંકાસ્પદ




શખસો ઓટો રિક્ષા સાથે ઊભા હોવાની ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી. આ માહિતીના આધારે પોલીસે તુરંત જ દરોડો પાડીને વ્યૂહાત્મક રીતે વોચ ગોઠવી હતી અને ચારેય શખસોને ઘેરીને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓની કડક તલાશી લેતા તેમની પાસેથી ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી ઓટો રિક્ષા, જેની અંદાજિત કિંમત રૂપિયા 70,000 ગણવામાં આવી છે, તેમજ ફરિયાદી પાસેથી ચોરી કરેલી રોકડ રકમ રૂપિયા 25,000 મળીને કુલ 95,000 રૂપિયાનો કિંમતી મુદ્દામાલ કાયદેસરની પ્રક્રિયા હાથ ધરીને કબજે કરી લીધો છે. આ ચોંકાવનારી ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગત 8 ઓગસ્ટના રોજ સવારના સમયે ફરિયાદી પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા માટે ઓ.એન.જી.સી. સર્કલ પાસેથી મુસાફરી કરવા એક ઓટો રિક્ષામાં બેઠા હતા. આ રિક્ષામાં અગાઉથી જ સામાન્ય પેસેન્જરના સ્વાંગમાં બેસેલા આરોપીના સાગરીતોએ એકબીજા સાથે મિલીભગત કરીને ફરિયાદીને સરખા બેસવાનું બહાનું બતાવ્યું હતું. રિક્ષામાં આગળ-પાછળ થવાની અને જગ્યા ઓછી હોવાની વાતો કરીને ફરિયાદીનું ધ્યાન સંપૂર્ણપણે બીજી તરફ ભટકાવી દીધું હતું. આ તકનો ગેરલાભ ઉઠાવીને રિક્ષામાં સવાર ગેંગના સભ્યએ અત્યંત હાથસફાઈ અને ચાલાકીપૂર્વક ફરિયાદીના ખિસ્સામાં રાખેલા રોકડા 25,000 રૂપિયા સેરવી લીધા હતા.

પેસેન્જરના ખિસ્સામાંથી નાણાં ચોરી લીધા બાદ આરોપીઓએ કોઈ શંકા ન જાય તે રીતે ફરિયાદીને આગળ જઈને રસ્તામાં જ ઉતારી દીધા હતા અને ત્યારબાદ રિક્ષા પૂરઝડપે હંકારીને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. રિક્ષામાંથી ઊતર્યાના થોડા સમય બાદ જ્યારે ફરિયાદીએ પોતાનું ખિસ્સું તપાસ્યું ત્યારે નાણાં ગાયબ હોવાની જાણ થઈ હતી. જેથી પોતાની સાથે છેતરપિંડી અને ચોરી થઈ હોવાનું ભાન થતાં જ ફરિયાદીએ તાત્કાલિક ઈચ્છાપોર પોલીસ સ્ટેશન પહોંચીને સમગ્ર ઘટના અંગે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઘટનાની ગંભીરતા સમજીને તાત્કાલિક ધોરણે બીએનએસની કલમ-303(2) અને 54 મુજબ ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

પોલીસની પ્રાથમિક પૂછપરછ અને કડક તપાસ દરમિયાન પકડાયેલા તમામ આરોપીઓની સાચી ઓળખ છતી થઈ ગઈ છે. ઝડપાયેલા આરોપીઓમાં સુરતના રાંદેર વિસ્તારમાં રહેતો મોહમદ ઈરફાન શેખ, તેમજ સલાબતપુરા વિસ્તારના રહેવાસી સફિયોદ્દીન ઉર્ફે છોટુ શેખ, ઈરફાન ઉર્ફે ઈપો શેખ અને સદ્દામ જમશેર શેખનો સમાવેશ થાય છે.

# AMCના પ્લોટમાં જ બિલ્ડરે ટ્રેક્ટરના આવા-જવા રસ્તો બનવ્યો: મકરબાના કરોડો રૂપિયાના પ્લોટમાં ગંદકી.....

## દિવાલ પણ તૂટેલી હાલતમાં, સરકારી જમીનનો ખાનગી બિલ્ડર દ્વારા બેફામ ઉપયોગ

**અમદાવાદ, તા.11**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની માલિકીના પ્લોટોને સ્વચ્છ, જાળવેલા અને સુરક્ષિત રાખવાની પ્રાથમિક જવાબદારી એસ્ટેટ વિભાગના સ્થાનિક વોર્ડ ઈન્સ્પેક્ટર તેમજ જવાબદાર અધિકારીઓની હોય છે. પરંતુ દક્ષિણ પશ્ચિમ ઝોન હેઠળ આવતા સરખેજ વોર્ડમાંથી એસ્ટેટ વિભાગની ગંભીર લાપરવાહીનો કિસ્સો સામે આવ્યો છે. અહીં મકરબા સરકારી ચાવડી નજીક આવેલા કોર્પોરેશનના કરોડો રૂપિયાની કિંમતના વિશાળ પ્લોટની સુરક્ષા અને જાળવણીમાં ભારે બેદરકારી દાખવવામાં આવી રહી છે, જેના કારણે સરકારી મિલકતનો ગેરકાયદેસર ઉપયોગ થઈ રહ્યો હોવાનું સામે આવ્યું છે.

પ્લોટની બિલકુલ બાજુમાં બાંધકામ ચલાવી રહેલા એક ખાનગી બિલ્ડરે કોર્પોરેશનના પ્લોટ વચ્ચે આવેલી દિવાલ તોડી પાડીને પોતાના ભારે વાહનો અને ટ્રેક્ટરોની અવરજવર માટે ગેરકાયદેસર રસ્તો બનાવી લીધો છે. આટલું જ નહીં, બિલ્ડર દ્વારા નિર્માણધીન બિલ્ડીંગનો કાટમાળ (ડેબ્રિજ) અને અન્ય વેસ્ટ મટિરિયલ પણ કોર્પોરેશનના આ પ્લોટમાં જ ફેંકવામાં આવી રહ્યો છે. તેના



કારણે પ્લોટમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે અને સમગ્ર વિસ્તારમાં અતિશય દુર્ગંધ અને ગંદકી ફેલાઈ ગઈ છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં સ્થાનિક એસ્ટેટ વિભાગ અને વોર્ડ ઈન્સ્પેક્ટરે આંખ આડા કાન કરીને બિલ્ડર સામે કોઈ કડક કાર્યવાહી કરી નથી.

આ સમગ્ર વિવાદ અંગે દક્ષિણ પશ્ચિમ ઝોનના ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર શંકર અસારીએ ખુલાસો આપતા જણાવ્યું હતું કે, સંબંધિત બિલ્ડરે ખાનગી માલિકીની જગ્યામાં બનેલી દિવાલ તોડીને કોર્પોરેશનના પ્લોટમાંથી પોતાના ટ્રેક્ટરોની અવરજવર માટે રસ્તો તૈયાર કર્યો હતો. આ બાબત ધ્યાન પર આવતા જ સંબંધિત બિલ્ડરને દંડ ફટકારવા માટે વોર્ડ ઈન્સ્પેક્ટરને જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે. તેમણે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે જે દિવાલ તોડવામાં આવી છે તે ખાનગી માલિકીની જગ્યામાં હતી અને કોર્પોરેશનના પ્લોટની પોતાની કોઈ ચણાયેલી દિવાલ નહોતી.

નોંધનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના પ્લોટોને સુરક્ષિત કરવા, તાર ફેન્સિંગ કે બાઉન્ડ્રી વોલ બનાવવા અને તેને સ્વચ્છ રાખવા માટે ભૂતકાળમાં કોર્પોરેટરો દ્વારા તેમજ તાજેતરમાં ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીના ચેરમેન દ્વારા પણ વારંવાર સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી ચૂકી છે. આમ છતાં, એસ્ટેટ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ગંભીર બેદરકારીના પરિણામે કરોડો રૂપિયાની સરકારી જમીનનો ખાનગી બિલ્ડરો દ્વારા પોતાના સ્વાર્થ માટે બેફામ અને ગેરકાયદેસર ઉપયોગ થઈ રહ્યો છે.

# કેન્સલ થયેલા પાર્સલ બારોબાર સગેવગે: ફ્લીપકાર્ટના રદ થતા ઓર્ડર ડિલીવરી બોય ટેકસટાઇલ માર્કેટમાં ચોરી કરતો હોવાનો ઘટસ્ફોટ, દુકાન બહાર મૂકેલુ પાર્સલ લેવા આવતો યુવક ભેરવાયો

**સુરત, તા.11**

સુરત શહેરના કાપડ ઉદ્યોગ માટે જાણીતા પુણા વિસ્તારમાં આવેલા કોહિનૂર-2 ટેક્સટાઈલ પ્લાઝામાંથી ઠગાઈ અને વિશ્વાસઘાતની એક અત્યંત ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. જાણીતી ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટમાં કુરિયર બોય તરીકે ફરજ બજાવતો એક યુવક છેલ્લા 15 દિવસથી ગ્રાહકો દ્વારા કેન્સલ કરવામાં આવેલા ઓર્ડરના પાર્સલો કંપનીની ઓફિસમાં જમા કરાવવાને બદલે બારોબાર ચોરી કરીને સગેવગે કરી રહ્યો હતો. જોકે, વેપારી અને તેમના ભાગીદારોએ શંકાના આધારે ચાલાકીપૂર્વક છટકું ગોઠવીને આ કુરિયર બોયને અંદાજે 50 જેટલા પાર્સલના જથ્થા સાથે રંગેહાથ દબોચી લીધો હતો. આ સમગ્ર કૌભાંડ અને દબોચી લેવાની ઘટના માર્કેટના સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ ગઈ છે.



ઘટનાની વિગતો અનુસાર, પુણા વિસ્તારમાં સ્થિત કોહિનૂર-2 ટેક્સટાઈલ પ્લાઝા ખાતે સોમી નામે કુરિયર એજન્સીની ઓફિસ ધરાવતા વેપારી પ્રમોદ શીશરામ સહારણે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમની ઓફિસ પર છેલ્લા દોઢ વર્ષથી ફ્લિપકાર્ટ કંપનીના કુરિયર બોય તરીકે ભાવેશ કૈલાશભાઈ ભાંભરે, જે સુરતના લિંબાયત વિસ્તારમાં આવેલા આસપાસનગરમાં રહે છે, તે પાર્સલ પિકઅપ અને ડિલિવરી માટે આવતો હતો. નિયમ મુજબ ગ્રાહકો દ્વારા જે ઓર્ડર કેન્સલ કરવામાં આવે છે, તે પાર્સલ કુરિયર બોયે મુખ્ય ઓફિસ પર પરત જમા કરાવવાના હોય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી કેન્સલ થયેલા પાર્સલો ઓફિસ સુધી પહોંચતા જ ન હોવાથી વેપારીને કુરિયર બોય ભાવેશની કામગીરી પર ભારે શંકા ઉપજી હતી.

પોતાની શંકાની ખાતરી કરવા માટે વેપારી પ્રમોદભાઈ અને તેમના ભાગીદારોએ એક યોજના બનાવી હતી. બે દિવસ પહેલા જ્યારે ભાવેશ પાર્સલ સ્કેન કરવા માટે ઓફિસે આવ્યો ત્યારે તેણે કન્ફર્મ થયેલા અને કેન્સલ થયેલા પાર્સલોના અલગ-અલગ પોટલાં બનાવીને ઓફિસની બહાર મૂકી દીધા હતા. બપોરે સાંજે 4 વાગ્યાના સુમારે વેપારી પ્રમોદભાઈ અને તેમના ભાગીદારો બ્રિજેશભાઈ તથા જુગલભાઈએ માર્કેટના પરિસરમાં છુપાઈને ભાવેશની તમામ પ્રવૃત્તિઓ પર કડક નજર રાખી હતી. આ દરમિયાન ભાવેશે માર્કેટમાં ટેમ્પો આવતા જ કન્ફર્મ થયેલા પાર્સલ લિફ્ટ મારફતે નીચે મોકલી ટેમ્પોમાં ભરાવી દીધા હતા, પરંતુ કેન્સલ થયેલા પાર્સલનું પોટલું લિફ્ટમાં મૂકવાને બદલે દાદર વાટે ગુપચુપ નીચે ઉતારીને બેઝમેન્ટમાં આવેલા એક પિલરની પાછળ સંતાડી દીધું હતું.

ત્યારબાદ સાંજે આશરે 6:30 વાગ્યાના સુમારે ભાવેશ પોતાની મોપેડ સવાર થઈને બેઝમેન્ટમાં સંતાડેલું કેન્સલ પાર્સલનું પોટલું લેવા માટે આવ્યો હતો. તે પોટલું ઉપાડીને જવાની તૈયારીમાં જ હતો કે તરત જ અગાઉથી વોચ ગોઠવીને બેઠેલા વેપારીઓએ તેને ચારેય તરફથી ઘેરી લીધો હતો. તેને પકડીને ઓફિસમાં લાવવામાં આવ્યો હતો અને કડક પૂછપરછ કરવામાં આવી હતી. સતત પૂછપરછ સામે ભાંગી પડેલા ભાવેશે સ્વીકાર્યું હતું કે તે છેલ્લા 15 દિવસથી આ જ પદ્ધતિથી કેન્સલ થયેલા પાર્સલોની ચોરી કરતો હતો. તે સમયે તેની પાસેથી મળી આવેલા પોટલામાંથી અંદાજે 50 જેટલા કેન્સલ થયેલા પાર્સલ મળી આવ્યા હતા, જેની આશરે બજાર કિંમત 30,000 જેટલી થાય છે.

આ ઘટનાની જાણ થતાં જ માર્કેટના અન્ય વેપારીઓ પણ ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. સ્થિતિને ધ્યાને રાખીને વેપારી પ્રમોદભાઈએ તાત્કાલિક ધોરણે પોલીસ કંટ્રોલ રૂમ 112 પર ફોન કરીને સમગ્ર બાબતની જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે આરોપી ભાવેશ ભાંભરેને તાબામાં લીધો હતો. પ્રમોદ સહારણની ફરિયાદના આધારે પુણા પોલીસે આરોપી કુરિયર બોય વિરુદ્ધ ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# કોલંબિયામાં ભૂકંપથી 132 લોકોનાં મોત, 570 ઘાયલ

## 86 ઈમારતો ધરાશાયી, 1500થી વધુ ઘરોને નુકસાન, સાત એરપોર્ટ પર કામ બંધ



કોલંબિયા, તા.11

દક્ષિણ અમેરિકા ખંડના પ્રમુખ દેશ કોલંબિયામાં સોમવારે રાત્રે આવેલા 7.4 ની અતિ વિનાશક તીવ્રતાના શક્તિશાળી ભૂકંપના કારણે ભારે તારાજી સર્જાઈ છે. આ ભયાનક કુદરતી હોનારતમાં અત્યાર સુધીમાં 132 થી વધુ નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હોવાના દુઃખદ અહેવાલ પ્રાપ્ત થયા છે, જ્યારે 570 થી વધુ નાગરિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સ્થાનિક સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભૂકંપના તીવ્ર આંચકાના કારણે દેશભરમાં 86 જેટલી બહુમાળી અને મોટી ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ છે, જ્યારે 1,500 થી વધુ રહેણાંક ઘરોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત પ્રજાની આરોગ્ય સુરક્ષા અને શિક્ષણ સાથે જોડાયેલા 18 આરોગ્ય કેન્દ્રો તેમજ 52 જેટલી શાળાઓના મકાનો પણ ક્ષતિગ્રસ્ત થયા છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરક્ષાના ભાગરૂપે દેશના 7 મુખ્ય એરપોર્ટ પર તમામ ફ્લાઈટ્સ અને કામગીરી તાત્કાલિક અસરથી રોકી દેવામાં આવી છે. સ્થિતિ વધુ વણસતી અટકાવવા માટે ભૂકંપથી સૌથી વધુ પ્રભાવિત પાંચ મોટા શહેરોમાં રેડ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. દેશના રાષ્ટ્રપતિએ ત્વરિત ધોરણે ઈમરજન્સી કમિટીની ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવીને આપત્તિ વ્યવસ્થાપન, રાહત અને બચાવ અભિયાનની જાતે દેખરેખ રાખવાનું શરૂ કરી દીધું છે.

આ ભયાનક આપત્તિમાં પેરેરા નામના શહેરમાં સૌથી વધુ હોનારત સર્જાઈ છે, જ્યાં એકલા આ જ શહેરમાં 60 થી વધુ લોકોના મોત નીપજ્યા છે. આશરે 5 લાખની ગીચ વસ્તી ધરાવતું પેરેરા શહેર ભૂકંપના મુખ્ય કેન્દ્રબિંદુથી માત્ર 64 કિલોમીટરથી પણ ઓછા અંતરે આવેલું હોવાના કારણે ત્યાં સૌથી વધુ વિનાશ જોવા મળ્યો છે. દેશની રાજધાની બોગોટા સહિતના અન્ય અનેક નાના-મોટા શહેરોમાં પણ ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા, જેના કારણે ભારે ડર અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સાવચેતીના પગલારૂપે હજારો લોકો પોતાની ઈમારતો અને ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા અને ખુલ્લા રસ્તાઓ પર રાત વિતાવવા મજબૂર બન્યા હતા. અમેરિકી ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ એટલે કે USGS દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, આ વિનાશક ભૂકંપ સોમવારે સવારે સ્થાનિક સમય મુજબ લગભગ 7:34 વાગ્યે આવ્યો હતો. તેનું મુખ્ય કેન્દ્રબિંદુ ચોકો વિસ્તારમાં આવેલા સાન જોસ ડેલ પાલમાર નજીક નોંધાયું હતું. જમીનની અંદર આ ભૂકંપની ઊંડાઈ આશરે 107 કિલોમીટર જેટલી હતી. રાજધાની બોગોટાના મેયર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોના નાગરિકોની મદદ માટે તાત્કાલિક ધોરણે 6 મોટા કલેક્શન સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો પર પીવાનું શુદ્ધ પાણી, ગરમ ધાબળા, પેક્ડ ફૂડ, સ્વચ્છતાની સામગ્રી અને ફર્સ્ટ-એઈડ કીટ જેવી આવશ્યક ચીજવસ્તુઓ એકત્રિત કરીને અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચાડવામાં આવી રહી છે. આ ઉપરાંત સૌથી વધુ પ્રભાવિત શહેરોમાં યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કાર્ય ચલાવવા માટે બોગોટાથી 100 થી વધુ ખાસ તાલીમબદ્ધ બચાવકર્મીઓની ટીમ રવાના કરવાની પૂર્ણ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

ભૌગોલિક દ્રષ્ટિએ જોઈએ તો કોલંબિયા વિશ્વના સૌથી વધુ ભૂકંપ સંવેદનશીલ અને પ્રભાવિત દેશોમાં ગણાય છે, જ્યાં દર વર્ષે નાની-મોટી તીવ્રતાના એક હજારથી પણ વધુ ભૂકંપ નોંધાય છે. કોલંબિયામાં વારંવાર આવતા ભૂકંપ પાછળનું સૌથી મોટું કારણ તેની ભૌગોલિક રચના છે, કારણ કે આ દેશ 'રિંગ ઓફ ફાયર' તરીકે ઓળખાતા વિશ્વના સૌથી સક્રિય ભૂકંપ અને જ્વાળામુખી ક્ષેત્રમાં સ્થિત છે. આ વિસ્તારની જમીન નીચે નાઝકા, કોકોસ અને સાઉથ અમેરિકન જેવી વિશાળ અને પ્રમુખ ટેક્ટોનિક પ્લેટો એકબીજા સાથે સતત ટકરાતી રહે છે. કાળક્રમે આમાંથી એક પ્લેટ બીજી પ્લેટની નીચે ધસી જતી હોવાના કારણે જમીનની અંદર સતત પ્રચંડ હલચલ થતી રહે છે, જે આ પ્રદેશમાં અવારનવાર આવતા તેજ ભૂકંપ અને જ્વાળામુખીના ધડાકાઓ માટે મુખ્યત્વે જવાબદાર છે.

# ચીન બોલ્યું- ભારત દ્વારા અરુણાચલનો નકશો જાહેર કરવો ખોટું

## આનાથી ચીનનો દાવો બદલાશે નહીં, ભારતે 3 દિવસ પહેલા નકશો જાહેર કર્યો હતો



નવી દિલ્હી, તા.11

ચીને ભારત દ્વારા અરુણાચલ પ્રદેશના ૨૭ સ્થળોને પોતાના સત્તાવાર નકશા પર દર્શાવવાના પગલા સામે ભારે વિરોધ નોંધાવતા તેને 'અમાન્ય' ગણાવ્યું છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને મીડિયા સાથેની વાતચીત દરમિયાન સ્પષ્ટતા કરી હતી કે ચીન ભારત દ્વારા બહાર પાડવામાં આવેલા અરુણાચલ પ્રદેશના આ નવા અને સુધારેલા નકશાને કોઈપણ સંજોગોમાં માન્યતા આપતું નથી.

આ સમગ્ર ઘટનાક્રમ ત્યારે શરૂ થયો જ્યારે કેન્દ્ર સરકારે શુક્રવારે અરુણાચલ પ્રદેશના ૨૭ પ્રમુખ સ્થળો અને તેમની ભૌગોલિક વિશેષતાઓને ભારતના સત્તાવાર નકશા પર વિધિવત રીતે દર્શાવ્યા હતા. ભારત સરકારનું આ કડક પગલું ચીન દ્વારા વારંવાર અરુણાચલ પ્રદેશના વિવિધ સ્થળોના નામ બદલીને પોતાની દાવાખોરી સાબિત કરવાના પ્રયાસોના જવાબરૂપે લેવામાં આવ્યું છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સમગ્ર કામગીરી અરુણાચલ પ્રદેશની સ્થાનિક સરકાર સાથે યોગ્ય સલાહ-મશવરા કરીને હાથ ધરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ આ સ્થળોની સાચી અને ઐતિહાસિક ઓળખને મજબૂત કરવાનો તેમજ દેશના સામાન્ય નાગરિકોમાં જાગૃતિ વધારવાનો છે.

સરકાર દ્વારા આ નામોને સત્તાવાર નકશામાં સામેલ કરવા પાછળ વહીવટી પ્રક્રિયાને વધુ પારદર્શક અને સુગ્રથિત બનાવવાનો મુખ્ય હેતુ રહેલો છે. આ ફેરફારથી સરકારી રેકોર્ડમાં એકરૂપતા આવશે, જેથી રાજ્ય અને કેન્દ્ર સરકારના જુદા જુદા વિભાગો વચ્ચે વધુ સારો તાલમેલ શક્ય બનશે અને સાથે જ કુદરતી આપત્તિઓના સમયે રાહત તથા બચાવ કામગીરી પહોંચાડવામાં ઘણી સુગમતા રહેશે. જોકે, સરકારે એ બાબતે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરી નથી કે આ સુધારેલા નામોના આધારે સ્થાનિક લોકોના પાસપોર્ટ કે અન્ય અંગત દસ્તાવેજોમાં કોઈ ફેરફાર કરવામાં આવશે કે નહીં. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય આ સીમાવર્તી વિસ્તારોની સત્તાવાર ઓળખ સુનિશ્ચિત કરવાનો અને તેમને દેશના વહીવટી માળખામાં કાયદેસર રીતે સ્થાપિત કરવાનો છે.

નોંધનીય છે કે ચીન ભૂતકાળમાં પણ અનેક વખત અરુણાચલ પ્રદેશના વિવિધ વિસ્તારો, નદીઓ અને પર્વતોના પોતાની રીતે ચીની ભાષામાં નામોની યાદીઓ બહાર પાડી ચૂક્યું છે. ચીન અરુણાચલ પ્રદેશને પોતાના પ્રદેશ તરીકે દર્શાવવા માટે તેને 'ઝાંગનાન' નામથી ઓળખાવે છે. પરંતુ ભારતે ચીનની આ તમામ અવાસ્તવિક અને ગેરકાયદેસર કોશિશોને દર વખતે સખત શબ્દોમાં નકારી કાઢી છે. ભારત સરકારે વારંવાર સ્પષ્ટ કર્યું છે કે અરુણાચલ પ્રદેશ ભારતનો અવિભાજ્ય અને અખંડ ભાગ હતો, છે અને હંમેશા રહેશે, અને ચીનના આવા નામો બદલવાના નાટકથી ભારતના સાર્વભૌમત્વ અને ભૌગોલિક અખંડિતતા પર કોઈ જ ફેર પડતો નથી.

# લોન્ચના 85 સેકન્ડ બાદ રોકેટમાં જોરદાર બ્લાસ્ટ: અગનગોળો બન્યો ચીનનું 'બાહુબલી' રોકેટ, ઉડાન દરમિયાન ખામી સર્જાતા દુર્ઘટના બની

શાંઘાઈ, તા.11



આકાશમાં ઉડાન ભર્યાની ગણતરીની સેકન્ડોમાં જ એક ચીની રોકેટ હવામાં જ સળગીને અગનગોળો બની ગયું હતું. 10 ઓગસ્ટના રોજ સોમવારે લોન્ચ થયાની થોડી જ ક્ષણોમાં એક ગંભીર ધમાકો થયો હતો અને ચીનનું અતિ આધુનિક લોન્ગ માર્ચ-7A રોકેટ બ્લાસ્ટ થઈને નાશ પામ્યું હતું. આ રોકેટની અંદર એક કમ્યુનિકેશન સેટેલાઈટ રાખવામાં આવી હતી, જેને અંતરિક્ષમાં નિયત ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવાની હતી. પરંતુ ઉડાન દરમિયાન રોકેટમાં અચાનક કોઈ મોટી તાંત્રિક ખામી સર્જાઈ હતી અને સમગ્ર મિશન સંપૂર્ણપણે અસફળ રહ્યું હતું. વિદેશી ન્યૂઝ એજન્સી AFP ના રિપોર્ટ અનુસાર, ચીનના સરકારી મીડિયાએ આ ઘટનાને ઉડાન દરમિયાન સર્જાયેલી ખામી ગણાવીને બચાવ કરવાનો પ્રયાસ કર્યો છે. જોકે, સોશિયલ મીડિયા પર સામે આવેલા અનેક આબેહૂબ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે રોકેટ હવામાં જ બ્લાસ્ટ થઈ ગયું હતું. ચીન છેલ્લાં કેટલાક વર્ષોથી પોતાના સ્પેસ પ્રોગ્રામ એટલે કે અંતરિક્ષ કાર્યક્રમ પર અબજો ડોલરનું આંધળું રોકાણ કરી રહ્યું છે. ચીનનો મુખ્ય ટાર્ગેટ એ છે કે તે અમેરિકાની સ્પેસ એજન્સી નાસાને પાછળ છોડીને અંતરિક્ષ ક્ષેત્રે દુનિયાની સૌથી મોટી મહાસત્તા બની જાય. સોમવારે આ દુર્ઘટના ચીનના દક્ષિણી પ્રાંત હૈનાનમાં આકાર પામી હતી. હૈનાનમાં આવેલા વનચાંગ સ્પેસ લોન્ચ સેન્ટર પરથી રાત્રે 8 વાગીને 2 મિનિટે લોંગ માર્ચ-7A રોકેટને સ્પેસમાં જવા માટે લોન્ચ કરવામાં આવ્યું હતું. ચીનની સત્તાવાર સરકારી સમાચાર એજન્સી શિન્હુઆના જણાવ્યા અનુસાર, રોકેટની અંદર ઝોંગશિંગ-4બી નામનો અત્યાધુનિક સંચાર ઉપગ્રહ (કમ્યુનિકેશન સેટેલાઈટ) રાખવામાં આવ્યો હતો. શિન્હુઆએ સ્વીકાર્યું હતું કે ઉડાન દરમિયાન રોકેટમાં અણધારી ખામી સર્જાઈ હતી. હાલમાં આ ખામી કયા ચોક્કસ તાંત્રિક કારણોસર ઊભી થઈ તેની તપાસ ચીની વિજ્ઞાનીઓ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

સિંગાપોરની જાણીતી ન્યૂઝ ચેનલ 'ચેનલ ન્યૂઝએશિયા' એ ઈન્સ્ટાગ્રામ પર એક વિશેષ પોસ્ટ શેર કરીને દાવો કર્યો હતો કે રોકેટ હવામાં જ ભયાનક ધમાકા સાથે બ્લાસ્ટ થઈ ગયું હતું. ચેનલે ઘટનાસ્થળ પર હાજર લોકો દ્વારા શૂટ કરવામાં આવેલો વીડિયો પણ શેર કર્યો છે, જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો આકાશ તરફ અચરજથી જોઈ રહ્યા છે જ્યાં આગનો એક મોટો ભયાનક ગોળો દેખાઈ રહ્યો છે. હૈનાનના એક સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી લોન્ચિંગના થોડા કલાકો બાદ શેર કરવામાં આવેલા અન્ય એક વીડિયોમાં પણ રોકેટ ઉડાન ભર્યાની આશરે 85 સેકન્ડ પછી અચાનક આગની જ્વાળાઓમાં ફેરવાતું સ્પષ્ટ દેખાયું હતું. તે પછી આકાશમાં કાળા ધુમાડાનો વિરાટ ગુબાર છવાઈ ગયો હતો અને રોકેટના સળગતા ટુકડાઓ જમીન તથા સમુદ્ર તરફ નીચે પડતા જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે ચીને જુલાઈ મહિનામાં જ પહેલીવાર એક એવા રોકેટનું સફળતાપૂર્વક પૃથ્વી પર પાછું લેન્ડિંગ કરાવ્યું હતું, જેને ભવિષ્યમાં ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેમ હતું. ચીનની અંતરિક્ષ એજન્સીના જણાવ્યા મુજબ, તે તેમના સ્પેસ પ્રોગ્રામ માટે એક ઐતિહાસિક સફળતા હતી, કારણ કે આવા રિયુઝેબલ રોકેટોના ઉપયોગથી અંતરિક્ષ મિશનોનો મોટો ખર્ચ ઘટાડવામાં મદદ મળે છે. ચીનનું આગામી મોટું લક્ષ્ય વર્ષ 2030 પહેલા પોતાના અંતરિક્ષ યાત્રીઓને સુરક્ષિત રીતે ચંદ્રની સપાટી પર ઉતારવાનું છે. આ રેસમાં અમેરિકા પણ સામેલ છે અને તે પોતાના ડ્રીમ આર્ટેમિસ પ્રોગ્રામ દ્વારા ફરી એકવાર માણસોને ચંદ્ર પર મોકલવાની તીવ્ર તૈયારી કરી રહ્યું છે. દુનિયાની સૌથી મોટી સ્પેસ કંપની SpaceX ના CEO ઈલોન મસ્કે સોમવારે ચીની રોકેટના આ નિષ્ફળ લોન્ચિંગ સંબંધિત એક પોસ્ટ પર પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટિપ્પણી કરતા લખ્યું હતું કે અંતરિક્ષમાં જવા માટે રોકેટ બનાવવું એ અત્યંત જટિલ અને મુશ્કેલ કામ છે. સાથે જ તેમણે સકારાત્મક વલણ દાખવતા ઉમેર્યું હતું કે તેઓ આશા રાખે છે કે ચીની એન્જિનિયરો અને વિજ્ઞાનીઓ ટૂંક સમયમાં આ નિષ્ફળતાની સ્થિતિમાંથી બહાર આવી જશે.

# ટ્રમ્પની મીડિયા કંપનીને 2200 કરોડ રૂપિયાનું નુકસાન: 3 મહિનામાં માત્ર 16 કરોડની કમાણી, 6 મહિનામાં 6 હજાર કરોડનું નુકસાન થયું



વૉશિંગ્ટન, તા.11

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રખ્યાત મીડિયા કંપની 'ટ્રમ્પ મીડિયા એન્ડ ટેકનોલોજી ગ્રુપ' (TMTG) ને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬ ના બીજા ત્રિમાસિક ગાળા એટલે કે એપ્રિલથી જૂન દરમિયાન જંગી નાણાકીય ખોટનો સામનો કરવો પડ્યો છે. આ ત્રણ મહિનાના ગાળામાં કંપનીને આશરે ૨,૨૬૧ કરોડ રૂપિયાનું મોટું ચોખ્ખું નુકસાન નોંધાયું છે, જેની સામે કંપનીની કુલ આવક માત્ર ૧૬.૧૫ કરોડ રૂપિયા જેટલી અત્યંત સીમિત રહી હતી.

વર્ષ ૨૦૨૬ ના પ્રથમ છ મહિના એટલે કે જાન્યુઆરીથી જૂન સુધીના સમયગાળાના સમગ્ર આંકડાઓ પર નજર કરીએ તો TMTG નું કુલ નેટ નુકસાન ૬,૧૧૮ કરોડ રૂપિયાના અત્યંત ઊંચા સ્તરે પહોંચી ગયું છે. તેની સામે આ આખા અડધા વર્ષ દરમિયાન કંપની માત્ર ૨૩.૭૫ કરોડ રૂપિયાની જ કમાણી કરી શકી હતી. આ આંકડા દર્શાવે છે કે છ મહિનાના સમયગાળામાં કંપનીને થયેલું આર્થિક નુકસાન તેની કુલ કમાણી કરતાં આશરે ૨૫૮ ગણું વધારે રહ્યું છે.

કંપની દ્વારા અમેરિકી સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC) સમક્ષ રજૂ કરવામાં આવેલા સત્તાવાર નાણાકીય અહેવાલમાં જણાવાયું છે કે છેલ્લા ત્રણ મહિનામાં થયેલી આ ખોટ ગયા વર્ષના આ જ સમયગાળાની સરખામણીએ ઘણી વધારે છે. જોકે, હકારાત્મક પાસું એ રહ્યું છે કે ગયા વર્ષની સરખામણીએ કંપનીની કુલ કમાણીમાં ૮૯ ટકાનો સુધારો જોવા મળ્યો છે.

કંપનીના મેનેજમેન્ટ અનુસાર, આટલા મોટા પાયે થયેલા નુકસાન પાછળનું મુખ્ય કારણ ડિજિટલ એસેટ્સ, ડિજિટલ સંપત્તિઓને ગીરવે મૂકીને કરવામાં આવેલું રોકાણ અને શેરબજાર સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓમાં થયેલું નુકસાન છે. કંપનીએ ડિજિટલ એસેટ્સ સાથે સંબંધિત ૧,૮૦૯ કરોડ રૂપિયાનું અનરિયલાઈઝ્ડ એટલે કે ન વેચાયેલું નુકસાન ચોપડે નોંધ્યું છે. આ ઉપરાંત, કંપનીના અન્ય ખર્ચાઓમાં આશરે ૧૧૧ કરોડ રૂપિયાનું વ્યાજ અને ૭૭ કરોડ રૂપિયા ચૂકવવામાં આવેલું સ્ટોક-આધારિત પેમેન્ટ પણ ઉમેરાયું હતું, જેના કારણે કુલ ખોટનો આંકડો ઘણો વધી ગયો હતો.

TMTG ની કમાણીના મુખ્ય સ્ત્રોતો વિશે વાત કરીએ તો કંપનીને થયેલી મોટાભાગની આવક તેના મુખ્ય મીડિયા કારોબારમાંથી જ પ્રાપ્ત થઈ છે. તેમાં કંપનીને જાહેરાતોના માધ્યમથી લગભગ ૧૩.૬ કરોડ રૂપિયા અને પ્લેટફોર્મ સબ્સ્ક્રિપ્શનમાંથી આશરે ૧.૭ કરોડ રૂપિયાની આવક થઈ હતી. કંપનીનું મુખ્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' છે, જ્યારે તે આ ઉપરાંત 'ટ્રુથ+' નામની વિડિયો સ્ટ્રીમિંગ સર્વિસ અને 'Truth.Fi' નામની ફિનટેક બ્રાન્ડનું પણ સંચાલન કરે છે. છેલ્લા એક વર્ષમાં કંપનીએ પોતાના વ્યાપારી હિતોનો વિસ્તાર કરતા ક્રિપ્ટોકરન્સી ક્ષેત્રે પણ પગપેસારો કર્યો છે.

સોશિયલ મીડિયા ક્ષેત્રે ટ્રુથ સોશિયલના યુઝર્સમાં મોટો ઘટાડો નોંધાયો છે. ડોનાલ્ડ ટ્રમ્પે વર્ષ ૨૦૨૨ માં ખાસ કરીને પોતાના સમર્થકો માટે આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ શરૂ કર્યું હતું, પરંતુ તે X (અગાઉનું ટ્વિટર) કે ફેસબુક જેવી વૈશ્વિક જાયન્ટ કંપનીઓ જેટલી લોકપ્રિયતા હાસિલ કરી શક્યું નથી. ન્યૂયોર્ક ટાઈમ્સે ઓનલાઈન ટ્રાફિક અને ડેટા વિશ્લેષણ કરતી કંપની સિમિલરવેબના રિપોર્ટને ટાંકીને જણાવ્યું હતું કે જુલાઈ ૨૦૨૬ માં ટ્રુથ સોશિયલની વેબસાઈટ પર આવનારા લોકો અને વિઝિટર્સની સંખ્યા ગયા વર્ષની સરખામણીએ એક તૃતીયાંશ કરતાં પણ વધુ ઘટી ગઈ છે. TMTG ના શેર અમેરિકી શેરબજાર નાસ્ડેક પર 'DJT' કોડ નામ હેઠળ ટ્રેડ થાય છે. કંપનીના આ નબળા નાણાકીય પરિણામો જાહેર થયા બાદ સોમવારે તેના શેરમાં ૮ ટકા જેટલો ભારે ઘટાડો નોંધાયો હતો.


આર્થિક સંકટ વચ્ચે TMTG એ આવકના નવા સ્ત્રોત ઊભા કરવા માટે ૧ ઓગસ્ટથી 'ટ્રુથ API' નામની એક નવી ટેકનોલોજીકલ સેવા શરૂ કરી છે. આ સેવાનો મુખ્ય હેતુ કોર્પોરેટ કંપનીઓને ડોનાલ્ડ ટ્રમ્પની ટ્રુથ સોશિયલ પરની પોસ્ટ્સ સત્તાવાર રીતે સીધી અને સામાન્ય લોકો કરતાં વધુ ઝડપથી પહોંચાડવાનો છે.

કંપનીના વચગાળાના CEO કેવિન મેકગર્નના જણાવ્યા મુજબ, ટૂંક જ સમયમાં દેશ-વિદેશની ૧૦ જેટલી મોટી કંપનીઓએ આ સેવા ખરીદી લીધી છે, જેના માટે તેઓ દર મહિને આશરે ૫૭ લાખથી લઈને ૯૫ લાખ રૂપિયા સુધીનું જંગી ભાડું ચૂકવી રહી છે. કંપનીઓ ટ્રમ્પની સોશિયલ મીડિયા પોસ્ટ્સ એટલી બધી ઝડપથી મેળવવા માટે લાખો રૂપિયા ખર્ચી રહી છે કારણ કે રાષ્ટ્રપતિ ટ્રમ્પની સોશિયલ મીડિયા પોસ્ટ્સની વૈશ્વિક શેરબજારો અને કોમોડિટી બજારો પર ત્વરિત અને વ્યાપક અસર પડે છે. ઉદાહરણ તરીકે, જો ટ્રમ્પ કોઈ દેશ અથવા ઉત્પાદન પર નવો ટેરિફ કે ટેક્સ લગાવવાની આશંકા વ્યક્ત કરતી કોઈ પોસ્ટ કરે, તો તે દેશ અથવા સંબંધિત ઉદ્યોગ સાથે જોડાયેલી કંપનીઓના શેરમાં ક્ષણવારમાં મોટો ઉછાળો કે કડાકો આવી શકે છે. આવી સ્થિતિમાં, જો કોઈ કંપનીને ટ્રમ્પનું નિવેદન અન્ય બજાર ખેલાડીઓ કરતાં થોડી સેકન્ડો કે મિનિટો પહેલા મળી જાય, તો તે કંપનીને બજારમાં યોગ્ય અને નફાકારક નિર્ણયો લેવા માટે કિંમતી સમય મળી રહે છે.

# સીરિયામાં પૂર્વ રાષ્ટ્રપતિ અસદને ફાંસીની સજા: લાખો લોકોના મોત માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા, પિતરાઈ ભાઈને પાંજરામાં કોર્ટમાં લાવવામાં આવ્યો

દમાસ્કસ, તા.11

સીરિયાની એક અદાલતે મંગળવારે દેશના પૂર્વ રાષ્ટ્રપતિ બશર અલ-અસદ તેમજ તેમના નાના ભાઈ માહેર અલ-અસદને મૃત્યુદંડ એટલે કે ફાંસીની સજા સંભળાવીને એક ઐતિહાસિક અને ચોંકાવનારો ફેંસલો આપ્યો છે. અદાલતે આ બંને ભાઈઓને વર્ષો સુધી ચાલેલા ભયાનક ગૃહયુદ્ધ દરમિયાન હજારો નિર્દોષ નાગરિકોની નિર્મમ હત્યા કરવા અને લોકો પર અમાનુષી અત્યાચાર ગુજારવાના ગંભીર ગુનાઓમાં દોષિત ઠેરવ્યા છે. આ જ બહુચર્ચિત કેસમાં બશર અલ-અસદના મામાના દીકરા અતીફ નજીબને પણ કોર્ટ દ્વારા ફાંસીની સજા સંભળાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે બશર અલ-અસદ અને માહેર અલ-અસદ ડિસેમ્બર ૨૦૨૪ માં પોતાની સત્તા ગુમાવ્યા બાદ તુરંત જ રશિયા ભાગી ગયા હતા, જ્યાં વ્લાદિમીર પુતિનની સરકારે તેમને રાજકીય શરણ આપી છે. આવી સ્થિતિમાં અદાલતે આ બંને અગ્રણી નેતાઓની ગેરહાજરીમાં જ આ આકરો ચુકાદો સંભળાવ્યો છે. બીજી તરફ, બશરનો પિતરાઈ ભાઈ અતીફ નજીબ દેશ છોડીને રશિયા ભાગવામાં નિષ્ફળ રહ્યો હતો, જેના કારણે જાન્યુઆરી ૨૦૨૫ માં સીરિયાની નવી સરકારે તેની ધરપકડ કરી લીધી હતી. મંગળવારે સુનાવણી દરમિયાન તેને ચુસ્ત અને કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે અદાલતમાં હાજર કરવામાં આવ્યો હતો. તેને કેદીનો ખાસ યુનિફોર્મ પહેરાવીને એક લોખંડના પાંજરામાં પૂરીને કોર્ટરૂમમાં લાવવામાં આવ્યો હતો. અતીફ નજીબ ભૂતકાળમાં સીરિયન સેનામાં બ્રિગેડિયર જનરલ જેવા ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવી ચૂક્યો છે અને વર્ષ ૨૦૧૧ માં જ્યારે આંદોલન શરૂ થયું ત્યારે તે દારા પ્રાંતમાં રાજકીય સુરક્ષા શાખાના મુખ્ય વડા તરીકે તૈનાત હતો. તે અસદ સરકારના સૌથી શક્તિશાળી અને પ્રભાવશાળી અધિકારીઓમાંથી એક છે, જેની સામે સીરિયાની કોર્ટમાં કાયદેસરનો કેસ ચલાવવામાં આવ્યો હોય.



અતીફ નજીબ પર ગંભીર આરોપ છે કે તેણે ૨૦૧૧ માં સરકાર વિરોધી પ્રદર્શનકારીઓ સામે અત્યંત ક્રૂરતાપૂર્વક કડક કાર્યવાહી કરવાનો સીધો આદેશ આપ્યો હતો. તેના આ અમાનવીય આદેશ બાદ જ સમગ્ર સીરિયામાં વિરોધ પ્રદર્શનોએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું, જે પાછળથી આશરે ૧૪ વર્ષ સુધી ચાલેલા ભયાનક અને વિનાશક ગૃહયુદ્ધમાં ફેરવાઈ ગયું હતું. આ દીર્ઘકાલીન ગૃહયુદ્ધ દરમિયાન લગભગ ૫ લાખ જેટલા નિર્દોષ નાગરિકો અને સૈનિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા.

સીરિયામાં આ ભયાનક ગૃહયુદ્ધની શરૂઆત માર્ચ ૨૦૧૧ માં દારા શહેરથી થઈ હતી, જ્યારે શાળાના કેટલાક નાદાન બાળકોએ એક દીવાલ પર સરકાર વિરોધી સૂત્રો લખ્યા હતા. આ સૂત્રો તે સમયે અરબ દેશોમાં વાવાઝોડાની જેમ ફેલાયેલા લોકશાહી સમર્થક આંદોલન 'આરબ સ્પ્રિંગ' થી પ્રેરિત હતા. તત્કાલીન પોલીસે તે બાળકોની અટકાયત કરી લીધી હતી અને જેલમાં બાળકોને અત્યંત નિર્દયતાથી ઢોર માર મારવામાં આવ્યો હતો. તેમને વીજળીના ઝટકા આપવામાં આવ્યા હતા અને માનવતા નેવે મૂકીને અન્ય દમનકારી યાતનાઓ આપવામાં આવી હતી. સરકારના આ આકરા અને ક્રૂર વલણથી નારાજ થઈને દેશના આક્રોશિત નાગરિકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.

શરૂઆતના તબક્કે આ વિરોધ પ્રદર્શનો સંપૂર્ણપણે શાંતિપૂર્ણ હતા, પરંતુ અસદ સરકારે તેને દબાવવા માટે હિંસક બળપ્રયોગ કર્યો હતો. સેનાના ગોળીબારમાં અનેક લોકો માર્યા ગયા અને હજારો નાગરિકોની ગેરકાયદેસર અટકાયત કરવામાં આવી. સરકારના આ અત્યાચાર સામે રક્ષણ મેળવવા માટે આખરે કેટલાક પ્રદર્શનકારીઓએ હથિયાર ઉઠાવી લીધા અને જોતજોતામાં આખો દેશ ભયાનક ગૃહયુદ્ધની લપેટમાં આવી ગયો. આ લડાઈ સતત ૧૪ વર્ષ સુધી ચાલતી રહી, જેમાં અંદાજે ૫ લાખ લોકોના મોત થયા, જ્યારે કરોડો નાગરિકોને પોતાના ઘરબાર છોડીને શરણાર્થી તરીકે અન્ય દેશોમાં ભટકવા મજબૂર બનવું પડ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય જંગમાં રશિયા અને ઈરાને અસદ સરકારને સૈન્ય અને નાણાકીય ટેકો આપ્યો હતો, જ્યારે તુર્કીયે, અમેરિકા અને અન્ય પાશ્ચાત્ય દેશોએ અલગ-અલગ વિદ્રોહી જૂથોને ખુલ્લું સમર્થન પૂરું પાડ્યું હતું. બશર અલ-અસદ વિરુદ્ધ કોઈ પણ ફોજદારી અને માનવતા વિરોધી કેસમાં આવેલો આ સૌપ્રથમ ઐતિહાસિક ચુકાદો છે. ડિસેમ્બર ૨૦૨૪ માં વિદ્રોહી દળોએ અચાનક મોટો હુમલો કરીને રાજધાની દમાસ્કસ પર સંપૂર્ણ કબજો કરી લીધો હતો અને અસદ સરકારને સત્તા પરથી ઉથલાવી દીધી હતી. આ સાથે જ ૧૯૭૧ થી સીરિયા પર એકહથ્થુ શાસન ચલાવી રહેલા અસદ પરિવારનો પચાસ વર્ષ કરતાં પણ વધુ જૂનો એટલે કે ૫૩ વર્ષ જૂનો શાસનકાળ કાયમ માટે સમાપ્ત થઈ ગયો હતો. પોતાની સરકાર પડી ભાંગે તે પહેલાં જ બશર અલ-અસદ ગુપચુપ દેશ છોડીને ભાગી ગયા હતા. ત્યારબાદ સીરિયા પર બળવાખોર જૂથના પ્રમુખ નેતા અહેમદ અલ-શરાનો પૂર્ણ કબજો થઈ ગયો હતો અને તેમના નેતૃત્વમાં નવી સરકારની રચના કરવામાં આવી હતી. નવી સરકારે અસદ શાસન દરમિયાન નિર્દોષ લોકો પર થયેલા અત્યાચારો, શારીરિક શોષણ અને નરસંહારના કેસોની નિષ્પક્ષ તપાસ માટે વિશેષ પ્રક્રિયા શરૂ કરી હતી.

## તંત્રી લેખ

# સંસદમાં અગત્યના બીલો બાબતે હજી પણ અસમંજસ

સંસદનું ચોમાસુ સત્ર હવે ત્રણ દિવસમાં પુરુ થઈ રહ્યું છે. જોકે મહિલા અનામત, સિમાંકન અને એફસીઆરએ જેવા અગત્યના બીલો બાબતે હજી પણ અસમંજસની પરિસ્થિતિ છે. એવા સમાચાર છે કે સરકાર આ અગત્યના બીલો બાબતે કોઈ ઉતાવળ કરવા માંગતી નથી. કોંગ્રેસ અને મોટા ભાગના વિરોધ પક્ષોએ સિમાંકન અને એફસીઆર બીલનો વિરોધ કર્યો છે છતાં પણ સરકારે એમનો સંપર્ક કર્યો ત્યારે કેટલાક વિરોધ પક્ષો નરમ પડયા હતા. સરકાર સિમાંકન બીલ અને મહિલા અનામત બીલ પસાર કરવા માટે ડીએમકે અને એનસીપી (શરદ પવાર)નો ટેકો મેળવવા એફસીઆરએ બીલ બાબતે બાંધછોડ કરવા તૈયાર છે. સંસદની બિઝનેસ એડવાઈઝરી કમીટી (બીએસી)ની બેઠકમાં બચેલા બાકીના દિવસોનો એજન્ડા તૈયાર કરવામાં આવશે. આજે નક્કી થયેલા એજન્ડામાં નવા ચાર બીલો રજુ કરવાની વાત કરવામાં આવી હતી, પરંતુ એફસીઆરએ સુધારા બીલનો ઉલ્લેખ નથી.

એમ લાગે છે કે આજકાલ આરએસએસના વડા મોહન ભાગવતના ગ્રહો વંકાયા છે. જેન ઝી બાબતે કરેલા નિવેદન પછી એમનો દંભ ઉઘાડો પડી ગયો હતો. હવે અનામત સંદર્ભે એમણે કરેલા નિવેદનથી બહુજન સમાજ પાર્ટી (બીએસપી)ના સુપ્રિમો માયાવતી નારાજ થઈ ગયા છે. એમણે સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'દેશના બહુજન સમાજ અને ખાસ કરીને એસસી, એસટી તેમજ ઓબીસી માટે અનામતની અગત્યતા ઘણી છે. આત્મ સન્માનની જિંદગી જીવવા માટે અનામત ચાલુ રહેવી જોઈએ. આ લોકો જાતીને આધારે વર્ષોથી પછાત રહી ગયા છે. ક્રિમિલેયરની વાત કરવી બાબા સાહેબ આંબેડકરના બંધારણની વિરુદ્ધ છે. સ્વેચ્છાએ અનામત છોડી દેવાની વાત અન્યાયી છે. શું આરએસએસને આની ખબર નથી? આરએસએસને મારે કહેવું છે કે તેઓ અનામત બાબતે રાજકારણ કરવાનું છોડી દે.'

'નેશનલ એકેડમી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ' (એનએએલએસએઆર) હૈદરાબાદનો દિક્ષાંત સમારોહ વિવાદમાં ફસાયો છે. આ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે સીજેઆઇ સૂર્યકાંતને બોલાવવામાં આવ્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીને અપીલ કરી છે કે, આ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે સીજેઆઇને બોલાવવામાં આવે નહીં. આ વિદ્યાર્થીઓ જંતર મંતર ખાતે થયેલા દેખાવ વખતે સીજેઆઇએ કરેલી ટીપ્પણીથી નારાજ છે. પોલીસ અત્યાચાર બાબતે સુપ્રિમ કોર્ટમાં અરજી કરવામા આવી ત્યારે સીજેઆઇએ તરત સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો. યુનિવર્સિટીને અલગ અલગ બેચના વિદ્યાર્થીઓએ પત્ર મોકલ્યો છે. એનએએલએસએઆરના દિક્ષાંત સમારોહમાં સીજેઆઇને બોલાવવાની પરંપરા છે. દિક્ષાંત સમારોહની તારીખ હજી નક્કી થઈ નથી. સીજેઆઇએ પોલીસ અત્યાચારનો વીડિયો જોવાની ના પાડી હતી એનાથી પણ વિદ્યાર્થીઓ નારાજ છે.

પ્રયાગરાજ શહેરના દરિયાબાગ મહોલ્લામાં પાર્કની જમીન અને એની સાથે જોડાયેલી ૨૦ ફૂટ પહોળા રસ્તાનો ગેરકાયદેસર કબજો કરવા માટે ૨૦ વર્ષ પછી હવે તપાસ થશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સૂચના પર ડીએમ મનિષકુમાર વર્માએ એડીએમ સીટી સત્યમકુમાર મિશ્રા, પ્રયાગરાજ વિકાસ પ્રાધીકરણ (પીડીએ)ના સચીવ વિનિતકુમાર સિંહ અને ડીસીપી સીટી મનિષ શાંદીલ્યની આગેવાની હેઠળ એક એસઆઈટીની રચના કરી છે. વર્ષ ૨૦૦૦માં જ્યારે ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીની સરકાર હતી ત્યારે આઝમ ખાન પોતે નગર વિકાસ મંત્રી હતા. તા. ૧૪-૧૫ અને ૧૮મી ઓગસ્ટે જાહેર રજાઓ હતી. એ વખતે માફિયા અતિક અહમદ અને એના માણસોએ પાર્કની જમીન પર કબજો કરી લીધો હતો. સ્થાનિક રહેવાસીઓએ એનો વિરોધ કર્યો હતો, પરંતુ આઝમ ખાનના અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરી નહોતી. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલને એકાએક પ્રશાંત ભૂષણની યાદ આવી ગઈ છે.

**આ માલગાડી ચીનથી નીકળીને કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઈરાન થઈને અફઘાનિસ્તાન સુધી પહોંચી હતી. આમ ચીને પાંચ દેશોને સાધીને પોતાનો નવો ટ્રેડ રેલવે કોરિડોર શરૂ કરવાના મજબૂત સંકેત આપી દીધા છે. જાણકારોના મતે આ રૂટ ચીનના બહુપ્રતિક્ષિત '૫ નેશન્સ રેલવે કોરિડોર'નો ભાગ છે, જેને મધ્ય એશિયાના દેશો માટે એક માઇલસ્ટોન માનવામાં આવી રહ્યો છે : જાણકારો માને છે કે, હાલમાં ચીન ગ્વાદરને છોડી રહ્યું નથી, તે માત્ર એક નવો રસ્તો બનાવી રહ્યું છે**

# અમેરિકા-ઈરાન જંગ વચ્ચે ચીને હેરાત સુધી રેલ કોરિડોર બનાવી દીધો!

## અમેરિકા મધ્ય એશિયામાં બળથી કબજો કરવા માગે છે ત્યાં ચીને કળથી વેપારના નામે પાંચ દેશોનો સાધી લીધા



આ માલગાડી ચીનથી નીકળીને કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઈરાન થઈને અફઘાનિસ્તાન સુધી પહોંચી હતી. આમ ચીને પાંચ દેશોને સાધીને પોતાનો નવો ટ્રેડ રેલવે કોરિડોર શરૂ કરવાના મજબૂત સંકેત આપી દીધા છે. જાણકારોના મતે આ રૂટ ચીનના બહુપ્રતિક્ષિત '૫ નેશન્સ રેલવે કોરિડોર'નો ભાગ છે, જેને મધ્ય એશિયાના દેશો માટે એક માઈલસ્ટોન માનવામાં આવી રહ્યો છે : જાણકારો માને છે કે, હાલમાં ચીન ગ્વાદરને છોડી રહ્યું નથી, તે માત્ર એક નવો રસ્તો બનાવી રહ્યું છે. આ એટલા માટે પણ ફાયદાકારક છે કારણ કે ગ્વાદર એક પોર્ટ છે, જ્યારે હેરાત કોરિડોર એક રેલ ટ્રાન્ઝિટ હબ છે. તેનાથી જમીની કનેક્ટિવિટી મળશે અને જહાજો ઉપરના હુમલાના ભયથી રાહત મળશે : અમેરિકી પ્રતિબંધોથી ઘેરાયેલા ઈરાનને આર્થિક ઓક્સિજનની જરૂર છે, જ્યારે ચીનને સુરક્ષિત ઊર્જા અને વેપાર માર્ગોની જરૂર છે. ચીને ઈરાન સાથે ૪૦૦ અબજ ડોલરની ૨૫ વર્ષની દીર્ઘકાલીન વ્યૂહાત્મક ભાગીદારી કરી છે. ખાસ કરીને ચીને ઈરાનને આંતરરાષ્ટ્રીય સ્તરે એકલવાયું થતાં બચાવી લીધું અને તેને વેપારી માર્ગ પૂરો પાડયો. બીજી તરફ અફઘાનિસ્તાનમાં તાલીબાન શાસન સાથે પોતાના આર્થિક સંબંધો મજબૂત કર્યા

ચીને ફરી એક વાર અમેરિકાને વૈચારિક અને વ્યાપારિક યુદ્ધમાં મ્હાત આપી છે. ચીને બુદ્ધિના જોરે મધ્ય એશિયામાં બાજી પલટી નાખી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે અને ક્રૂડ તથા યુરેનિયમ માટે સંઘર્ષ ચાલે છે ત્યાં ડ્રેગને પોતાના મનસુબા પાર પાડી દીધા છે. ડ્રેગને પોતાનું પૂરૂં ધ્યાન એક નવા રેલવે રૂટ પર કેન્દ્રીય કર્યું હતું, જે આવનારા સમયમાં સૌથી મોટો ટ્રેડ કોરિડોર બની શકે છે. હાલમાં જ ચીને ઈરાનના રસ્તે અફઘાનિસ્તાનના હેરાત સુધી પોતાની પહેલી માલગાડી પહોંચાડી દીધી. જાણકારોના મતે ચીનના બેઈજિંગથી અફઘાનિસ્તાનના હેરાત સુધી ગયેલા આ માલગાડીમાં અંદાજે ૫૦૦ ટન માલ-સામાન હતો. જોકે, આ માત્ર એક ટ્રેનની વાત નથી, પરંતુ ચીન, ઈરાન અને અફઘાનિસ્તાન વચ્ચે બની રહેલા એક મોટા રેલ નેટવર્કની વાત છે, જે ચીનને સીધું પશ્ચિમ એશિયા અને મિડલ ઈસ્ટ સાથે જોડે છે.

અફઘાનિસ્તાનના 'ઓમિડ રેડિયો'ના એક અહેવાલ અનુસાર, ચીનથી ફાઈબરબોર્ડ અને અન્ય કન્સ્ટ્રક્શન મટિરિયલ્સ જેવી પ્રોડક્ટ્સ લઈને પહોંચેલી ટ્રેન પહેલા ઈરાન પહોંચી અને ત્યાંથી 'ખાફ' થઈને સીધી અફઘાનિસ્તાનના હેરાત પ્રાંત સુધી પહોંચી. રિપોર્ટમાં ઈરાન-અફઘાનિસ્તાન રેલવે કોરિડોરના પ્રમુખ મુસ્તફા રેઝાઈના હવાલાથી લખવામાં આવ્યું છે કે માલગાડીમાં સામાન બેઈજિંગથી ભરવામાં આવ્યો હતો, જેને રસ્તામાં ક્યાંય પણ ઉતારવાની કે ફરીથી ચડાવવાની જરૂર ન પડી. તે સીધી ચીનથી હેરાત સુધી પહોંચી ગયો. આ માલગાડી ચીનથી નીકળીને કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઈરાન થઈને અફઘાનિસ્તાન સુધી પહોંચી હતી. આમ ચીને પાંચ દેશોને સાધીને પોતાનો નવો ટ્રેડ રેલવે કોરિડોર શરૂ કરવાના મજબૂત સંકેત આપી દીધા છે. જાણકારોના મતે ચીને જે નવા રૂટનો ઉપયોગ કર્યો છે તે ચીનના બહુપ્રતિક્ષિત '૫ નેશન્સ રેલવે કોરિડોર'નો ભાગ છે, જેને મધ્ય એશિયાના દેશો માટે એક માઈલસ્ટોન માનવામાં આવી રહ્યો છે. આ માટે બેઈજિંગથી રવાના થતી ટ્રેન પહેલા કઝાકિસ્તાન પહોંચે છે અને ત્યાંથી તુર્કમેનિસ્તાનમાં એન્ટ્રી કરે છે. અહીંથી ટ્રેન ઈરાનના રેલવે નેટવર્કનો ઉપયોગ કરે છે અને ખાફ થઈને નવનિર્મિત 'ખાફ-હેરાત રેલવે લાઈન' દ્વારા અફઘાનિસ્તાનના હેરાત પ્રાંતમાં દાખલ થાય છે. ચીન અને ઈરાન વચ્ચે પહેલાં પણ ટ્રેન ચાલતી હતી, પરંતુ નવી વાત એ છે કે હવે તે ખાફના રસ્તે સીધી અફઘાનિસ્તાનના હેરાત સુધી પહોંચી રહી છે. ચીનનો આ એફએનઆરસી એટલે કે ફાઈવ નેશનલ રેલવે કોરિડોર એક નવી ભૌગોલિક અને વ્યૂહાત્મક ક્રાંતિનો શંખનાદ હતો. અમેરિકા જ્યાં બળ પ્રયોગ કરી રહ્યું છે ત્યાં ચીને સસ્તા સામાન અને ઝડપી સુવિધાના નામે કળપૂર્વક પાંચ દેશોનો સાધી લીધા છે. ઉલ્લેખનીય છે કે, હેરાત અફઘાનિસ્તાનમાં છે જે ઈરાનની સરહદની ખૂબ નજીક છે. એટલા માટે આ શહેર અફઘાનિસ્તાનને ઈરાનના રેલ નેટવર્ક સાથે જોડવા માટે મહત્વપૂર્ણ બની જાય છે. ખાફ-હેરાત રેલવે લાઈન આની મુખ્ય કડી છે. આ પ્રોજેક્ટ ૨૨૫કિલોમીટર લાંબો છે, જેમાંથી ૧૪૦ કિમીનો હિસ્સો અફઘાનિસ્તાનમાં છે અને બાકીનો ૮૫ કિ.મી વિસ્તાર ઈરાનમાં છે. મહત્ત્વની વાત એ છે કે, ૨૦૨૦માં આનો એક ભાગ શરૂ કરી દેવામાં આવ્યો હતો. હવે બેઈજિંગથી હેરાત સુધી માલગાડી ચલાવીને ચીને ૫ નેશન્સ રેલ કોરિડોર તરફ કદમ વધારી દીધા છે. જોકે, આમાં ચીન પહેલા અફઘાનિસ્તાન અને પછી ઈરાન પહોંચશે. જો ચીનનો ૫ નેશન્સ રેલ કોરિડોર બની જાય છે, તો ચીન માટે દરિયાઈ માર્ગો પર નિર્ભરતા ઘટી જશે. અત્યારે ચીનને હોર્મુઝ અને મલક્કા સ્ટ્રેટ પર નિર્ભર રહેવું પડે છે. આ ઉપરાંત, રીલોડિંગ જેવી ઝંઝટમાંથી મુક્તિ મળી જશે. એટલે કે ચીનથી જ સીધું માલનું લોડિંગ થશે જે ઈરાન કે અફઘાનિસ્તાનમાં ઉતરશે. તેવી જ રીતે ઈરાનથી માલ લોડ થશે તો તે સીધો બેઈજિંગ પહોંચશે. આનાથી લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે. આ રસ્તો ચીનના 'બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ' (મૂઈં)નો પણ એક હિસ્સો રહેશે, જે પાકિસ્તાન અને બલૂચિસ્તાનના પરંપરાગત રસ્તાને બદલે મધ્ય એશિયા સુધી પહોંચવાનો એક નવો વિકલ્પ આપશે.

મહત્ત્વની વાત એ છે કે, આ રૂટ ચીનને પરંપરાગત રસ્તાઓ પર નિર્ભરતા ઓછી કરીને મધ્ય એશિયા દ્વારા વેપારનો એક સુરક્ષિત વિકલ્પ આપે છે. વાસ્તવમાં ચીન અને ઈરાન લાંબા સમયથી એકબીજાના મહત્વપૂર્ણ ભાગીદાર છે. એવામાં અમેરિકાના હુમલાઓ પછી જ્યારે હોર્મુઝને બંધ કરવામાં આવ્યું ત્યારે ચીન પર પણ તેની અસર પડી.

આ સ્થિતિમાં આ કોરિડોર ચીનની તાકાત બની શકે છે. આમ જોવા જઈએ તો, બેઈજિંગે હેરાત સુધી ટ્રેન ચલાવીને મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે, જોકે હજુ પણ આને એક પડકાર માનવામાં આવી રહ્યો છે, કારણ કે આ માટે નિયમિત ટ્રેન સેવા, પર્યાપ્ત માલ વહન ક્ષમતા અને આખા કોરિડોરનું સતત કનેક્ટિવિટી જાળવી રાખવું ખૂબ જ જરૂરી બનશે.

જાણકારોના મતે ચીનનો પશ્ચિમ એશિયા સુધી પહોંચવાનો એક મુખ્ય રસ્તો પાકિસ્તાન દ્વારા ભૈંઈભ અને ગ્વાદર સાથે જોડાયેલો છે, પરંતુ અફઘાનિસ્તાન અને ઈરાનના રસ્તે બનનારી આ કનેક્ટિવિટી ચીનને એક અલગ વિકલ્પ આપી શકે છે. હકિકતે અત્યારે ચીન પાકિસ્તાનના ગ્વાદર થઈને અરબ સાગર સુધી પોતાની પહોંચ બનાવવા માંગે છે, પરંતુ જો તે હેરાત કોરિડોર સાથે જોડાય છે, તો ચીનથી મધ્ય એશિયા, ત્યાંથી અફઘાનિસ્તાન અને ઈરાન થઈને પશ્ચિમ એશિયા સુધી પહોંચી શકે છે. જાણકારો માને છે કે, હાલમાં ચીન ગ્વાદરને છોડી રહ્યું નથી, તે માત્ર એક નવો રસ્તો બનાવી રહ્યું છે. આ એટલા માટે પણ ફાયદાકારક છે કારણ કે ગ્વાદર એક પોર્ટ છે, જ્યારે હેરાત કોરિડોર એક રેલ ટ્રાન્ઝિટ હબ છે. તેનાથી જમીની કનેક્ટિવિટી મળશે અને જહાજો ઉપરના હુમલાના ભયથી રાહત મળશે.

ચીન માટે દરિયાઈ વેપાર માર્ગો હંમેશાં એક મોટી નબળાઈ રહ્યા છે. વર્તમાન સમયમાં ચીનનો ૮૦% થી વધુ ખનિજ તેલ અને વિદેશી વેપાર બે મુખ્ય દરિયાઈ ખાડીઓ ઉપર આધારિત છે. પહેલા ક્રમે આવે છે મલક્કાની ખાડી. સિંગાપોર અને મલેશિયા નજીક આવેલો આ સાંકડો દરિયાઈ માર્ગ અમેરિકી નૌકાદળના પ્રભાવ હેઠળ છે. યુદ્ધ કે તણાવની સ્થિતિમાં અમેરિકા આ માર્ગ બ્લોક કરી શકે છે, જેને 'મલક્કા ટ્રેપ' કહેવામાં આવે છે. બીજી તરફ હોર્મુઝની ખાડી. પસયન ગલ્ફમાં આવેલો આ માર્ગ ઈરાન અને અમેરિકા વચ્ચેના તણાવનું કાયમી કેન્દ્ર છે. ઈરાન પરના અમેરિકી પ્રતિબંધો કે લશ્કરી સંઘર્ષ વખતે હોર્મુઝમાંથી પસાર થતાં જહાજો પર ગંભીર ખતરો ઊભો થાય છે. ચીન-હેરાત રેલ કોરિડોર ચીનને આ બંને ચોકપોઈન્ટ્સથી સંપૂર્ણપણે મુક્તિ આપે છે. દરિયાઈ જહાજ દ્વારા જે માલ ચીનથી મિડલ ઈસ્ટ કે યુરોપ પહોંચાડવામાં ૬૦ થી ૯૦ દિવસ (૨ થી ૩ મહિના) લાગતા હતા, તે હવે જમીની રેલ માર્ગ દ્વારા માત્ર ૩૦ દિવસમાં પહોંચી જાય છે. આનાથી લોજિસ્ટિક્સ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થાય છે અને વિલંબનું જોખમ ઘટે છે.

જાણકારોના મતે મિડલ ઈસ્ટના તણાવ વચ્ચે ચીને આ એક માસ્ટરસ્ટ્રોક માર્યો છે. તેણે કોઈપણ જાતના વાદ-વિવાદ કે સંઘર્ષ વગર યુરેશિયા સુધી પોતાની પકડ મજબૂત બનાવી દીધી છે. આ મલ્ટિમોડલ રેલ કોરિડોરનું પરિવહન ખરેખર સમજવા જેવું છે. પશ્ચિમની ચીનમાં બેઈજિંગથી માલગાડીમાં સામાન ભરાશે. તે ચીન-કઝાક સરહદ ઓળંગીને મધ્ય એશિયાના દ્વાર કઝાકિસ્તાનમાં પહોંચશે. ત્યાંથી ઉઝબેકિસ્તાનના બુખારા શહેર સાથે આ કોરિડોર જોડાશે. તે મુખ્ય લોજિસ્ટિક હબ અને ટ્રાન્સફર પોઈન્ટ પણ બની શકે તેમ છે. ત્યાંથી રેલવે અથવા ટ્રકો દ્વારા માલસામાન તુર્કમેનિસ્તાનને પસાર કરી શકે છે. રેલવે લાઈનથી જ આ માલસામાન તુર્કમેનિસ્તાનમાંથી પસાર થઈને ઈરાન પહોંચશે. ઈરાનના ખાફ શહેરમાં આધુનિક રેલવે નેટવર્ક વિકસાવવામાં આવેલું છે. આ શહેર જ આ કોરિડોરનો પ્રાણ છે. ખાફ-હેરાત વચ્ચે ઘણા વર્ષથી રેલવે લાઈન દ્વારા માલસામાન અફઘાનિસ્તાનના પશ્ચિમી પ્રાંત હેરાતમાં જાય જ છે. હવે આ રેલવેલાઈન સાથે ચીનની રેલવે લાઈન જોડાઈ જવાથી છ દેશો વચ્ચે નવો વેપાર માર્ગ સ્થાપિત થઈ ગયો છે. ૭,૪૦૦ કિલોમીટરની આ રેલવે લાઈન દ્વારા માત્ર ૩૦ દિવસમાં માલસામાનનો વેપાર થશે જે દરિયાઈ માર્ગે ત્રણ મહિના જેટલો સમય લાગે છે. ચીને આ રૂટ કાર્યરત કરવા માટે જે સમય પસંદ કર્યા છે તે પણ ખૂબ જ સૂચક છે. પશ્ચિમ એશિયામાં અમેરિકી દળો અને ઈરાન સમર્થિત જૂથો વચ્ચે સતત સંઘર્ષ ચાલી રહ્યો છે. અમેરિકી પ્રતિબંધોથી ઘેરાયેલા ઈરાનને આર્થિક ઓક્સિજનની જરૂર છે, જ્યારે ચીનને સુરક્ષિત ઊર્જા અને વેપાર માર્ગોની જરૂર છે. ચીને ઈરાન સાથે ૪૦૦ અબજ ડોલરની ૨૫ વર્ષની દીર્ઘકાલીન વ્યૂહાત્મક ભાગીદારી કરી છે. જ્યારે અમેરિકા દરિયાઈ ક્ષેત્રમાં ઈરાન પર દબાણ વધારી રહ્યું હતું, ત્યારે ચીને જમીની માર્ગે ઈરાન અને અફઘાનિસ્તાન સાથે સીધો વેપાર સંબંધ સ્થાપિત કરી દીધો. આ પગલાંથી ચીને અનેક વ્યૂહાત્મક લાભ મેળવ્યા છે. ખાસ કરીને ચીને ઈરાનને આંતર્રાષ્ટ્રીય સ્તરે એકલવાયું થતાં બચાવી લીધું અને તેને વેપારી માર્ગ પૂરો પાડયો. બીજી તરફ અફઘાનિસ્તાનમાં તાલીબાન શાસન સાથે પોતાના આર્થિક સંબંધો મજબૂત કર્યા. તેના કરતા પણ વિશેષ અમેરિકી પ્રતિબંધોની ચિંતા કર્યા વગર યુરેશિયામાં પોતાની પકડ મજબૂત કરી.

# ધૈર્ય ક્ષમા અને આત્મશુદ્ધિથી જીવન યાત્રામાં સાચો વિજય મળે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે અષાડ માસનો છેલ્લો દિવસ એટલે દિવસો. આજથી દશામા વ્રત શરૂ થશે તો આવતી કાલથી શિવ આરાધના ઉપાસના વ્રત તપ તહેવારનો માસ શ્રાવણ એટલે આજે આપણે જોઈએ તો માણસ જન્મથી જ યાત્રી છે. આપણે બધા કોઈને કોઈ ગાડીમાં બેઠા છીએ. કોઈની સાથે થોડા સ્ટેશન સુધી, કોઈની સાથે આખી જિંદગી. રસ્તામાં કોઈ ધક્કો મારે છે, કોઈ આપણો સામાન આપણા પગ પર મૂકી દે છે, કોઈ અકારણ બોલી જાય છે. અને આપણે તરત નક્કી કરીએ છીએ કે આખી દુનિયા ખરાબ છે, માણસો સ્વાર્થી છે, જગ્યા ગંદી છે.

પરંતુ શું ખરેખર સમસ્યા બહાર છે? કે અંદર?આજે બે નાની કથાઓ દ્વારા ભગવાન કૃષ્ણ આપણને જીવનનું સૌથી મોટું રહસ્ય સમજાવે છે.એક રહસ્ય જે યુદ્ધ જીત્યા પછી પણ અર્જુનને શીખવું પડ્યું,અને જે આજે આપણા રોજિંદા ઝઘડા,તણાવ અને અશાંતિનું સમાધાન બની શકે છે. તે રહસ્ય છે:બહારની દુનિયા બદલવાનો પ્રયાસ કરતા પહેલા, પોતાને બદલો. યાત્રાને શાંતિથી પૂરી કરો, કારણ કે સાથી પ્રવાસીઓ કાયમ માટે નથી. મહાભારતનું યુદ્ધ સમાપ્ત થયું હતું. વિજય પછી પણ મનમાં શાંતિ નહોતી.એક દિવસ અર્જુન અને ભીમ ભગવાન શ્રીકૃષ્ણ સાથે હસ્તિનાપુરથી એક આશ્રમ તરફ જઈ રહ્યા હતા.રસ્તો લાંબો હતો, એટલે તેઓ સામાન્ય લોકોની જેમ એક સાદા બળદગાડામાં બેસી ગયા થોડે દૂર જતાં જ એક ગુસ્સાવાળો મુસાફર ચઢ્યો. તેના ખભા પર ભારે પોટલું હતું. તેણે વિચાર્યા વગર પોટલું એવી જગ્યાએ મૂક્યું કે તેનું બધું વજન સીધું અર્જુનના પગ અને ખભા પર આવી પડ્યું. એટલું જ નહીં,ગાડાના હચમચવા સાથે તે વારંવાર અર્જુનને ધક્કો પણ મારતો રહ્યો.

ભીમનો સ્વભાવ તો પહેલેથી જ અગ્નિ જેવો. તેનું લોહી ઊકળી ગયું તે તરત બોલ્યો, 'પાર્થ! આ માણસ તમને અપમાનિત કરી રહ્યો છે. તમે કહો તો એક જ ઘડીમાં તેને તેની જગ્યા બતાવી દઉં.'

અર્જુન હસ્યો. તેના ચહેરા પર કોઈ ક્રોધ નહોતો. તેણે ધીમેથી કહ્યું, 'ભાઈ ભીમ, ધીરજ રાખો.'

ભીમને આશ્ચર્ય થયું. 'શું અપમાન સહન કરવું એ જ બહાદુરી છે?' અર્જુને જવાબ આપ્યો જે આખા જીવનનો સાર બની ગયો: 'આપણે થોડી જ વારમાં આપણા મુકામે પહોંચી જઈશું અને ઉતરી જઈશું. આ માણસ પણ પોતાના રસ્તેજશે. જો હું આટલી નાની મુસાફરી માટે ગુસ્સે થઈશ,ઝઘડો કરીશ,તો નુકસાન આખરે મારું જ થશે. મારી શાંતિ જશે,મારો સમય જશે.' આ વાત સાંભળીને શ્રીકૃષ્ણ મંદમંદ હસ્યા.તેમણે કહ્યું,'પાર્થે આજે જીવનનું સૌથી મોટું સત્ય પામીલીધું આખી દુનિયા એક બળદગાડા જેવી છે.આપણે બધા તેમાં થોડા સમય માટે સાથે છીએ. કોઈ માન આપશે, કોઈ અપમાન કરશે. કોઈ સુખ આપશે,કોઈ દુ:ખ.જો આપણે દરેક નાની વાતે પ્રતિક્રિયા આપવા લાગીશું તો આપણે જ આપણી માનસિક શાંતિ ગુમાવી દઈશું.' કૃષ્ણે આગળ કહ્યું, 'માનવ જીવન અતિ દુર્લભ છે અને અતિ ક્ષણિક પણ છે. ક્યારે કોની યાત્રા પૂરી થઈ જાય તે કોઈ જાણતું નથી. એટલા માટે ક્ષમા, ધૈર્ય અને પ્રેમથી જીવવું એ જ સાચું શાણપણ છે.સૌથી મોટી શક્તિ હાથની નથી, તે મનને કાબૂમાં રાખવાની છે.'તે દિવસે ભીમે પણ સંકલ્પ લીધો. શક્તિનો ઉપયોગ ફક્ત જરૂર પડે ત્યાં જ કરવો, નહીંતર ધીરજથી કામ લેવું. કબૂતરના એક જોડાએ મહેનતથી માળો બનાવ્યો.પણ જેવા તેઓ તેમાં રહેવા ગયા કે તરત જ એક વિચિત્ર દુર્ગંધ આવવા લાગી. તેમણે વિચાર્યું માળો ખરાબ છે. એટલે બીજે નવો માળો બનાવ્યો. પણ ત્યાં પણ એ જ ગંધ.

નિરાશ થઈને તેઓએ આખો વિસ્તાર જ બદલી નાખ્યો. નવી ડાળીઓ,નવી જગ્યા,છતાંપરિણામ એ જ. દુર્ગંધ તેમનો પીછો નહોતી છોડતી. અંતે તેઓ એક વૃદ્ધ, જ્ઞાની કબૂતર પાસે ગયા. જ્ઞાની કબૂતર આવીને માળો જોઈને હસ્યો અને કહ્યું, 'બેટા,માળો બદલવાથી ગંધ નહીં જાય.કારણ કે ગંધ માળામાંથી નથી આવતી.તે તમારા પોતાના શરીરમાં થી આવે છે. જ્યારે તમે ખુલ્લામાં ઉડો છો ત્યારે તમને ખબર નથી પડતી.પણ જેવા તમે બંધ જગ્યામાં પ્રવેશો છો કે તરત જ તે ગંધ તમને આવે છે.પહેલા જાતને સાફ કરો. 'આ બે કથાઓ જુદી લાગે છે,પણ સંદેશ એક જ છે. આપણે બધા એક જ ગાડીમાં છીએ. ઓફિસમાં, ઘરમાં, સોસાયટીમાં,રસ્તા પર.કોઈ પાંચ મિનિટ માટે મળે છે,કોઈ પાંચ વર્ષ માટે.તો શું પાંચ મિનિટના માણસ માટે પાંચ દિવસ સુધી ગુસ્સો રાખવો યોગ્ય છે? અર્જુને કહ્યું તેમ, જો આપણે ટૂંકી યાત્રામાં જ ઝઘડીશું તો આપણે જ થાકી જઈશું. મોટા લોકો નાની વાતને મોટી નથી કરતા.

આપણે ખૂબ હોશિયાર છીએ બીજાની ખામી કાઢવામાં.આ સરકાર ખરાબ,આ પાડોશી ખરાબ, આ ઓફિસનું વાતાવરણ ખરાબ. પણ કબૂતરની જેમ આપણે ભૂલી જઈએ છીએ કે ઘણી વાર દુર્ગંધ આપણી પોતાની આદતોમાંથી આવે છે.આપણો અહંકાર,આપણી ઈર્ષા, આપણી ચીડચીડ, આપણી નકારાત્મકતા. જગ્યા બદલવાથી, નોકરી બદલવાથી,શહેર બદલવાથી જો અંદર નહીં બદલાય તો સમસ્યા પીછો નહીં છોડે. ગીતામાં ભગવાને કહ્યું છે: 'આત્મૈવ હ્યાત્મનો બંધુ:'માણસ પોતાનો જ મિત્ર છે અને પોતાનો જ શત્રુ પણ. આપણે જ આપણા જીવનના માળાને સાફ કરી શકીએ છીએ. ભીમ શરીરથી સૌથી શક્તિશાળી હતો, પણ તે દિવસે તેણે સમજ્યું કે સાચી શક્તિ મુઠ્ઠી બંધ કરવામાં નહીં,પણ મુઠ્ઠી ખોલીને માફ કરવા માં છે.ગુસ્સો એક ક્ષણનો હોય છે, પણ તેના પરિણામ વર્ષો સુધી ભોગવવા પડે છે. ધીરજ રાખનાર હારતો નથી, તે જીતે છે. કારણ કે તે પોતાની શાંતિ બચાવી લે છે. આજના સમયમાં આને કેવી રીતે જીવવું આ વાતો ફક્ત કથા નથી,તે પ્રેક્ટિસ છે.

કોઈએ કંઈ કહ્યું તો તરત જવાબ ન આપો.ચોવીસ કલાક રાહ જુઓ. નેવુ ટકા ઝઘડા એટલામાં જ સમાપ્ત થઈ જશે.દિવસના અંતે પાંચ મિનિટ પૂછો, આજે મેં કઈ દુર્ગંધ ફેલાવી? ગુસ્સો, ફરિયાદ, ટીકા? તેને કાલે ઓછી કરવાની કોશિશ કરો. ઘરના સભ્યો,ઓફિસના સાથીદારો બધા થોડા સમયના સાથી છે.કોઈ કાયમ માટે નથી.તો પ્રેમથી વર્તો. મનદુ:ખ રાખીને શું ફાયદો?જીવન ખરેખર એક ટૂંકી યાત્રા છે.આ સ્ટેશન પરથી તે સ્ટેશન સુધીનો સફર. આ વચ્ચે આપણને ગમે તેવા લોકો મળશે. કોઈ ભારે સામાન સાથે,કોઈ દુર્ગંધ સાથે. આપણી પાસે બે જ વિકલ્પ છે.કાં તો દરેક સાથે ઝઘડીને,બધાને બદલવાની ફરિયાદ કરીને યાત્રા કડવી બનાવવી. અથવા અર્જુનની જેમ ધીરજ રાખવી, અને જ્ઞાની કબૂતરની જેમ પહેલા પોતાને સાફ કરવો. જે દિવસે આપણે સમજી જઈએ કે દુનિયા બદલવાની નથી, પોતાને બદલવાના છે. જે દિવસે આપણે માની લઈએ કે અપમાન નહીં, પ્રતિક્રિયા આપણને નુકસાન કરે છે. જે દિવસે આપણે સ્વીકારીએ કે બધા ફક્ત સાથી પ્રવાસી છે, તે જ દિવસે આપણી યાત્રા તીર્થયાત્રા બની જાય છે. અને તે તીર્થયાત્રાનું નામ છે: શાંતિથી જીવવું. કારણ કે અંતે યાદ રહે છે ઝઘડા નહીં, યાદ રહે છે પ્રેમ. યાદ રહે છે ક્ષમા.અને યાદ રહે છે.

# ડોક્ટર જીગીષા પણ દંગ રહી ગઈ ! કે વિનીતાની મમતાનું મૂલ્યાંકન કંઈ રીતે કરવું?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદને કારણે કેટલીય મુશ્કેલી ઉભી થઈ! પરંતુ શહેરના લોકોને થોડો સમય પાણી ભરાયાં કે વાહનો ડૂબી ગયાં, અને વધીને દૂધ શાકભાજીની તકલીફ પડી હશે! ઘરમાં પાણી પડ્યું હોય! પ્લેન કે ટ્રેન કેન્સલ કરવી પડી હોય! કોઈને મળવાનો પ્લાન કર્યો હોય, અને મળી શક્યાં ન્હોય, કે પછી વાયરલ બિમારીનો ભોગ બન્યા હોય! પણ ખરી મુશ્કેલી તો નીચાણવાળા વિસ્તારો વાળાને અને ખેડૂતોને પડી! હવામાન વિભાગ તરફથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શક્યતાથી વિસ્તાર ખાલી કરાવે! કોઈ કોઈ વખત તો બધાં જીવ બચાવીને નીકળી જાય. સરકાર તથા એનજીઓ તરફથી ઘરવખરીથી માંડીને બધું જ સ્પોનસર થાય, પણ બધાને એ મળે છે કે નહીં! એ રામ જાણે! ભારતના આવાં કેટલાંય વિસ્તારો છે! જેમાં દર વખતની આ પરિસ્થિતિ છે. ઘર તરીકે ઝૂંપડું હોય તો પણ એને છોડવું અઘરૂં તો પડે જ! એવે સમયે કોઈને હાર્ટએટેક આવે! કોઈને લેબર પેઈન પણ શરૂ થાય ! તો કોઈને અન્ય મુશ્કેલી. આવું જ એક યુગલ નસીબવશ અહીંની ઓછાં ભાડાની વસ્તીમાં રહેતું હતું, જેને આજકાલમાં જ બાળક આવવાનું હતું! અને હવે શું થશે? નવજાત શિશુને ક્યાં રાખીશું? એ વિચાર એમને અકળાવતો હતો! ક્યારેક બહારનાં પૂર કરતાં અંદર જે પૂર આવે છે, એ વધુ ખતરનાક હોય છે! એવાં ભાવ વાળો એક કિસ્સો. ખેવના અને ખુશાલ બંનેનાં પ્રેમ લગ્ન હતાં, અને આમ જુવો તો બધી જ રીતે સુખી હતાં! ખેવના સંસ્કારી અને સુશીલ હતી, અને બંને સાથે જ જોબ કરતાં હતાં! લગ્નનાં ત્રણ વર્ષ પછી ખુશાલનાં માતાપિતા હવે એમની સાથે રહેશે એવું નક્કી થયું, અને ખુશાલનાં કહેવાથી ખેવના એ જોબ પણ મુકી દેવાની તૈયારી બતાવી! પરંતુ એની ફ્રેન્ડ એ કહ્યું એટલી ઉતાવળની જરુર નથી! બેબી પ્લાન કરો ત્યારે જોબ મુકજે! ખુશાલનાં ફ્રેન્ડે પણ એ જ કહ્યું! કે મોંઘવારીમાં રુપિયા વગર બેબી પ્લાન કરવું એ મૂર્ખામી છે. ધીરેધીરે સમય વિત્યો અને એ દિવસ આવી પણ ગયો. એટલે કે લગ્નના પાંચ વર્ષ પછી ખેવનાએ સારાં દિવસની વધામણી આપી! ઘર આખું ખુશખુશાલ થઈ ગયું! પણ આ ખુશાલી લાંબુ ટકી નહીં, ખેવનાને મિસ કેરેજ થયું, આવું એકવાર નહીં ત્રણવાર થયું, અને હવે ડોક્ટરે ના પાડી દીધી, કે હવે માતાનો જીવ જોખમમાં મૂકાય. માતાપિતાની ખુશાલ પાસે વંશ માટેની માંગણી વારંવાર થવા લાગી, અને ખેવનાને ડિવોર્સ આપી બીજા લગ્ન કરી લે એવી વાતો પણ થવા લાગી! ખેવનાને પોતાનું ભવિષ્ય ધૂંધળું દેખાવાં લાગ્યું. યેનકેન પ્રકારે ખુશાલને મનાવવા એનાં માતાપિતા એ ઘર છોડી દીધું! ખેવના એ એક લાસ્ટ ચાન્સ લેવાં વિચાર્યું અને કહ્યું કે આ વખતે જો કંઈ ગડબડ થશે તો એ સામેથી કોઈ એલીમની લીધાં વગર ડિવોર્સ આપી દેશે! મનોમન પ્રાર્થના કરતાં કરતાં આ વખતે છેક સુધી પહોંચ્યું તો ખરું! પણ એક વીક વહેલું થયું અને ખુશાલ હાજર નહોતો ! ખેવના માસી એટલે કે એને ઘરે કામ કરતી માલતી સાથે આવી હતી. ડિવોર્સ નાં ભયને કારણે હેમખેમ ડિલિવરી થશે કે કેમ? એ વિચારીને ખેવનાનું બીપી ડાઉન થતું જતું હતું, અને કન્ડિશન વધારે ક્રિટીકલ થતી જતી હતી. માલતી માસી ગભરાઈ ગયાં, અને આ જ મેટરનિટી હોમમાં એમનો સંબંધી વરુણ કામ કરતો હતો, એની પાસે ગયાં! વરુણ સારાં ઘરનો હતો, પણ સટ્ટામાં ધંધો, રુપિયા, અને ઘર બધું વેચાય ગયું! અને અહીં નોકરી કરવી પડી. એની પત્ની વિનીતાને પણ અત્યારે જ ડિલીવરી આવવાની હતી, એને પણ લેબર પેઈન ચાલુ થયું. વરુણ વિનીતાને ખિજાતો હતો કે, કહ્યું હતું કે એબોર્શન કરાવી લે! પણ માની જ નહીં! હવે નવજાત શિશુને ક્યાં રાખીશું? આ વરસાદ અને વાવાઝોડાનાં કારણે વસ્તીનું ઘર પણ ખાલી કરાવ્યું છે, અને હવે.. માલતી માસીએ કહ્યું કે એક વિકલ્પ છે, આ બાળક કોઈને આપી દો ! બંને જણાં માસીને જોઈ રહ્યાં, પણ કોને! ખેવના મેડમ ને ! ખેવના મેડમ પણ અહીં જ આવ્યાં છે, અને હું એટલે જ તને શોધતી શોધતી આવી. હું જે ઘરે કામ કરું છું, એ મેડમને લેબર પેઈન શરૂ થતાં અહીં લઈ આવી છું! અને સાહેબ સાથે નથી, ડોક્ટર કહે છે કે એનું બાળક બચશે નહીં! આ વખતે તો.. બાળક બચશે નહીં તો ડિવોર્સ થઈ જશે! વિનીતા એ કહ્યું માસી તો મારું બાળક એને જ આપી દેશું! વરુણ એ કહ્યું શું આપી દેશું! એમ કંઈ..! વિનીતા એ કહ્યું કે તમે તો આમપણ એબોર્શન કરાવવાનું કહેતાં હતાં! જ્યાં ઉછરશે ત્યાં 'કાલે શું' ની ચિંતા તો નહીં રહે! થોડી રકઝક ને અંતે વરુણ એક ઘર વિચ્છેદ થતાં બચી જશે, એ વાત પર સંમત થઈ ગયો. પરંતુ ડોક્ટર માનશે! ડોક્ટર જીગીષા વરુણની ક્લાસ મેટ હતી, એટલે તો એણે એને અહીં નોકરીએ રાખ્યો હતો, બાકી વરુણની સ્થિતિ અત્યારે વિનીતાને આ મેટરનિટી હોમમાં લાવવાં જેવી ક્યાં હતી! છતાં એણે કહ્યું કે લિગલી દત્તકની વિધિ કરી લઈએ ! વિનીતા એ કહ્યું દેવકી મા એ ક્યાં એવું કંઈ લખાણ કર્યું હતું? દેવકી માએ કંસ મારી નાખે નહીં, એટલે પોતાનો લાલો યશોદાને સોંપી દીધો! મમતા ને નામે બાળકને અછતમાં મારી થોડું નખાય! ત્યાં કંસ હતો અને અહીં કાળ! અને ડોક્ટર માની ગયાં! કોઈ જ લખાણ નહીં! બદલામાં કંઈ રુપિયા નહીં! નહીં કોઈ જોવા રમાડવાની શરત, અને એક દેવકીએ હસતાં હસતાં પોતાનો લાલો યશોદાને સોંપી દીધો! ડોક્ટર જીગીષા વિચારતી રહી ગઈ કે વિનીતાની મમતાનું કંઈ રીતે મૂલ્યાંકન કરવું? ખેવનાને લેબર રૂમમાં લઈ ગયાં, અને ડોક્ટરે કહ્યું હતું, એમ જ મૃત બાળક જન્મ્યું! ખેવનાની આંખો છલકાઈ ગઈ, પણ એ જ મિનિટે એની બાજુમાં એક સુંદર અને સ્વસ્થ બાળક મૂકાયું! ડોક્ટર જીગીષા એ કહ્યું કે, ફરી કોઈ દેવકીએ યશોદાની ગોદ ભરી દીધી! આ બધી ઘટનાથી અજાણ એવા ખુશાલને પોતાનું બાળક આ વખતે જીવી ગયું, એ સમાચાર મળતાં જ ખુશખુશાલ થતો બેંગલોરથી આવી ગયો. એનાં માતાપિતા પણ વંશ મળી ગયો એ ખુશીમાં બાકી બધું ભૂલી ગયા! અને ખેવનાને તો બેવડી ખુશી હતી! એણે મનોમન પ્રાર્થના કરી કે હે પ્રભુ ક્યાંક આ બાળકને છત મળે, એટલે તો મારી સાથે આવું નહીં થયું હોય ને! પછી મનોમન બોલી હે પ્રભુ તારી લીલા અપરંપાર છે! આ છત અછત નાં પ્યાદાં, ક્યારે અને ક્યાં ખેલવા એનો તું માહિર છે! અમારાં જેવાં માટે એ સમજવું અઘરું છે!

# કેસર કંટ્રોલ સિસ્ટમ્સની ફાર્માસ્યુટિકલ સ્ટેબિલિટી ટેસ્ટિંગ સ્ટોરેજ ફેસિલિટીઝ અંગેની સેમિનારને ઉદ્યોગજગતનો જબરદસ્ત પ્રતિસાદ

**અમદાવાદ, તા.11**

કેસર કંટ્રોલ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આજે અમદાવાદ ખાતે "Pharmaceutical Stability Testing Storage Facilities: Key Essentials" વિષય પર એક મહત્વપૂર્ણ સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ફાર્માસ્યુટિકલ અને લાઈફ સાયન્સિસ ક્ષેત્ર સાથે સંકળાયેલા વ્યાવસાયિકોએ ઉત્સાહભેર ભાગ લેતા સેમિનારને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો.



સેમિનારનું માર્ગદર્શન ડૉ. સરનજીત સિંહ, પૂર્વ પ્રોફેસર અને હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ એનાલિસિસ, NIPER, મોહાલી દ્વારા આપવામાં આવ્યું હતું. શૈક્ષણિક તથા ઉદ્યોગક્ષેત્રના દાયકાઓના અનુભવ ધરાવતા ડૉ. સિંહે સ્ટેબિલિટી ટેસ્ટિંગ સ્ટોરેજ ફેસિલિટીઝ સાથે સંકળાયેલા મહત્વપૂર્ણ પરિમાણો, નિયમનકારી અનુપાલન (Compliance Requirements) તથા શ્રેષ્ઠ પદ્ધતિઓ (Best Practices) અંગે ઉપસ્થિત પ્રતિનિધિઓને નિષ્ણાત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ખાસ કરીને Stability Chambers અંગે સહભાગીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના ડૉ. સિંહે આપેલા વિગતવાર અને સચોટ જવાબોને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. તેમના ઊંડા જ્ઞાન અને વ્યવહારુ અનુભવનો લાભ સેમિનારમાં ઉપસ્થિત તમામ વ્યાવસાયિકોને મળ્યો હતો.

કેસર કંટ્રોલ સિસ્ટમ્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "અમે ડૉ. સરનજીત સિંહના અમૂલ્ય જ્ઞાન અને અનુભવને ઉદ્યોગ સાથે વહેંચવા બદલ તેમના હૃદયપૂર્વક આભારી છીએ. સ્ટેબિલિટી ટેસ્ટિંગ તથા સ્ટોરેજ ફેસિલિટીઝ માટેની આવશ્યકતાઓ અંગે તેમનું માર્ગદર્શન ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના વ્યાવસાયિકો માટે ખૂબ જ ઉપયોગી સંદર્ભરૂપ સાબિત થશે."

કેસર કંટ્રોલ સિસ્ટમ્સે સેમિનારમાં ઉત્સાહપૂર્વક ભાગ લેનારા તમામ સહભાગીઓનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સેમિનારમાં જોવા મળેલો જબરદસ્ત પ્રતિસાદ એ વાતને ઉજાગર કરે છે કે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં Stability Testing અને Storage Compliance જેવા મહત્વપૂર્ણ વિષયો અંગે સુવ્યવસ્થિત જ્ઞાનની આપ-લે માટેની જરૂરિયાત સતત વધી રહી છે. ફાર્માસ્યુટિકલ ગુણવત્તા ખાતરી (Quality Assurance) માટે આ ક્ષેત્ર અત્યંત મહત્વપૂર્ણ છે.

સેમિનારને મળેલા પ્રોત્સાહક પ્રતિસાદથી ઉત્સાહિત થઈને કેસર કંટ્રોલ સિસ્ટમ્સે ભવિષ્યમાં પણ આવા જ્ઞાનવર્ધક અને ઉદ્યોગલક્ષી પ્લેટફોર્મનું આયોજન કરવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કંપનીએ મીડિયા પ્રતિનિધિઓને પણ આવા મહત્વપૂર્ણ જ્ઞાનપ્રસારના પ્રયાસોને વધુ વ્યાપક સ્તરે પહોંચાડવામાં સહયોગ આપવા અપીલ કરી હતી, જેથી સમગ્ર ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને આવા જ્ઞાન અને પહેલનો લાભ મળી શકે.

કેસર કંટ્રોલ સિસ્ટમ્સના પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે, "આવા જ્ઞાનવર્ધક કાર્યક્રમોની અસરકારકતા તેઓ કેટલા વ્યાપક સ્તરે પહોંચે છે તેના પર નિર્ભર છે. આ જ્ઞાનને સમગ્ર ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ સુધી પહોંચાડવા માટે મીડિયા જગતના સહયોગની અમે આતુરતાપૂર્વક અપેક્ષા રાખીએ છીએ."

**કેસર કંટ્રોલ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ વિશે**

કેસર કંટ્રોલ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ એક ISO 9001:2015 પ્રમાણિત ફાર્માસ્યુટિકલ અને લેબોરેટરી સાધનોની ઉત્પાદક કંપની છે. કંપની ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ માટે Temperature અને Humidity Control Solutions, જેમાં ખાસ કરીને Stability Chambers તથા Storage Facilitiesનો સમાવેશ થાય છે,ના નિર્માણ અને સપ્લાયમાં વિશેષતા ધરાવે છે.

# અમદાવાદમાં વહેલી સવારથી વરસાદ, બે કલાકમાં 1 ઈંચ: નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

**અમદાવાદ, તા.11**

અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો છે અને મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. શહેરના ખૂણેખૂણામાં વહેલી સવારથી જ કાળાડીબાંગ વાદળો ઘેરાયા બાદ ધોધમાર વરસાદ શરૂ થયો હતો. સોલા, સાયન્સ સિટી, નિકોલ, નરોડા, ગોતા, ચાંદલોડિયા અને એસ.જી. હાઈવે સહિતના તમામ પ્રમુખ વિસ્તારોમાં સતત વરસાદ વરસી રહ્યો છે. વહેલી સવારના સમયે જ અચાનક વાદળછાયા વાતાવરણ અને ભારે વરસાદના કારણે રસ્તાઓ પર વિઝિબિલિટી ખૂબ જ ઘટી ગઈ હતી. વિઝિબિલિટી ઓછી થઈ જવાના કારણે વાહનચાલકોને ભારે અગવડતાનો સામનો કરવો પડ્યો હતો અને દિવસના સમયે પણ પોતાના વાહનોની હેડલાઈટ ચાલુ રાખીને ધીમી ગતિએ વાહન ચલાવવાની ફરજ પડી હતી.



શહેરના પશ્ચિમ ઝોન તરફ નજર કરીએ તો પ્રહલાદ નગર, જોધપુર અને આનંદ નગર સહિતના પોશ વિસ્તારોમાં પણ મુશળધાર વરસાદ શરૂ થઈ ગયો હતો. સવારના સમયે જ વરસાદી માહોલ સર્જાતા નોકરી-ધંધા અને પોતાના રોજના કામે નીકળેલા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. રસ્તાઓ પર પાણી ભરાવા અને ઓછી વિઝિબિલિટીના કારણે સવારના સગવડિયા ટ્રાફિકમાં લોકો અટવાયા હતા.

વરસાદના આંકડાકીય વિગતોની વાત કરીએ તો અમદાવાદમાં સવારે 7 થી 9 વાગ્યાના માત્ર બે કલાકના ટૂંકા સમયગાળામાં શહેરના પૂર્વ ઝોનમાં ભારે વરસાદ નોંધાયો છે. કઠવાડા, નિકોલ, વસ્ત્રાલ, ઓઢવ, હંસપુરા, જશોદાનગર અને એરપોર્ટ સહિતના વિસ્તારોમાં મેઘગર્જના અને ગાજવીજ સાથે લગભગ 1 ઈંચ જેટલો ધોધમાર વરસાદ પડી ચૂક્યો છે. બીજી તરફ પશ્ચિમ વિસ્તારના પ્રહલાદ નગર, જોધપુર, આનંદ નગર, સોલા અને એસ.જી. હાઈવે આસપાસના વિસ્તારોમાં અડધો ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે. જોકે આટલા વરસાદમાં પણ વાદળછાયા વાતાવરણના કારણે સવારના સમયે નોકરી-ધંધે નીકળેલા નાગરિકોને ભારે મુશ્કેલી વેઠવી પડી છે.

વરસાદના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા પણ સામે આવવા લાગી છે. અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલા મનમોહન ચાર રસ્તા પર જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી અને રસ્તા પર પાણી ભરાઈ જતાં ટુ-વ્હીલર ચાલકો જોખમ ઉઠાવીને પાણીમાંથી પસાર થવા માટે મજબૂર બન્યા હતા. આ સિવાય અન્ય નાના-મોટા વાહનો પણ પાણીના કારણે ધીમી ગતિએ ચાલતા જોવા મળ્યા હતા, જેના પરિણામે સમગ્ર વિસ્તારમાં કલાકો સુધી ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાવાની પૂરેપૂરી શક્યતાઓ ઊભી થઈ છે.

# પોસ્ટમાસ્ટર જનરલ અને વરિષ્ઠ સાહિત્યકાર કૃષ્ણ કુમાર યાદવના જન્મદિવસ નિમિત્તે સ્વદેશી સમાજ સેવા સમિતિ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**અમદાવાદ, તા.11**

ભારતીય પરંપરામાં વૃક્ષો અને છોડને પરમાત્માના પ્રતીક તરીકે માનવામાં આવે છે અને તેમની પૂજા કરવાની પરંપરા રહી છે. આપણી શ્વાસપ્રક્રિયા સુચારુ રીતે ચાલતી રહે તે માટે ઓક્સિજન અત્યંત જરૂરી છે. પર્યાવરણની રક્ષા માટે જરૂરી છે કે આપણે પર્યાવરણ સંરક્ષણને પોતાની દિનચર્યાનો એક અભિન્ન ભાગ બનાવવાની સાથે વૃક્ષારોપણને જીવનના વિવિધ મહત્વપૂર્ણ પ્રસંગો સાથે જોડીએ. આવી સ્થિતિમાં જન્મદિવસ અને લગ્નની વર્ષગાંઠ જેવા જીવનના મહત્વપૂર્ણ દિવસોને વિશેષ બનાવવા માટે વૃક્ષારોપણ કરીને સમાજને નવી દિશા આપી શકાય છે. આ સંદેશ વરિષ્ઠ બ્લોગર, સાહિત્યકાર અને લોકપ્રિય પ્રશાસક અને હાલમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે સ્વદેશી સમાજ સેવા સમિતિ દ્વારા તેમના 49મા જન્મદિવસ નિમિત્તે અમદાવાદમાં આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન આપ્યો હતો. સ્વદેશી સમાજ સેવા સમિતિના સ્થાપક સચિવ 'રુદ્રાક્ષ મેન' વિવેક યાદવે શ્રી કૃષ્ણ કુમાર યાદવને રુદ્રાક્ષનો છોડ ભેટ આપી તેમના સુખદ અને સ્વસ્થ જીવન માટે શુભેચ્છા પાઠવી હતી. સ્વદેશી સમાજ સેવા સમિતિના તત્ત્વાવધાનમાં અમદાવાદ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવના 49મા જન્મદિવસ નિમિત્તે 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ રુદ્રાક્ષ,



ગુલમોહર, અમલતાસ, અશોક, તુલસી, લીમડો, કેરી, આમળા, તેજપાન, તજ, પાન, સિંગોનિયમ, રજનીગંધા, ગંધરાજ વગેરે ફળદાયી, ઔષધીય અને છાયાદાર વૃક્ષો તેમજ વેલ અને પુષ્પ સહિત કુલ 49 છોડનું વાવેતર કરી ધરતીને હરિયાળી અને પર્યાવરણને શુદ્ધ બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો.

સ્વદેશી સમાજ સેવા સમિતિના સ્થાપક સચિવ 'રુદ્રાક્ષ મેન' શ્રી વિવેક યાદવે જણાવ્યું કે સમગ્ર ધરતી અને પ્રકૃતિને સુરક્ષિત તથા સંતુલિત રાખવા માટે આપણે લોકોને વૃક્ષારોપણ પ્રત્યે જાગૃત કરવા પડશે. તેમણે સ્વદેશી સમાજ સેવા સમિતિના સંકલ્પો સાથે જોડાઈને સેવા, સંસ્કાર અને પર્યાવરણ સંરક્ષણના આ યજ્ઞમાં સૌને પોતાનું યોગદાન આપવા માટે આહ્વાન કર્યું.

# જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની ડિજિટલ ક્રોપ સર્વે અંગેની બેઠક યોજાઈ

## ખરીફ-૨૦૨૬ અંતર્ગત તા. 30 સપ્ટેમ્બર સુધીમાં ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવા કલેક્ટરની સૂચના

**નડિયાદ, તા.11**

રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા ખરીફ-૨૦૨૬ની સિઝન માટે ખેડા જિલ્લામાં એગ્રીસ્ટેક ડિજિટલ ક્રોપ સર્વે (DCS) ની કામગીરીનો પ્રારંભ તા. ૧૬ ઓગસ્ટ, ૨૦૨૬થી કરવામાં આવશે. આ સર્વેની કામગીરી તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી હાથ ધરવામાં આવશે. આ કામગીરીના સુચારુ આયોજન અને અસરકારક અમલીકરણ માટે જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને ગતરોજ ખેડા જિલ્લાની જિલ્લા કક્ષાની ડિજિટલ ક્રોપ સર્વે અંગેની બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરએ ખરીફ-૨૦૨૬ માટે હાથ ધરાનારી ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરીને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા તેમજ તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં સર્વેની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થાય તે માટે જરૂરી આયોજન અને સંકલન કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.



ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરીમાં ગામના VLE/VCE, ફાર્મર ફ્રેન્ડ તેમજ એન્ડ્રોઈડ મોબાઈલ અને મોબાઈલ એપ્લિકેશનના ઉપયોગથી પરિચિત વ્યક્તિઓ જોડાઈ શકે છે. આ કામગીરીમાં રસ ધરાવતા વ્યક્તિઓએ સંબંધિત તાલુકા પંચાયતની ખેતીવાડી શાખા, તલાટી-કમ-મંત્રી, ગ્રામ સેવક (ખેતી), વિસ્તરણ અધિકારી (ખેતી), ખેતી અધિકારી અથવા નાયબ ખેતી નિયામક (વિ.)-ખેડા કચેરીનો સંપર્ક કરી જરૂરી માહિતી મેળવી શકશે.

કૃષિ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે જે ખેડૂતોની ફાર્મર રજિસ્ટ્રી થઈ ચૂકી છે, તેવા ખેડૂતો પોતાના એન્ડ્રોઈડ મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને પોતાની ખેતીની જમીનનો પાક સર્વે જાતે પણ કરી શકશે. આ માટે ખેડૂતોએ પોતાના ગામના ગ્રામ સેવકનો સંપર્ક કરવાનો રહેશે.

ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરી કરનાર સર્વેયરને તેમના દ્વારા પૂર્ણ કરવામાં આવેલા દરેક સર્વે દીઠ રૂ.૧૦/-નું મહેનતાણું આપવામાં આવશે. આ મહેનતાણું ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર (DBT) મારફતે સીધું જ સર્વેયરના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

ડિજિટલ ક્રોપ સર્વે દ્વારા ખેતી સંબંધિત પાકની માહિતીનું ડિજિટલ માધ્યમથી સંકલન અને વ્યવસ્થિત નોંધણી શક્ય બનશે. ખેડા જિલ્લામાં આ કામગીરી સમયસર અને સફળતાપૂર્વક પૂર્ણ થાય તે માટે ખેડૂતો, ગ્રામ પંચાયતના સરપંચઓ, ગ્રામજનો તેમજ સંબંધિત તમામ હિતધારકોનો સહયોગ અત્યંત મહત્વપૂર્ણ છે.

આથી નાયબ ખેતી નિયામક (વિ.)-ખેડા કચેરી દ્વારા ખેડા જિલ્લાના તમામ ખેડૂતો, ગ્રામ પંચાયતના સરપંચઓ તથા ગ્રામજનોને એગ્રીસ્ટેક ડિજિટલ ક્રોપ સર્વે (DCS)-૨૦૨૬ની કામગીરીને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં સક્રિય સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, નિવાસી અધિક કલેક્ટર દેસાઈ, સંબંધિત કમિટીના સભ્યઓ, જિલ્લાના તમામ પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ જિલ્લા માસ્ટર ટ્રેનરઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સિંગણપોરમાં મકાનમાં પહેલા માળે આગથી ફસાયેલા ત્રણનું રેસ્ક્યુ....

## ■ નીચે ટેમ્પો રાખી દોરડાથી મહિલા સહિત ત્રણને સ્થાનિકોએ બચાવ્યા, ટેરેસ પર શેડમાં ગોડાઉનના કારણે આગ પ્રસરી હતી

**સુરત, તા.11**

સુરત શહેરના સિંગણપોર વિસ્તારમાં નવા મહોલ્લામાં આજે 11 ઑગસ્ટે ત્રણ માળના મકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ મકાનમાં માત્ર બીજો માળ રેસીડેન્ટ હતો. એ સિવાય ગ્રાઉન્ડ ફ્લોર સહિત પહેલા અને ત્રીજા માળે ગોડાઉનમાં સામાન મૂકવામાં આવ્યો હતો.



મકાનના પહેલા માળે અચાનક આગ લાગ્યા બાદ તે ઝડપથી પ્રસરી ગઈ હતી. બીજા માળે મહિલા સહિત ત્રણથી વધુ લોકો ફસાઈ જતાં અફરાતફરી મચી ગઈ હતી. આ દરમિયાન સ્થાનિકોએ સાહસ બતાવી નીચે ટેમ્પો ઊભો રાખી દોરડાની મદદથી ફસાયેલા તમામ 3 લોકોને સુરક્ષિત બહાર કાઢી રેસ્ક્યુ કરી લીધા હતા.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. 5 અલગ-અલગ ફાયર સ્ટેશનની 10થી પણ વધુ ગાડી સ્થળ પર પહોંચી હતી અને સતત પાણીનો મારો ચલાવી આગ પર પ્રાથમિક કાબૂ મેળવી લીધો હતો. જોકે, ટેરેસ પર પતરાના શેડમાં સામાન અને બેગનો જથ્થો હોવાને કારણે થોડી જ વારમાં આગ ફરીથી ભભૂકી હતી. પહેલા માળે લાગેલી આગ જોતજોતામાં ત્રીજા માળ પર પતરાના શેડ સુધી પહોંચી જતાં આગે વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આસપાસના રહીશોમાં ભારે દહેશત વ્યાપી ગઈ હતી.

ફાયર વિભાગે પુનઃ ભારે જહેમત ઉઠાવી આગ પર બીજી વખત સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. સદનસીબે સ્થાનિકોની ત્વરિત કામગીરી અને ફાયર વિભાગની સમયસૂચકતાને કારણે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. હાલમાં ફાયર વિભાગ દ્વારા કોઈ સળગતો સામાન રહી ન જાય તે માટે કૂલિંગની કામગીરી ચાલુ રાખવામાં આવી છે. ગોડાઉનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની પ્રાથમિક આશંકા સેવાઈ રહી છે, જો કે આગ લાગવાનું સચોટ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત મહેમદાવાદ તાલુકાના હલધરવાસ ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

# "ભારત માતાકી જય-વંદે માતરમ- હર ઘર તિરંગા"ના ગગનભેદી નાદથી હલધરવાસ ગુંજી ઉઠ્યું

## અંદાજે ૨,000 જેટલા નાગરિકોની ઉત્સાહભેર સહભાગિતાથી દેશભક્તિનો માહોલ સર્જાયો







**નડિયાદ, તા.11**

દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને જનજન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે તા. ૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન સમગ્ર દેશમાં 'હર ઘર તિરંગા અભિયાન-૨૦૨૬'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના હલધરવાસ ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી.

'ભારત માતાકી જય', 'વંદે માતરમ' અને 'હર ઘર તિરંગા'ના ગગનભેદી નારાઓથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિના ઉલ્લાસથી ગુંજી ઉઠ્યું હતું. તિરંગા યાત્રામાં ગામની હાઈસ્કૂલ તથા વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અંદાજે ૧,૯૦૦થી ૨,૦૦૦ જેટલી જનમેદની તિરંગા સાથે જોડાતા સમગ્ર હલધરવાસ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

તિરંગાની આન, બાન અને શાન સાથે આગળ વધતી આ યાત્રા દરમિયાન દેશપ્રેમી નાગરિકોએ ફૂલવર્ષા કરીને તિરંગા યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. બાળકોના હાથમાં લહેરાતા તિરંગા, યુવાનોનો ઉત્સાહ અને વડીલોની ગૌરવભરી ઉપસ્થિતિએ સમગ્ર યાત્રાને યાદગાર બનાવી હતી.

'તિરંગો માત્ર રાષ્ટ્રધ્વજ નથી, પરંતુ દેશની એકતા, અખંડિતતા અને ગૌરવનું પ્રતિક છે' એવા ભાવ સાથે યોજાયેલી આ તિરંગા યાત્રાએ મહેમદાવાદ તાલુકામાં રાષ્ટ્રપ્રેમ અને એકતાનો સંદેશ પ્રસરાવ્યો હતો. 'હર ઘર તિરંગા અભિયાન-૨૦૨૬' અંતર્ગત હલધરવાસ ખાતે યોજાયેલી ભવ્ય તિરંગા યાત્રા જનભાગીદારી, રાષ્ટ્રભાવના અને એકતાનું જીવંત ઉદાહરણ બની રહી હતી.

રાષ્ટ્રધ્વજ તિરંગાની શાન સાથે નીકળેલી આ યાત્રામાં મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય તથા અમૂલના ડિરેક્ટર ગૌતમસિંહ ચૌહાણ, તાલુકા પંચાયત પ્રમુખ અજયસિંહ ડાભી, પૂર્વ પ્રમુખ વિનોદભાઈ ડાભી તેમજ તિરંગા યાત્રામાં હલધરવાસ ઉપરાંત કનીજ, મોદજ, માંકવા, દેવકીવણસોલ, બારના મુવાડા સહિતના ગામોના જિલ્લા પંચાયત સદસ્યઓ,

તાલુકા પંચાયત સદસ્ય સંજયભાઈ રાઠોડ, અગ્રણીઓ વિષ્ણુભાઈ ડાભી તથા ભાવેશભાઈ રાવલ, મહેમદવાદ નગરપાલિકા પ્રમુખ પ્રશાંતભાઈ પટેલ, અંકિતભાઈ પટેલ સહિતના આગેવાનો, જનપ્રતિનિધિઓ, પદાધિકારીઓ, અધિકારીઓ, સરપંચઓ, સંગઠનના હોદ્દેદારો, શાળાના વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

આ પ્રસંગે જિલ્લા પુરવઠા અધિકારી અક્ષય પારગી, મામલતદાર વી.બી. દેસાઈ, તાલુકા વિકાસ અધિકારી પંકજસિંહ મહિડા, THO સંજય રાણા, TPEO અજીતસિંહ ડાભી તથા પોલીસ ઈન્સ્પેક્ટર એ.જી. રાઠોડ સહિતના અધિકારીઓએ પણ ઉપસ્થિત રહી યાત્રાને પ્રોત્સાહિત કરી હતી.

# DPLમાં અનુજ રાવતનું વાવાઝોડું: 38 બોલ, 8 છગ્ગા અને 92 રન!

નવી દિલ્હી, તા.11



ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) તરફથી વિરાટ કોહલી સાથે કેટલીક યાદગાર ઈનિંગ્સ રમનાર વિકેટકીપર-બેટ્સમેન અનુજ રાવતે દિલ્હી પ્રીમિયર લીગ (DPL 2026)માં પોતાના બેટથી તબાહી મચાવી દીધી છે. IPLમાં ગુજરાત ટાઈટન્સની સ્ક્વોડમાં સ્થાન મેળવ્યા છતાં બેન્ચ પર બેસી રહેવું પડ્યું હોય તેવા અનુજ રાવતે DPLમાં પોતાની તોફાની ઈનિંગ્સથી તમામ ક્રિકેટ પ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું છે.

DPLમાં 10 ઓગસ્ટે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલા મુકાબલામાં પુરુરાની દિલ્હી 6ના કેપ્ટન અનુજ રાવતે આઉટર દિલ્હી વોરિયર્સ સામે માત્ર 38 બોલમાં 92 રનની વિસ્ફોટક ઈનિંગ્સ રમી પોતાની ટીમને 7 વિકેટે શાનદાર જીત અપાવી હતી.

166 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી પુરાની દિલ્હી 6 ટીમની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. ત્રીજી જ ઓવરમાં ટીમે માત્ર 9 રનના સ્કોર પર પોતાની બે મહત્ત્વપૂર્ણ વિકેટો ગુમાવી દીધી હતી. આ મુશ્કેલ સમયમાં ક્રીઝ પર આવેલા કેપ્ટન અનુજ રાવતે ઈનિંગ્સની કમાન સંભાળી હતી અને વિપક્ષી બોલરો પર આક્રમક પ્રહારો શરૂ કર્યા હતા.

ઝડપી અડધી સદી: અનુજે મેદાનની ચારેય તરફ ચોગ્ગા-છગ્ગા ફટકારીને માત્ર 17 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. આ ટૂર્નામેન્ટના ચાલુ સીઝનની સૌથી ઝડપી અડધી સદી પણ બની ગઈ છે.

બાઉન્ડ્રીઓનો વરસાદ: પોતાની 92 રનની અગ્નિપરીક્ષા જેવી ઈનિંગ્સમાં અનુજ રાવતે 8 ગગનચુંબી છગ્ગા અને 8 શાનદાર ચોગ્ગા ફટકાર્યા હતા.

મેચ વિનિંગ ભાગીદારી: અનુજ રાવત અને આયર્ન ગૌર વચ્ચે ત્રીજી વિકેટ માટે 151 રનની મેચ-વિનિંગ ભાગીદારી નોંધાઈ હતી.

જોકે, અનુજ પોતાની બીજી સદીથી માત્ર 8 રન દૂર રહી ગયો હતો અને 15મી ઓવરમાં 92 રન બનાવી આઉટ થયો હતો.

અનુજ રાવતે IPL 2022માં મુંબઈ ઈન્ડિયન્સ સામે આરસીબી તરફથી રમતા વિરાટ કોહલી સાથે 80 રનની ભાગીદારી કરીને ટીમ માટે મહત્ત્વની જીત અપાવી હતી. એ સમયે તેમની ઉત્કૃષ્ટ બેટિંગ સ્ટાઈલના કારણે ક્રિકેટ ફેન્સ તેમની સરખામણી ભારતના વિસ્ફોટક વિકેટકીપર રિષભ પંત સાથે કરવા લાગ્યા હતા.

RCBએ IPL 2025ના મેગા ઓક્શન પહેલાં અનુજ રાવતને રિલીઝ કરી દીધો હતો. આ પછી ઓક્શનમાં ગુજરાત ટાઈટન્સે તેને ખરીદ્યો હતો, પરંતુ સતત બે સીઝનથી તેને એક પણ IPL મેચની પ્લેઈંગ-11માં રમવાની તક મળી નથી. IPLમાં સાઈડલાઈન થયેલા અનુજ રાવતે હવે DPLમાં પોતાના શાનદાર પ્રદર્શનથી ફ્રેન્ચાઈઝી અને પસંદગીકારોને પોતાની ક્ષમતાનો જોરદાર પુરાવો આપ્યો છે.

# IPL ક્રિકેટર અભિષેક પોરેલની ધરપકડ: લગ્નની લાલચ આપી શારીરિક શોષણ અને અંગત પળો રેકોર્ડ કરવાનો આક્ષેપ

નવી દિલ્હી, તા.11



દિલ્હી કેપિટલ્સ ક્રિકેટ ટીમના વિકેટકીપર-બેટર અભિષેક પોરેલની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. યુવતીને લગ્નની લાલચ આપી શારીરિક શોષણ કરવા તથા અંગત પળોનું રેકોર્ડિંગ કરવાના ગંભીર આરોપો હેઠળ પશ્ચિમ બંગાળ પોલીસે મંગળવારે(11મી ઑગસ્ટ) સવારે હુગલીમાંથી તેની અટકાયત કરી હતી. ત્યારબાદ કલાકો સુધી ચાલેલી સઘન પૂછપરછ બાદ બપોરે તેની ધરપકડ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ધરપકડ કર્યા બાદ પોલીસ દ્વારા અભિષેક પોરેલનું મેડિકલ પરીક્ષણ કરાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને ચિનસુરાહ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ કેસમાં તેની આગોતરા જામીનની અરજી પર સુનાવણી થવાની હતી. અગાઉ કોલકાતા હાઈકોર્ટે પીડિતાની અરજી બાદ પોલીસને પોરેલની ધરપકડ કરવાનો આદેશ આપ્યો હતો.

આ સમગ્ર મામલો પશ્ચિમ બંગાળમાં હુગલીના મોગરા પોલીસ સ્ટેશનમાં એક મેડિકલ વિદ્યાર્થિની દ્વારા નોંધાવાયેલી ફરિયાદ બાદ સામે આવ્યો હતો. યુવતીએ આરોપ લગાવ્યો હતો કે અભિષેક પોરેલે તેની સાથે લગ્નની લાલચ આપીને શારીરિક સંબંધો બાંધ્યા હતા અને અંગત પળોનું રેકોર્ડિંગ પણ કર્યું હતું. બંને પરિવાર વચ્ચે લગ્નની વાતો ચાલી રહી હતી, પરંતુ પાછળથી યુવતીને અભિષેક પોરેલના અન્ય મહિલાઓ સાથેના કથિત સંબંધો વિશે જાણ થતાં યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ એફઆઈઆર (FIR) મુજબ, આ કથિત ઘટના 2 એપ્રિલ, 2026ના રોજ દિલ્હીમાં બની હતી. ફરિયાદમાં યુવતીએ આરોપ લગાવ્યો કે, 'મને ગેરકાયદે રીતે અટકાયતમાં રાખીને ખાવાનું પણ આપવામાં આવ્યું ન હતું. જાણી જોઈને એકાંતમાં રખાતાં તેની શારીરિક સ્થિતિ અત્યંત નબળી પડી ગઈ હતી અને હું યોગ્ય રીતે ચાલી પણ શકતી ન હતી.' કોલકાતા હાઈકોર્ટે ધરપકડના આદેશ સાથે પીડિતાની અંગત તસવીરો કે વીડિયોનું પ્રસારણ રોકવા માટે પણ નિર્દેશ આપ્યા છે. આ ઉપરાંત, મોગરા પોલીસને અભિષેક પોરેલના તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવા આદેશ આપવામાં આવ્યો છે. 23 વર્ષીય અભિષેક પોરેલ બંગાળ માટે ઘરેલુ ક્રિકેટ રમે છે અને 2023માં રિષભ પંતના સ્થાને દિલ્હી કેપિટલ્સની ટીમમાં જોડાયો હતો. તેણે IPLમાં 35 મેચ રમીને 145થી વધુના સ્ટ્રાઈક રેટથી 769 રન બનાવ્યા છે. 2026ની સીઝનમાં દિલ્હી કેપિટલ્સે તેને 4 કરોડ રૂપિયામાં રિટેન કર્યો હતો. ઘરેલુ ક્રિકેટમાં અભિષેક પોરેલે 32 ફર્સ્ટ-ક્લાસ મેચોમાં 1,408 રન (1 સદી), 23 લિસ્ટ A મેચોમાં 833 રન (2 સદી) અને 61 T20 મેચોમાં 1,590 રન બનાવ્યા છે.

# IPL 2027: મુંબઈ ઈન્ડિયન્સ છોડશે હાર્દિક પંડ્યા? CSK, DC સહિત 5 ટીમો વચ્ચે ટ્રેડ માટે રેસ શરૂ!

નવી દિલ્હી, તા.11



IPL 2027માં હાર્દિક પંડ્યાની ટીમ કઈ હશે? તેના મુંબઈ ઈઇન્ડિયન્સ છોડવાની અફવાઓએ ફરી જોર પકડ્યું છે. શરૂઆતમાં તેને ટ્રેડ કરવાની રેસમાં માત્ર ચેન્નઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ જ સામેલ હતી, પરંતુ હવે એવી માહિતી મળી રહી છે કે, 5 ટીમો હાર્દિકમાં રસ દાખવી રહી છે. જેમાં દિલ્હી કેપિટલ્સ પણ સામેલ છે અને તે પોતાના એક માર્કી ખેલાડીને રિલીઝ કરવા માટે પણ તૈયાર છે.

એક અહેવાલ પ્રમાણે એક તરફ ચેન્નઈ સુપર કિંગ્સની પ્રથમ પ્રાથમિકતા હેડ કોચનું પદ ભરવાની છે અને ત્યારબાદ તેઓ હાર્દિક પંડ્યા કે અન્ય કોઈ ખેલાડીને ટ્રેડ કરવાની શક્યતા પર વિચાર કરશે. બીજી તરફ લખનઉ સુપર જાયન્ટ્સ, દિલ્હી કેપિટલ્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સને પણ હાર્દિકને પોતાની ટીમમાં સામેલ કરવામાં રસ છે. આ જ અહેવાલ પ્રમાણે દિલ્હી કેપિટલ્સ પણ હાર્દિક પંડ્યામાં રસ દાખવી શકે છે. તેના માટે તે અક્ષર પટેલને મુંબઈ ઈન્ડિયન્સ સાથે ટ્રેડ કરી શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મુંબઈનો સ્પિન બોલિંગ એટેક બહુ મજબૂત રહ્યો નથી, તેથી અક્ષરના આવવાથી તે સમસ્યા દૂર થઈ શકે છે અને તેની પાસે લીડરશિપની ક્ષમતા પણ છે. લખનઉ સુપર જાયન્ટ્સ પાસે મિચેલ માર્શના રૂપમાં વર્લ્ડ ક્લાસ ઓલરાઉન્ડર છે, પરંતુ તે IPLમાં બહુ ઓછી બોલિંગ કરે છે. LSGમાં નિકોલસ પૂરનને આ સંભવિત ટ્રેડનો ભાગ બનતાં જોઈ શકાય છે. એટલે કે હાર્દિકના બદલામાં નિકોલસ પૂરન મુંબઈ ઈન્ડિયન્સમાં જઈ શકે છે. ચેન્નઈ સુપર કિંગ્સના CEO કાશી વિશ્વનાથનનું કહેવું છે કે, અમારો પ્રથમ ટાર્ગેટ હેડ કોચની નિમણૂક કરવાનો છે, જે સ્ટીફન ફ્લેમિંગના ગયા બાદ ખાલી પડ્યું છે. જોકે, અગાઉ એવી અટકળો ચાલતી હતી કે હાર્દિકના બદલામાં CSKએ કોઈ પણ 2 ખેલાડીઓને છોડવા પડી શકે છે. આ માટે શિવમ દુબે, આયુષ મ્હાત્રે અને ડેવાલ્ડ બ્રેવિસના નામ પણ સામે આવ્યા હતા. કોલકાતા નાઈટ રાઈડર્સ 25.2 કરોડમાં ખરીદાયેલા કેમરોન ગ્રીનને રિલીઝ કરી શકે છે, પરંતુ તે MI માટે ફાયદાનો સોદો નહીં રહે. આગામી વર્ષે IPL બાદ તરત જ એશિઝ સિરીઝ રમાવાની છે.

# 2027 ODI વર્લ્ડ કપ માટે 10 ટીમો નક્કી: અફઘાનિસ્તાનની ધમાકેદાર એન્ટ્રી, બે વારની ચેમ્પિયન ટીમ બહાર.....!

નવી દિલ્હી, તા.11



દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબિયાની યજમાનીમાં યોજાનારા 2027 ODI વર્લ્ડ કપ માટે 10 ટીમોએ ક્વોલિફાય કરી લીધું છે. ત્રીજી વન-ડેમાં આયર્લેન્ડને 3 વિકેટે હરાવવાની સાથે જ અફઘાનિસ્તાને પણ વર્લ્ડ કપમાં ધમાકેદાર એન્ટ્રી કરી લીધી છે. આ ક્વોલિફિકેશન રેન્કિંગના આધારે થતાં 2 વખતની વર્લ્ડ ચેમ્પિયન ટીમ વર્લ્ડ કપમાંથી બહાર થઈ જવાની અણી પર છે.

યજમાન દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને છોડીને ICCની વન-ડે રેન્કિંગમાં ટોપ-8માં રહેનારી ટીમોને વર્લ્ડ કપ માટે ડાયરેક્ટ ક્વોલિફિકેશન મળ્યું છે. અફઘાનિસ્તાન માટે આયર્લેન્ડ સામેની સિરીઝ જીતવી ખૂબ જ જરૂરી હતી અને એ કરીને તેણે વર્લ્ડ કપમાં સ્થાન પાક્કું કરી લીધું છે.

રેન્કિંગના આધારે ભારત, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા ક્વોલિફાય કરી ચૂક્યા છે. બીજી તરફ દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને ટૂર્નામેન્ટના હોસ્ટ હોવાના નાતે વર્લ્ડ કપમાં ડાયરેક્ટ એન્ટ્રી મળી છે. આ રીતે આ 10 ટીમોએ અત્યાર સુધી ક્વોલિફાય કર્યું છે.

વાસ્તવમાં ICCએ 30 સપ્ટેમ્બર 2026ની ડેડલાઈન રાખી હતી. આ દિવસે વન-ડે રેન્કિંગમાં જે પણ ટોપ-8 ટીમ હશે, તેમને વર્લ્ડ કપની ટિકિટ મળશે. અફઘાનિસ્તાનની આયર્લેન્ડ સામેની સિરીઝ જીતથી એ સુનિશ્ચિત થઈ ગયું છે કે વેસ્ટઈન્ડીઝ વન-ડે રેન્કિંગમાં 30 સપ્ટેમ્બર પહેલા અફઘાનિસ્તાનને પાછળ નહીં છોડી શકશે. તેથી વેસ્ટઈન્ડીઝને આગામી વર્ષે વર્લ્ડ કપ રમવા માટે ક્વોલિફાયરમાંથી પસાર થવું પડશે.

ભારત, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, બાંગ્લાદેશ, શ્રીલંકા, ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે, અફઘાનિસ્તાન.

આ વખતે વર્લ્ડ કપનું ફોર્મેટ બદલી દેવામાં આવ્યું છે. આમ તો વર્લ્ડ કપ ટૂર્નામેન્ટ માટે હજુ 4 સ્લોટ ખાલી છે, પરંતુ તેમાંથી માત્ર 2 જ સુપર-12 સ્ટેજ સુધી પહોંચી શકશે. તાજેતરમાં જ ICCએ જાહેરાત કરીને જણાવ્યું હતું કે, ક્વોલિફાયર ટૂર્નામેન્ટમાં કુલ 10 ટીમ ભાગ લેશે, જેના વિજેતાને સીધી વર્લ્ડ કપની ટિકિટ મળી જશે.

બીજી તરફ ક્વોલિફાયર ટૂર્નામેન્ટમાં જે ટીમ બીજા, ત્રીજા અને ચોથા સ્થાને રહેશે, તેમની વચ્ચે એક સુપર સિરીઝ રમાશે. આ સુપર સિરીઝ વર્લ્ડ કપનો જ હિસ્સો હશે, અને તેનાથી જ 2027માં ટૂર્નામેન્ટની શરૂઆત થશે. આ સુપર સિરીઝનો વિજેતા સુપર-12 સ્ટેજને પૂર્ણ કરશે.

બીજી તરફ વેસ્ટઈન્ડીઝ માટે આ અત્યંત શરમજનક બાબત છે, જે સતત બીજી વખત ODI વર્લ્ડ કપ માટે ક્વોલિફાય નથી કરી શકી. આ પહેલાં તે 2023ના વર્લ્ડ કપનું ક્વોલિફિકેશન પણ મેળવી શકી ન હતી.

# પ્રિયંકા ચોપરા જોનાસ સાયન્સ-ફિક્શન એક્શન થ્રિલર 'બ્લુફ્લાય'માં રસેલ ક્રો સાથે જોવા મળશે

મુંબઈ, તા.11



પ્રિયંકા ચોપરા જોનાસ હોલિવૂડ અને બોલિવૂડ બંનેમાં એક પછી એક પોતાની ફિલ્મ પસંદ કરી રહી છે. પ્રિયંકાએ હવે પોતાની હોલીવૂડ કારકિર્દીમાં વધુ એક મોટો પ્રોજેક્ટ ઉમેર્યો છે. તે હવે ઓસ્કાર વિજેતા એક્ટર રસેલ ક્રો સાથે આગામી સાયન્સ-ફિક્શન એક્શન થ્રિલર 'બ્લુફ્લાય'માં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

ફિલ્મનું દિગ્દર્શન 'પ્રેડેટર્સ' અને 'સ્ટ્રેન્જર થિંગ્સ' સાથે જોડાયેલા નિમરોડ એન્ટલ કરશે. જ્યારે તેની સ્ક્રિપ્ટ ડેવિડ ફ્રિગેરિયો, વિલિયમ યુબેન્ક અને કાર્લાઈલ યુબેન્કે લખી છે.

તાજેતરમાં જ પ્રિયંકા ઓર્લાન્ડો બ્લૂમ સાથે સર્વાઈવલ થ્રિલર 'રીસેટ'માં જોવા મળશે તેવી જાહેરાત થઈ હતી. આ વર્ષે તેની પ્રાઈમ વિડિયો ફિલ્મ 'ધ બ્લફ' વૈશ્વિક સ્તરે નંબર-વન પર પહોંચી હતી. ત્યારબાદ તે ઈદ્રિસ એલ્બા અને જોન સીના સાથેની એક્શન-કોમેડી 'હેડ્સ ઓફ સ્ટેટ'માં જોવા મળી હતી, જે પ્રાઈમ વિડિયોની ચોથી સૌથી વધુ જોવાયેલી ફિલ્મ બની હતી.

આ ફિલ્મને 78મા પ્રાઈમટાઈમ એમી એવોર્ડ્સમાં આઉટસ્ટેન્ડિંગ ટેલિવિઝન મુવી માટે નોમિનેશન મળ્યું છે. ઉપરાંત 'ધ બ્લફ'માં તેના અભિનય બદલ પ્રિયંકાને 2026 ક્રિટિક્સ ચોઈસ સુપર એવોર્ડ્ઝમાં બેસ્ટ એક્ટ્રેસ ઈન એન એક્શન મુવી કેટેગરીમાં પણ નોમિનેશન મળ્યું છે. હવે તે એસ.એસ. રાજામૌલીની એક્શન-એડવેન્ચર ફિલ્મ 'વારાણસી'માં જોવા મળશે, જે 7 એપ્રિલ, 2027ના રોજ રિલીઝ થવાની છે.

બ્લુફ્લાય ફિલ્મમાં એક દુઃખી સંયુક્ત રાષ્ટ્ર (UN)ની અનુવાદકને એવા રહસ્યમય વિમાનને શોધવાના ગુપ્ત મિશનમાં સામેલ થવું પડે છે, જેનું સત્તાવાર રીતે કોઈ અસ્તિત્વ જ નથી.

મિલેશિયાના કબજાવાળા વિસ્તારમાં સ્પેશિયલ ઓપરેશન્સ ટીમ સાથેની આ સફર દરમિયાન એક પછી એક ચોંકાવનારા રહસ્યો સામે આવે છે અને આખરે ખુલાસો થાય છે કે આ વિમાનને ક્યારેય પાછું લાવવા માટે બનાવવામાં જ આવ્યું નહોતું.

ફિલ્મનું નિર્માણ માઈકલ જેફરસન, ડેવિડ ફ્રિગેરિયો, ડેબોરા ગ્લોવર, એરિયાને ફ્રેઝર, ડેલ્ફિન પેરિયર અને વેનેસા યાઓ ગુઓ કરી રહ્યા છે. હાઈલેન્ડ ફિલ્મ ગ્રુપ ફિલ્મના વૈશ્વિક વિતરણ અધિકારો સંભાળશે અને ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (TIFF) દરમિયાન આંતરરાષ્ટ્રીય ખરીદદારો સમક્ષ ફિલ્મ રજૂ કરશે.

ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંતમાં ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટ ખાતે શરૂ થવાની સંભાવના છે.

દિગ્દર્શક નિમરોડ એન્ટલે કહ્યું કે, 'બ્લુફ્લાય' એક પાત્રકેન્દ્રિત અને ગંભીર થ્રિલર છે, જે સાયન્સ-ફિક્શનના અનોખા આધાર પર રચાઈ છે અને આવી ફિલ્મ બનાવવાની તક મળવી તેમના માટે અત્યંત રોમાંચક છે. પ્રિયંકા ચોપરા જોનાસ અભિનય, નિર્માણ અને આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ વચ્ચે સંતુલન જાળવીને વૈશ્વિક મંચ પર ભારતીય સિનેમાનું પ્રતિનિધિત્વ કરી રહી છે. 'બ્લુફ્લાય' તેની હોલીવૂડ કારકિર્દીમાં વધુ એક મહત્વપૂર્ણ ઉમેરો સાબિત થવાની અપેક્ષા છે.

# 'માલામાલ વીકલી 2'માં રવિના ટંડન અને પરિણીતી ચોપરાની એન્ટ્રી.....

મુંબઈ, તા.11





'માલામાલ વીકલી 2' વિશે વધુ એક મોટી અપડેટ સામે આવી છે. અગાઉ ફિલ્મના નિર્માણ અને દિગ્દર્શક અંગેના અહેવાલો બાદ હવે ફિલ્મની સ્ટારકાસ્ટમાં બે જાણીતી અભિનેત્રીઓ રવિના ટંડન અને પરિણીતી ચોપરાની એન્ટ્રી થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ અહેવાલોમાં સુત્રોના જણાવ્યા મુજબ, બંને અભિનેત્રીઓને ફિલ્મની સ્ક્રિપ્ટ અને પોતાના પાત્રોને ઘણા ગમ્યાં હતાં અને કોઈ વિલંબ કર્યા વગર ફિલ્મ માટે સંમતિ આપી દીધી હતી.

સુત્રે જણાવ્યું કે ફિલ્મની વાર્તા અનુસાર બંને અભિનેત્રીઓ સંપૂર્ણપણે યોગ્ય છે. નિર્માતાઓ શરૂઆતથી જ તેમને ફિલ્મમાં લેવા ઈચ્છતા હતા અને સ્ક્રિપ્ટ સાંભળ્યા બાદ બંનેએ તરત જ ફિલ્મ સાઈન કરી લીધી છે.

સુત્રોના જણાવ્યા મુજબ, રવિના ટંડન અને પરિણીતી ચોપરા બંનેની કોમિક ટાઈમિંગ ફિલ્મ માટે મહત્વની સાબિત થશે. રવિના ટંડને 1990 અને 2000ના દાયકાની અનેક કોમેડી ફિલ્મોમાં પોતાની આગવી છાપ છોડી છે. તાજેતરમાં રિલીઝ થયેલી 'વેલકમ ટુ ધ જંગલ' (2026)માં પણ તેની કોમિક ટાઈમિંગનાં વખાણ થયાં છે. બીજી તરફ, પરિણીતી ચોપરાએ પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત 'લેડીઝ વર્સેસ રિકી બહલ' (2011)માં હળવી અને રમુજી ભૂમિકાથી કરી હતી. તેથી 'માલામાલ વીકલી 2'માં બંનેની જોડી દર્શકોને મનોરંજનનો ભરપૂર ડોઝ આપશે તેવી અપેક્ષા છે. ફિલ્મ માટે પરેશ રાવલનું નામ પહેલેથી જ નક્કી થઈ ચૂક્યું છે. હાલમાં નિર્માતાઓ અન્ય મહત્વના પાત્રો માટે જાણીતા કલાકારોની પસંદગી કરી રહ્યા છે.

# "મને ગમતું ભોજન ખાઈ શકું એ માટે ફિટ રહેવું છે" : તાપસી પન્નુ

મુંબઈ, તા.11



તાપસી પન્નુએ અનેક વખત એક્ટિવ લાઈફ સ્ટાઈલ જાળવવાની સાથે પોતાને ગમતું ભોજન માણવાના મહત્વ વિશે વાત કરી છે. તેનાં માટે ફિટનેસનો અર્થ દરરોજ એક જ પ્રકારની કડક કસરતના રૂટિનનું પાલન કરવું નથી, પરંતુ એવી વિવિધ શારીરિક પ્રવૃત્તિઓ છે, જે તેનો ઉત્સાહ જાળવી રાખે અને જીવનમાં સંતુલન જાળવવામાં મદદ કરે. ભોજન અને કસરત પ્રત્યેના પોતાનાં અભિગમ વિશે તાપસીએ ખાસ વાતચીતમાં જણાવ્યું, "મને ભોજન કરવું ખૂબ ગમે છે. મેં એક વાત સમજી છે કે જો તમે કેલરી કેટલી છે અને ભોજન કર્યા પછી કેટલું વજન વધી શકે છે તેની વધુ ચિંતા કર્યા વિના તમને ગમતું ભોજન માણવા માંગતા હો, તો તમારે તમારું વર્કઆઉટ છોડવું ન જોઈએ."

પરંપરાગત જિમ સેશન પર જ આધાર રાખવાને બદલે તાપસી પોતાનાં રૂટિનમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનો સમાવેશ કરે છે, જેથી ફિટનેસ એકધારી ન બની જાય. તાપસીએ જણાવ્યું કે સ્પોર્ટ્સ તેની ફિટનેસ રૂટિનનો અગત્યનો ભાગ છે અને સ્ક્વોશ તેની પસંદગીની પ્રવૃત્તિઓમાંની એક છે. આ ઉપરાંત તે જિમ વર્કઆઉટ્સ અને એરિયલ યોગા પણ કરે છે, જે તેને અલગ પ્રકારની શારીરિક ક્ષમતા આપે છે. તાપસીએ વધુમાં કહ્યું, "હું અઠવાડિયામાં ઓછામાં ઓછા બે વખત સ્પોર્ટ્સ રમું છું, ખાસ કરીને સ્ક્વોશ. હું જિમ પણ જાઉં છું અને એરિયલ યોગા પણ કરું છું. જેઓ આ વિશે જાણતા ન હોય તેમના માટે એરિયલ યોગા છત પરથી લટકાવવામાં આવેલા કપડાના હેમોકની મદદથી કરવામાં આવે છે. આ બે-ત્રણ રીતો છે જેના દ્વારા હું મારી જાતને ફિટ રાખું છું, કારણ કે દરરોજ જિમ જવું થોડા સમય પછી કંટાળાજનક બની શકે છે. ફિટ રહેવાની મારી સૌથી મોટી પ્રેરણા સરળ છે - મને ગમતું ભોજન હું ખાઈ શકું એ માટે ફિટ રહેવું છે."

# R.D.બર્મનની બાયોપિકમાં અક્ષય કુમાર રાજેશ ખન્નાની ભૂમિકા ભજવશે

મુંબઈ, તા.11



અગાઉ એવા અહેવાલો સામે આવ્યા હતા કે અક્ષય કુમાર અને નીરજ પાંડે આર.ડી. બર્મનની બાયોપિક માટે ફરી એકવાર કામ કરવા જઈ રહ્યા છે. અહેવાલમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આ ફિલ્મમાં અક્ષય કુમારનો વિસ્તૃત કેમિયો હશે, જ્યારે આર.ડી. બર્મનની મુખ્ય ભૂમિકા ફરહાન અખ્તર ભજવશે. હવે અક્ષય કુમારના ચાહકો માટે એક ખાસ અને અપડેટ સામે આવી છે. વિશ્વસનીય સુત્રોના જણાવ્યા અનુસાર, અક્ષય કુમારે આર.ડી. બર્મનની બાયોપિકમાં સુપરસ્ટાર રાજેશ ખન્નાની ભૂમિકા ભજવવા માટે કરાર કર્યો છે. સુત્રએ જણાવ્યું, "રાજેશ ખન્ના અને આર.ડી. બર્મન વચ્ચેનું જોડાણ ખૂબ જ ખાસ હતું અને નિર્માતાઓ તેને પડદા પર ફરીથી જીવંત કરવા માગે છે. આ ભૂમિકા ભજવવા માટે અક્ષય કુમાર સ્વાભાવિક પસંદગી છે, ખાસ કરીને ટ્વિંકલ ખન્ના અને ડિમ્પલ કાપડિયા સાથેના તેના પારિવારિક સંબંધોને ધ્યાનમાં લેતાં તે આ રોલ માટે યોગ્ય મનાય છે."

સુત્રએ વધુમાં જણાવ્યું કે અક્ષય કુમાર ફિલ્મમાં પોતાના સસરા રાજેશ ખન્નાની ભૂમિકા ભજવવા માટે ખૂબ જ ઉત્સાહિત છે.

સુત્રના જણાવ્યા અનુસાર, "અક્ષય રાજેશ ખન્નાનો મોટો પ્રશંસક છે અને તે આ દિગ્ગજ અભિનેતાને ખૂબ પસંદ કરતો હતો. રાજેશ ખન્ના તેના સસરા પણ હતા. ફિલ્મના શૂટિંગ માટે અક્ષયે 10 દિવસ ફાળવ્યા છે. ફિલ્મનું શૂટિંગ ઓક્ટોબર 2026માં શરૂ થશે."

આર.ડી. બર્મનની બાયોપિકનું દિગ્દર્શન નીરજ પાંડે કરી રહ્યા છે અને એક્સેલ એન્ટરટેઈન્મેન્ટ ફિલ્મનું નિર્માણ કરી રહ્યું છે. નિર્માતાઓ આ ફિલ્મમાં તે સમયગાળાના અન્ય મહત્વપૂર્ણ પાત્રોની ભૂમિકા ભજવવા માટે અનેક કલાકારોને કાસ્ટ કરવાની તૈયારીમાં છે. ફિલ્મમાં ફરહાન અખ્તર આર.ડી. બર્મનની મુખ્ય ભૂમિકામાં જોવા મળશે, જ્યારે અક્ષય કુમારનો વિસ્તૃત કેમિયો રાજેશ ખન્નાના પાત્રમાં હશે. રાજેશ ખન્ના અને આર.ડી. બર્મનની મિત્રતા અને વ્યાવસાયિક ભાગીદારીને પડદા પર કેવી રીતે રજૂ કરવામાં આવે છે, તે ફિલ્મનું એક મહત્વનું આકર્ષણ બની શકે છે.

# સોનું 1,849 વધીને ₹1.52 લાખ પર પહોંચ્યું

## ઓગસ્ટના 11 દિવસમાં ₹9,630 મોંઘું થયું, ચાંદી ₹15,985 વધીને ₹2.34 લાખ પ્રતિ કિલો થઈ

**મુંબઈ, તા.11**

કીમતી ધાતુઓના બજારમાં 11 ઓગસ્ટના રોજ જોરદાર તેજી જોવા મળી છે. સોના અને ચાંદી બંનેના ભાવમાં ઉછાળો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA ના ડેટા અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,849 રૂપિયાના વધારા સાથે 1.52 લાખ રૂપિયાની સપાટી પર પહોંચી ગયો છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં પણ મોટો ઉછાળો આવ્યો છે અને એક કિલો ચાંદીની કિંમત 2,907 રૂપિયા વધીને 2.34 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. ઓગસ્ટ મહિનાના શરૂઆતના માત્ર 10 દિવસની અંદર જ સોનાના ભાવમાં 9,630 રૂપિયા અને ચાંદીના ભાવમાં 15,985 રૂપિયાનો મજબૂત વધારો થઈ ચૂક્યો છે.



ચાલુ વર્ષે 2026 માં સોના અને ચાંદીના ભાવમાં સતત મોટા ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં કુલ 19 હજાર રૂપિયાનો વધારો નોંધાયો છે. 31 ડિસેમ્બર 2025 ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયાથી વધુ હતો, જે હવે વધીને 1.53 લાખ રૂપિયાના સ્તરે પહોંચ્યો છે. તે જ સમયે ચાંદીની કિંમતમાં પણ 4 હજાર રૂપિયાનો ચોખ્ખો વધારો થયો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલોના સ્તરે હતી, જે અત્યારે 2.34 લાખ રૂપિયા પર ટ્રેડ કરી રહી છે. આ વર્ષ દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાના પોતાના ઓલટાઈમ હાઈ એટલે કે રેકોર્ડ સર્વોચ્ચ સ્તરે પહોંચ્યા હતા.

વર્ષ 2026 દરમિયાન સોના અને ચાંદીના ભાવના વલણ પર નજર કરીએ તો ડિસેમ્બરના અંતે સોનું 1,33,195 રૂપિયા અને ચાંદી 2,30,420 રૂપિયા પર હતા. ત્યારબાદ જાન્યુઆરીના અંતે સોનું વધીને 1,65,795 રૂપિયા અને ચાંદી 3,39,350 રૂપિયા પહોંચી હતી. ફેબ્રુઆરીમાં સોનું 1,50,997 રૂપિયા અને ચાંદી 2,66,700 રૂપિયા નોંધાયા હતા. માર્ચ અંત સુધીમાં સોનું ઘટીને 1,46,733 રૂપિયા અને ચાંદી 2,30,135 રૂપિયા થઈ હતી. એપ્રિલમાં સોનું 1,50,263 રૂપિયા અને ચાંદી 2,40,331 રૂપિયા પર પહોંચ્યા. મે મહિનામાં સોનું 1,56,463 રૂપિયા અને ચાંદી 2,63,350 રૂપિયા નોંધાયા હતા. જૂન અંતે સોનું ઘટીને 1,41,286 રૂપિયા અને ચાંદી 2,25,425 રૂપિયા પર આવ્યા હતા. જુલાઈના અંતે સોનું 1,42,860 રૂપિયા અને ચાંદી 2,18,295 રૂપિયાના સ્તરે હતા. આ સિલસિલો આગળ વધતા 11 ઓગસ્ટ 2026 ના રોજ સોનું વધીને 1,52,490 રૂપિયા અને ચાંદી 2,34,280 રૂપિયાના સ્તરે પહોંચી ગયા છે.

કોમોડિટી ક્ષેત્રના નિષ્ણાત અજય કેડિયાના જણાવ્યા અનુસાર સોના અને ચાંદીના ભાવ પોતાની ઉચ્ચતમ સપાટીથી નોંધપાત્ર નીચે આવ્યા છે, જેના કારણે રોકાણકારો ફરીથી ખરીદી તરફ આકર્ષાઈ રહ્યા છે. જોકે તેમણે રોકાણકારોને એકસાથે મોટું રોકાણ કરવાને બદલે તબક્કાવાર રોકાણ કરવાની સલાહ આપી છે. તેમના અંદાજ મુજબ વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર 1.60 લાખ રૂપિયા અને ચાંદી 2.80 લાખ રૂપિયા સુધીની સપાટીને સ્પર્શી શકે છે.

કીમતી ધાતુઓમાં સીધી ખરીદી સિવાય એક્સચેન્જ ટ્રેડેડ ફંડ એટલે કે ETF દ્વારા પણ રોકાણ કરવાનો ઉત્તમ વિકલ્પ ઉપલબ્ધ છે. ગોલ્ડ ETF કે સિલ્વર ETF ની ખરીદ-વેચાણ સામાન્ય શેરની જેમ જ BSE અને NSE પર કરી શકાય છે. આ પ્રક્રિયામાં ભૌતિક સોનું કે ચાંદી મળતા નથી પરંતુ જ્યારે તમે નાણાં પાછા ખેંચો છો ત્યારે તે સમયે બજારમાં સોના-ચાંદીના જે ભાવ ચાલતા હોય તે મુજબ નાણાં ચૂકવવામાં આવે છે. આ માધ્યમથી માત્ર 500 રૂપિયા જેવા નાના સબસ્ક્રિપ્શનથી પણ રોકાણની શરૂઆત કરી શકાય છે.

ETF માં રોકાણ કરવા માટે રોકાણકારે પોતાના બ્રોકર દ્વારા ડીમેટ ખાતું ખોલાવવું પડે છે. ડીમેટ એકાઉન્ટ દ્વારા NSE પર ઉપલબ્ધ ETF ના યુનિટ ખરીદી શકાય છે અને તેની ખરીદ કિંમત લિંક કરેલા બેંક ખાતામાંથી કપાત થાય છે. ટ્રેડિંગ પ્રોસેસ પૂરી થયાના બે દિવસમાં ETF યુનિટ્સ ડીમેટ ખાતામાં જમા થઈ જાય છે, અને તેને વેચવા માટે પણ ટ્રેડિંગ ખાતાનો જ ઉપયોગ થાય છે.

જ્વેલર્સ પાસેથી ભૌતિક સોનું ખરીદતી વખતે કેટલીક મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ એટલે કે BIS નો હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદવું જોઈએ, જેના પર વિશિષ્ટ આલ્ફાન્યુમેરિક હોલમાર્કિંગ કોડ અંકિત હોય છે. આ કોડ સોનાની શુદ્ધતા અને કેરેટ દર્શાવે છે. આ ઉપરાંત ખરીદી કરતી વખતે સોનાનું સાચું વજન અને તે દિવસનો વર્તમાન ભાવ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ પરથી ક્રોસ ચેક કરી લેવો જોઈએ, કારણ કે 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ સોનાના ભાવ અલગ-અલગ હોય છે.

# માત્ર 6 દિવસ બાકી, પછી ગેસનો બાટલો નહીં મળે!: કંપનીઓએ ગ્રાહકોને આપી ચેતવણી, LPG સિલિન્ડર સસ્તા ભાવે લેવા ફટાફટ પતાવો આ કામ

**મુંબઈ, તા.11**

LPG સિલિન્ડરનો ઉપયોગ કરતા તમામ ગ્રાહકો માટે એક મહત્વપૂર્ણ અને તાકીદના સમાચાર સામે આવ્યા છે. જો તમે અત્યાર સુધી તમારા ગેસ કનેક્શનની ઈ-કેવાયસી (e-KYC) પ્રક્રિયા પૂર્ણ નથી કરી, તો તમારું ઈન્ડેન, HP કે ભારત ગેસનું કનેક્શન અટકી અથવા સસ્પેન્ડ થઈ શકે છે. દેશની અગ્રણી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પોતાના ગ્રાહકોને SMS અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા સતત એલર્ટ મોકલી રહી છે. કંપનીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું છે કે 16 ઓગસ્ટ સુધીમાં LPG સિલિન્ડર સંબંધિત આ અત્યંત જરૂરી પ્રક્રિયાને કોઈપણ સંજોગોમાં પૂર્ણ કરી લેવામાં આવે.

જો નિયત કરવામાં આવેલી છેલ્લી તારીખ સુધીમાં આ e-KYC પ્રક્રિયા પૂર્ણ કરવામાં નહીં આવે, તો ગ્રાહકોને ભવિષ્યમાં LPG સિલિન્ડરનું બુકિંગ કરાવવામાં અને નવો સિલિન્ડર મેળવવામાં મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સારી વાત એ છે કે આ મહત્વપૂર્ણ કામ માટે ક્યાંય લાંબી લાઈનોમાં ઊભા રહેવાની જરૂર નથી, પરંતુ ગ્રાહકો ઘરે બેઠા જ પોતાની સુવિધા મુજબ માત્ર થોડી મિનિટોમાં આ પ્રક્રિયા સરળતાથી પૂરી કરી શકે છે.



ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા તમામ LPG ગ્રાહકોના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર વિશેષ મેસેજ મોકલીને આ બાબતે જાગૃત કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પણ સત્તાવાર પોસ્ટ કરીને કંપનીઓ તમામ યુઝર્સને વહેલી તકે આ કામ પૂર્ણ કરવા માટે ખાસ અપીલ કરી રહી છે.

કંપનીઓ માત્ર સલાહ જ નથી આપી રહી પરંતુ કડક ચેતવણી પણ આપી રહી છે કે 16 ઓગસ્ટની નિર્ધારિત ડેડલાઈન પૂરી થયા બાદ ગ્રાહકોને સબસિડી વાળા અથવા સામાન્ય સ્થાનિક દરો પર LPG સિલિન્ડર ખરીદવાની સુવિધા મળશે નહીં. પરિણામે, ગ્રાહકોએ મોંઘા ભાવે સિલિન્ડર ખરીદવાની ફરજ પડી શકે છે. આ પરિસ્થિતિને જોતા સ્પષ્ટ થાય છે કે ગ્રાહકો પાસે આ કામ પતાવવા માટે માત્ર 6 દિવસ જેટલો જ સીમિત સમય બાકી રહ્યો છે. તેથી કોઈપણ પ્રકારની બિનજરૂરી મુશ્કેલી કે આર્થિક નુકસાનથી બચવા માટે છેલ્લી તારીખની વાટ જોયા વિના આ કામ તાત્કાલિક પતાવી લેવું હિતાવહ છે.


હાલના સમયમાં 14 કિલોગ્રામના ઘરેલું LPG સિલિન્ડરના ભાવ પર નજર કરીએ તો દેશના વિવિધ મહાનગરોમાં અલગ-અલગ દરો જોવા મળે છે. રાજધાની દિલ્હીમાં એક ઘરેલું સિલિન્ડરની કિંમત 942 રૂપિયા છે, જ્યારે કોલકાતામાં તે 968 રૂપિયામાં મળી રહ્યું છે. મુંબઈમાં ઘરેલું સિલિન્ડરનો ભાવ 941.50 રૂપિયા અને ચેન્નઈમાં 957.50 રૂપિયા નોંધાયો છે.

બીજી તરફ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ લાભ મેળવતા કરોડો ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારના ગ્રાહકોને સરકાર દ્વારા વિશેષ રાહત આપવામાં આવે છે. આ યોજનાના લાભાર્થીઓને દર વર્ષે ચાર LPG સિલિન્ડરના રિફિલિંગ પર 300 રૂપિયાની ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર એટલે કે DBT સબસિડી સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ સબસિડીના કારણે દિલ્હીમાં જે સિલિન્ડર સામાન્ય ગ્રાહકને 942 રૂપિયામાં મળે છે, તે જ સિલિન્ડર ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને માત્ર 642 રૂપિયાના રાહત દરે પ્રાપ્ત થાય છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ માત્ર ચેતવણી આપવા પૂરતું સીમિત ન રહેતા ગ્રાહકો આ ઈ-કેવાયસી પ્રક્રિયા ડિજિટલ માધ્યમથી કેવી રીતે સરળતાથી પૂરી કરી શકે તેની પદ્ધતિ પણ વિગતવાર દર્શાવી છે.

# સેન્સેક્સમાં 300 અંકનો ઘટાડો: 78,250 પર ટ્રેડિંગ, નિફ્ટી પણ 50 અંક તૂટ્યો, બેન્કિંગ અને FMCG શેરોમાં વધુ વેચવાલી

**મુંબઈ, તા.11**

ભારતીય શેરબજારમાં 11 ઓગસ્ટના રોજ સવારથી જ નરમ વલણ જોવા મળી રહ્યું છે અને કારોબારી સેશનમાં વેચવાલીનું ભારે દબાણ નોંધાયું છે. મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા છે. સેન્સેક્સ લગભગ 300 પોઈન્ટના ઘટાડા સાથે 78,250 ના મહત્વપૂર્ણ સ્તરે પહોંચી ગયો છે, જ્યારે નિફ્ટીમાં પણ 50 પોઈન્ટથી વધુનો ઘટાડો જોવા મળ્યો છે અને તે 24,500 ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. આજના કારોબાર દરમિયાન ખાસ કરીને બેન્કિંગ અને FMCG ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી રહી છે, જેના કારણે એકંદર બજારના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી છે. પ્રાથમિક શેરબજાર એટલે કે IPO માર્કેટમાં રોકાણકારો માટે નવી તકો ખુલ્લી છે. હાલમાં મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ અને ધૂત ટ્રાન્સમિશનના IPO રોકાણ માટે ઉપલબ્ધ છે. મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ આ IPO દ્વારા બજારમાંથી 939.70 કરોડ રૂપિયા એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, જ્યારે ધૂત ટ્રાન્સમિશન રૂ. 3,066.89 કરોડનું જંગી ફંડ એકત્ર કરવા માંગે છે. આ બંને



કંપનીઓના IPO માં રોકાણકારો પાસે 12 ઓગસ્ટ સુધી અરજી કરવાનો અને નાણાં રોકવાનો મોકો રહેશે. વૈશ્વિક બજારોના સંકેતો તરફ નજર કરીએ તો એશિયન બજારોમાં આજે મિશ્ર કારોબાર જોવા મળી રહ્યો છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 47 પોઈન્ટ એટલે કે 0.77% ના વધારા સાથે 6,353 ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. જાપાનના નિકેઈ ઈન્ડેક્સમાં શાનદાર તેજી જોવા મળી છે, જે 1,364 પોઈન્ટ અથવા 2.08% ના ઉછાળા સાથે 66,970 ના સ્તરે પહોંચી ગયો છે. જોકે, હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ દબાણમાં જોવા મળ્યો છે અને તે 146 પોઈન્ટ એટલે કે 0.52% ઘટીને 25,791 ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે.

આ અગાઉ 10 ઓગસ્ટે અમેરિકી શેરબજારોમાં પણ ઘટાડાનો દોર જોવા મળ્યો હતો. અમેરિકાના તમામ મુખ્ય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા હતા. ડાઉ જોન્સ 61 પોઈન્ટ એટલે કે 0.11% ના ઘટાડા સાથે 53,976 ની સપાટીએ બંધ રહ્યો હતો. નાસ્ડેક ઈન્ડેક્સમાં પણ 85 પોઈન્ટ અથવા 0.32% નો ઘટાડો નોંધાયો હતો અને તે 26,605 પર પહોંચ્યો હતો. આ ઉપરાંત S&P 500 પણ 5 પોઈન્ટ અથવા 0.06% ના મામૂલી ઘટાડા સાથે 7,753 ના સ્તરે બંધ થયો હતો.


સંસ્થાકીય રોકાણકારોની પ્રવૃત્તિઓની વાત કરીએ તો વિદેશી રોકાણકારો (FII/FPI) ફરીથી ખરીદદાર બનતા જોવા મળ્યા છે. તાજેતરના આંકડા મુજબ FII એ 1,975 કરોડ રૂપિયાની ખરીદી કરી છે અને છેલ્લા 7 દિવસમાં તેમણે કુલ 1,494 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે. જોકે, છેલ્લા 30 દિવસના ગાળામાં વિદેશી રોકાણકારોએ કુલ 5,490 કરોડ રૂપિયાની ચોખ્ખી વેચવાલી કરી છે. બીજી તરફ, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ તાજેતરમાં 1,290 કરોડ રૂપિયાની વેચવાલી કરી છે, પરંતુ છેલ્લા 7 દિવસમાં તેમણે 5,842 કરોડ રૂપિયા અને છેલ્લા 30 દિવસમાં 30,311 કરોડ રૂપિયાનું મોટું રોકાણ કરીને બજારને મજબૂત ટેકો પૂરો પાડ્યો છે. ભારતીય શેરબજારમાં આજના ઘટાડા પહેલા અગાઉના કારોબારી દિવસે એટલે કે 10 ઓગસ્ટે હળવો સુધારો જોવા મળ્યો હતો.

# હવે બજારમાં જોવા મળશે પ્લાસ્ટિકની નવી નોટો: 10 અને 20 રૂપિયાની 100-100 કરોડ નોટ આવશે, નાણામંત્રી નિર્મલા સીતારમણે આપી મંજૂરી

**મુંબઈ, તા.11**

ભારત સરકારે 10 અને 20 રૂપિયાના મૂલ્યની પોલિમર બેંક નોટોના ફિલ્ડ ટ્રાયલને સત્તાવાર મંજૂરી આપી દીધી છે, જે દેશની ચલણી સિસ્ટમમાં એક મોટો અને મહત્વપૂર્ણ બદલાવ માનવામાં આવી રહ્યો છે. આ યોજના હેઠળ બંને મૂલ્યની 100-100 કરોડ પોલિમર એટલે કે પ્લાસ્ટિક મટીરીયલ આધારિત નોટો બજારમાં પ્રયોગાત્મક ધોરણે જાહેર કરવામાં આવશે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે રાજ્યસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં આ અંગેની મહત્વપૂર્ણ માહિતી આપતા સ્પષ્ટ કર્યું હતું કે ભારતીય રિઝર્વ બેંક એટલે કે RBI તરફથી 10 અને 20 રૂપિયાની પોલિમર નોટોના ફિલ્ડ ટ્રાયલ માટે ખાસ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રારંભિક ટ્રાયલ સફળ રહ્યા બાદ આ બંને મૂલ્યની પોલિમર નોટોને દેશમાં નિયમિતપણે જાહેર કરીને ચલણમાં લાવવામાં આવશે. નાણામંત્રીએ ઉમેર્યું હતું કે RBI ના આયોજન મુજબ આ નવી પોલિમર નોટો હાલમાં ચાલી રહેલી સામાન્ય કાગળની નોટોની સાથે જ બજારમાં ચલાવવામાં આવશે.

પોલિમર બેંક નોટ એ કાગળને બદલે એક ખાસ પ્રકારના મજબૂત પ્લાસ્ટિક મટીરીયલ એટલે કે પોલિમર સબસ્ટ્રેટ પર છાપવામાં આવતી નોટ છે. આ નોટો હાથમાં પકડવાથી અને સ્પર્શ કરવાથી સામાન્ય કાગળની નોટો જેટલી જ હળવી અનુભવાય છે, પરંતુ તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તે પાણીમાં પલળવાથી પણ ખરાબ થતી નથી અને તેની આયુષ્ય ક્ષમતા સામાન્ય નોટો કરતાં ઘણી વધારે હોય છે. આ નોટો લાવવા પાછળનું મુખ્ય કારણ તેની લાંબી શેલ્ફ લાઈફ છે, કારણ કે તે પાણી, ધૂળ અને ગંદકીથી જલ્દીથી ખરાબ થતી નથી તેમજ આસાનીથી ફાટતી પણ નથી. આ ઉપરાંત પોલિમર શીટ પર અત્યાધુનિક સિક્યોરિટી ફીચર્સ સહેલાઈથી ઉમેરી શકાતા હોવાથી નકલી નોટોનું દૂષણ નાબૂદ કરવામાં મદદ મળશે. નાણાકીય દ્રષ્ટિએ પણ આ નિર્ણય ખૂબ ફાયદાકારક છે, કારણ કે કાગળની નોટો ઝડપથી ઘસાઈ જતી હોવાથી તેના પુનઃમુદ્રણ પાછળ જંગી ખર્ચ થાય છે. નાણાકીય વર્ષ 2025 માં RBI એ કાગળની નોટોની છપાઈ



પાછળ 6,372.8 કરોડ રૂપિયાનો વિશાળ ખર્ચ કર્યો હતો, જ્યારે પોલિમર નોટો લાંબો સમય ટકી રહેતી હોવાથી વારંવાર પ્રિન્ટિંગ કરવાનો મોટો ખર્ચ બચાવી શકાશે.

નવી નોટો આવવાથી જૂની કાગળની નોટો બંધ થઈ જશે કે કેમ તે અંગે સ્પષ્ટતા કરતા સરકાર અને RBI એ ખાતરી આપી છે કે પોલિમર નોટોની શરૂઆત થવાથી જૂની કાગળની નોટો ચલણમાંથી બહાર કરવામાં આવશે નહીં. બજારમાં પોલિમર અને કાગળ બંને પ્રકારની નોટો એકસાથે ચાલુ રહેશે અને આ બદલાવ ખૂબ જ ધીમે-ધીમે તથા અલગ-અલગ તબક્કામાં અમલમાં મૂકવામાં આવશે. જ્યાં સુધી નવી નોટો વ્યવસ્થામાં સંપૂર્ણપણે સ્થાપિત ન થઈ જાય ત્યાં સુધી જૂની કાગળની નોટોનું ચલણ યથાવત રાખવામાં આવશે.

ભારતમાં પોલિમર નોટોનો ઈતિહાસ જોઈએ તો નોટોની આયુષ્ય ક્ષમતા વધારવા માટે વર્ષ 2012 માં પહેલીવાર પોલિમર નોટ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ કેટલાક ટેકનિકલ કારણોસર તે પ્રોજેક્ટ આગળ વધી શક્યો ન હતો. ત્યારબાદ મે અને જૂન મહિનામાં મીડિયા રિપોર્ટ્સ અને આરબીઆઈના આંતરિક અહેવાલોમાં આ વિચારણા ફરી સામે આવી હતી, જેના પર મોહર મારતા આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ પુષ્ટિ કરી હતી કે પોલિમર નોટો લાવવાનો પ્રસ્તાવ ગંભીર વિચારણા હેઠળ છે અને તેના તમામ પાસાઓ તથા ફાયદા-ગેરફાયદાનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. વૈશ્વિક સ્તરે જોઈએ તો વિશ્વના 60 થી વધુ દેશોમાં પોલિમર બેંક નોટ્સનો સફળતાપૂર્વક ઉપયોગ થઈ રહ્યો છે, જેમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુનાઈટેડ કિંગડમ અને ન્યુઝીલેન્ડ જેવા અગ્રણી દેશોનો સમાવેશ થાય છે.

ભારતમાં ચલણી નોટોમાં ફેરફાર અને નોટબંધીના ઈતિહાસ પર નજર કરીએ તો આઝાદી પહેલા અને પછી મળીને મુખ્યત્વે ત્રણ વખત મોટા મૂલ્યની નોટો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રથમ વખત જાન્યુઆરી 1946 માં બ્રિટિશ શાસન દરમિયાન કાળા નાણાં અને યુદ્ધ સમયની ગેરકાયદેસર કમાણી પર રોક લગાવવા માટે 500, 1000 અને 10,000 રૂપિયાની નોટો બંધ કરવામાં આવી હતી, જેને બાદમાં 1954 માં પુનઃ શરૂ કરાઈ હતી. બીજી વખત જાન્યુઆરી 1978 માં મોરારજી દેસાઈની જનતા પાર્ટી સરકારે ચૂંટણીમાં વપરાતા કાળા નાણાં અને ભ્રષ્ટાચારને નાથવા 1,000, 5,000 અને 10,000 રૂપિયાની નોટો રદ કરી હતી. ત્રીજી વખત 8 નવેમ્બર 2016 ના રોજ નરેન્દ્ર મોદી સરકારે રાતોરાત 500 અને 1,000 રૂપિયાની નોટો અમાન્ય જાહેર કરી હતી અને તેની જગ્યાએ 500 ની નવી નોટ તથા 2,000 ની નવી નોટ બહાર પાડી હતી. આ સિવાય 19 મે 2023 ના રોજ RBI એ પોતાની 'ક્લીન નોટ પોલિસી' હેઠળ 2,000 રૂપિયાની નોટને સર્ક્યુલેશનમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી, જે નોટબંધી ન હતી પરંતુ બેંકમાં નોટ બદલી આપવા માટે ચોક્કસ સમયગાળો આપવામાં આવ્યો હતો.

# ડાબરે FSSAI પર ભેદભાવનો આરોપ લગાવ્યો: કહ્યું- સ્પર્ધકોને ફાયદો પહોંચાડી રહી છે, પ્રતિબંધથી ₹150 કરોડના માલ પર સંકટ હતું

**નવી દિલ્હી, તા.11**

એફએમસીજી કંપની ડાબરે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો. કંપનીએ FSSAI પર ભેદભાવ કરવાનો આરોપ લગાવ્યો છે. આ ઉપરાંત, કંપનીએ FSSAI પર સ્પર્ધકોમાં સામેલ અન્ય ઉત્પાદકોના વ્યાપારી હિતોને પ્રોત્સાહન આપવાનો પણ આરોપ લગાવ્યો. ડાબરનો દાવો છે કે પ્રોડક્ટ્સ પર '100%' દાવાના ઉપયોગ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાના આદેશથી તેની 150 કરોડની કિંમતની ઈન્વેન્ટરી એટલે કે માલ નાશ થવાના જોખમમાં આવી ગયો હતો. 6 ઓગસ્ટે દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરેલી તેની અરજીમાં ડાબરે FSSAIના આ આદેશને વિચાર્યા વગર જારી કરાયેલો અને એકતરફી ગણાવ્યો છે. અરજી પર સુનાવણી કરતા દિલ્હી હાઈકોર્ટે કંપનીને રાહત આપતા FSSAIના આદેશ પર 24 ઓગસ્ટ સુધી સ્ટે લગાવી દીધો. કોર્ટે માન્યું કે આવા કોઈ પણ નિર્દેશ જારી કરતા પહેલા કંપનીને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવી જોઈતી હતી. ફૂડ રેગ્યુલેટર FSSAI એ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સની જાહેરાતો અને લેબલ્સ પર 100% પ્યોર, 100% નેચરલ અથવા 100% ઓર્ગેનિક જેવા દાવાઓને ભ્રામક ગણાવ્યા છે. FSSAI અનુસાર, આ પ્રકારના દાવાઓ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (એડવર્ટાઈઝિંગ એન્ડ ક્લેમ્સ) રેગ્યુલેશન, 2018નું ઉલ્લંઘન કરે છે. FSSAIએ તાત્કાલિક અસરથી 100% ક્લેમવાળા પ્રોડક્ટ્સના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો અને ડાબર પાસેથી 15 દિવસની અંદર એક્શન ટેકન રિપોર્ટ (ATR) માંગ્યો હતો. FSSAIનો તર્ક છે કે આવા શબ્દોના ઉપયોગથી અન્ય કંપનીઓના પ્રોડક્ટ્સની છબીને અસર થાય છે.

ડાબરે તેની રિટ અરજીમાં FSSAIના આરોપોને નકારી કાઢ્યા છે. કંપનીનું કહેવું છે કે 100% દાવો કોઈપણ અન્ય ઉત્પાદકનો સંદર્ભ આપ્યા વિના સ્વતંત્ર રીતે ઉપયોગમાં લેવાય છે. આ સમગ્ર ઉદ્યોગમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતો શબ્દ છે. કંપની અનુસાર, તે સ્પષ્ટ છે કે આ પ્રતિબંધ જનહિતમાં જારી કરવામાં આવ્યો નથી, પરંતુ અન્ય ઉત્પાદકોના




વ્યાપારી હિતોને સાધવા માટે જારી કરવામાં આવ્યો છે. ડાબરે દાવો કર્યો કે FSSAIએ કોઈ કારણદર્શક નોટિસ કે સુધારાની તક આપ્યા વિના સીધો પ્રતિબંધ લગાવી દીધો. FSSAIની આ કાર્યવાહીથી ડાબરના 11 મુખ્ય ફ્લેગશિપ ઉત્પાદનો સીધા પ્રભાવિત થયા છે. આમાં ડાબર હની, ડાબર વર્જિન કોકોનટ ઓઈલ અને રિયલ એક્ટિવ કોકોનટ વોટર જેવી મોટી બ્રાન્ડ્સ શામેલ છે. ડાબરનો આરોપ છે કે FSSAIએ લેબલ્સની તપાસ કર્યા વિના આદેશ જારી કર્યો છે. કંપનીના જણાવ્યા અનુસાર, ડાબર હોમમેઈડ કોકોનટ મિલ્ક અને ડાબર કોલ્ડ પ્રેસ્ડ સેસમ ઓઈલના લેબલ પર ક્યારેય 100%નો દાવો લખવામાં આવ્યો ન હતો, તેમ છતાં તેમને પ્રતિબંધિત સૂચિમાં શામેલ કરવામાં આવ્યા. આનાથી કંપનીની 150 કરોડની ઈન્વેન્ટરી બરબાદ થવાની આરે છે.

FSSAIના આ આદેશને સોશિયલ મીડિયા પર સાર્વજનિક કરવામાં આવ્યા બાદ ડાબરની રિટેલ સપ્લાય ચેઈન અચાનક પ્રભાવિત થઈ ગઈ. ઘણા રિટેલ અને ઓનલાઈન ચેનલોને કંપનીના 100% ક્લેમવાળા પ્રોડક્ટ્સ ન વેચવાની સલાહ આપવામાં આવી. 4 ઓગસ્ટે ઝોમેટોના ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ બ્લિંકિટે ડાબરને અલ્ટીમેટમ જારી કરતા તેના પ્રોડક્ટ્સની લિસ્ટિંગને તરત જ ડિસેબલ કરી દીધી. બ્લિંકિટે ઈમેલમાં સ્પષ્ટ કર્યું કે આ મામલે ઉદ્ભવતી કોઈપણ કાનૂની કે નાણાકીય જવાબદારી માટે તે જવાબદાર રહેશે નહીં. જ્યારે હોસ્પિટાલિટી બ્રાન્ડ હિલ્ટન હોટેલ્સે પણ વિવાદ ઉકેલાય ત્યાં સુધી પ્રભાવિત પ્રોડક્ટ્સને પોતાની સપ્લાયમાંથી બહાર રાખવાનો પ્રસ્તાવ મૂક્યો. ડાબરે સ્થિતિ સ્પષ્ટ કરતા કહ્યું કે તે FSSAIના પત્રમાં જણાવેલ પ્રોડક્ટ્સના લેબલ્સ પરથી 100% ક્લેમ હટાવવાની પ્રક્રિયા પહેલાથી જ શરૂ કરી ચૂકી હતી.

કંપનીના ગયા અઠવાડિયે જાહેર કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, આદેશમાં ઉલ્લેખિત મોટાભાગના પ્રોડક્ટ્સના લેબલ્સ, જાહેરાતો અને વેબસાઈટ રેફરન્સને 100% ક્લેમ વગરના નવા લેબલ્સમાં બદલી દેવામાં આવ્યા છે અથવા બદલવાની અંતિમ પ્રક્રિયામાં છે. FSSAI છેલ્લા કેટલાક દિવસોથી FMCG કંપનીઓની ભ્રામક જાહેરાતો, આર્ટિફિશિયલ ઈન્ગ્રેડિયન્ટ્સના ઉપયોગ અને સ્વચ્છતા સંબંધિત મામલાઓ પર કડક કાર્યવાહી કરી રહ્યું છે. રેગ્યુલેટરે પ્રોસેસ્ડ ફૂડ્સ પર કોઈ નક્કર ચકાસણી વિના ઉપયોગમાં લેવાતા માર્કેટિંગ શબ્દો પર પ્રતિબંધ મૂક્યો છે. હાલમાં FSSAIએ આ કાનૂની મામલા અને ડાબરના આરોપો પર તરત કોઈ સત્તાવાર જવાબ કે પ્રતિક્રિયા જાહેર કરી નથી. દિલ્હી હાઈકોર્ટ દ્વારા 24 ઓગસ્ટ સુધીની રાહત આપ્યા બાદ હવે બધાની નજર આગામી કોર્ટ સુનાવણી પર ટકેલી છે. શો-કોઝ નોટિસ ફરજિયાત: ખાદ્ય સુરક્ષા નિયમો અનુસાર, જો FSSAIને કોઈ પ્રોડક્ટની જાહેરાત કે ક્લેમ પર વાંધો હોય, તો પહેલા ફૂડ બિઝનેસ ઓપરેટર (FBO)ને સ્પષ્ટતા આપવા માટે નોટિસ આપવી પડે છે.

# અમેરિકી કોર્ટે ગૌતમ અદાણી પરનો કેસ રદ કર્યો: લાંચ-ઠગાઈના આરોપો પાછા ખેંચાયા, અદાણીએ લખ્યું- કોર્ટના નિર્ણયનું સન્માન કરું છું

**ન્યૂયોર્ક, તા.11**

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી માટે અમેરિકાથી અત્યંત રાહતના અને મોટા સમાચાર સામે આવ્યા છે. સોમવારે અમેરિકાની ફેડરલ કોર્ટે તેમની સામે ચાલી રહેલો ફોજદારી કેસ સત્તાવાર રીતે રદ કરી દીધો છે. અદાલતે ગૌતમ અદાણી અને અન્ય તમામ આરોપીઓ સામે લાંચ અને છેતરપિંડીના આરોપો સંબંધિત કાનૂની કાર્યવાહીને આગળ ન વધારવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. બ્રુકલિનના અમેરિકી જિલ્લા ન્યાયાધીશ નિકોલસ ગારૌફિસે કેસ રદ કરવા માટેની રજૂ કરાયેલી માગને મંજૂરી આપીને આ ચુકાદો આપ્યો છે. આ સમગ્ર વિવાદની શરૂઆત વર્ષ 2024માં થઈ હતી, જ્યારે ગૌતમ અદાણી પર એવો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેમણે ભારતીય સરકારી અધિકારીઓને લાંચ આપવા સંમતિ દર્શાવી હતી. આ લાંચ અદાણી ગ્રુપની એક સહાયક કંપનીને સોલર એનર્જી પ્લાન્ટ વિકસાવવાની મંજૂરી મેળવવાના હેતુથી આપવામાં આવી હોવાનો દાવો કરાયો હતો. જોકે, અદાણી ગ્રુપે પ્રથમ દિવસથી જ આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવીને કોઈપણ ગેરરીતિ કે ખોટા કાર્યોનો સખત શબ્દોમાં ઈનકાર કર્યો હતો.



અદાલતનો આ સકારાત્મક ચુકાદો આવ્યા બાદ ગૌતમ અદાણીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાની પ્રતિક્રિયા આપતા લખ્યું હતું કે તેઓ ન્યાયિક પ્રક્રિયા પ્રત્યે નમ્રતા અને ઊંડા સન્માન સાથે અમેરિકી અદાલતના આ નિર્ણયનું હૃદયપૂર્વક સ્વાગત કરે છે. આ બાબતે અગાઉ 15 જુલાઈના રોજ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં ગૌતમ અદાણીએ સ્પષ્ટતા કરી હતી કે તેમને કોઈપણ પ્રકારની સમજૂતી કે સેટલમેન્ટ અંગેની જાણકારી નથી. સાથે જ તેમણે એ વાતનો પણ સ્વીકાર કર્યો હતો કે તેઓ અગાઉ અમેરિકામાં 10 અબજ ડોલરનું વિદેશી રોકાણ કરવાનું વચન આપી ચૂક્યા છે. અદાણીએ વધુમાં જણાવ્યું હતું કે તેમના કાનૂની વકીલોએ ન્યાય વિભાગ સાથે યોજાયેલી બેઠકો દરમિયાન એ બાબત ટાંકી હતી કે આ રોકાણનું વચન કદાચ આ સમગ્ર કાનૂની બાબતોના ઉકેલ કે સમાધાનનો એક ભાગ હોઈ શકે છે.

કેસ પાછો ખેંચવાની આ પ્રક્રિયામાં 18 મેના રોજ એક મહત્વપૂર્ણ વળાંક આવ્યો હતો, જ્યારે અમેરિકી ન્યાય વિભાગે જાહેરાત કરી હતી કે તેઓ આ મામલાને હવે કાનૂની રીતે આગળ વધારવા માંગતા નથી. જોકે, કાયદાકીય નિયમો અનુસાર કોઈપણ કેસના આરોપો ઔપચારિક રીતે ત્યારે જ રદ ગણાય જ્યારે સંબંધિત જજ તેને મંજૂરી આપે, અને હવે જજે મંજૂરી આપતાં જ કેસ કાયદેસર રીતે સમાપ્ત થયો છે. ઔદ્યોગિક જગતના એક પ્રેરણાદાયી ઉદ્યોગપતિ તરીકે ગૌતમ અદાણીએ 1988માં ગુજરાતમાં માત્ર 16 વર્ષની નાની ઉંમરે સ્કૂલ છોડ્યા પછી કોમોડિટી ટ્રેડિંગથી પોતાની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી હતી. છેલ્લા કેટલાક દાયકાઓમાં સતત મહેનત અને વ્યૂહાત્મક આયોજન દ્વારા તેમણે પોતાના ગ્રુપનો વિસ્તાર બંદરો, એરપોર્ટ્સ, માઈનિંગ, વીજળી ઉત્પાદન, પાવર ટ્રાન્સમિશન અને લોજિસ્ટિક્સ જેવા વિવિધ ચાવીરૂપ ક્ષેત્રોમાં કર્યો છે. આજે અદાણી ગ્રુપ ભારત દેશના સૌથી મોટા અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સામ્રાજ્યોમાંથી એક તરીકે સ્થાપિત થઈ ચૂક્યું છે, ત્યારે અમેરિકી કેસ પૂર્ણ થવાના આ સમાચાર અદાણી ગ્રુપ માટે વૈશ્વિક સ્તરે બહુ મોટી જીત સમાન માનવામાં આવી રહ્યા છે.

# શીલજની આનંદ નિકેતન સ્કૂલે આપેલા નાસ્તામાંથી કાચનો ટુકડો નીકળ્યો

## પ્રાર્થના બંધ કરી અન્ય ધર્મનું પુસ્તક વાંચવા દબાણ કરાતું હોવાનો આક્ષેપ, શાળામાં વાલીઓનો હોબાળો

**અમદાવાદ, તા.11**

અમદાવાદના શીલજની આનંદ નિકેતન સ્કૂલ વિવાદમાં આવી છે. વિદ્યાર્થીને આપેલા નાસ્તામાંથી કાચનો ટુકડો નીકળ્યો હોવાના વાલીઓએ આક્ષેપ લગાવ્યો છે. VHP અને વાલીઓએ સ્કૂલમાં હોબાળો કરી વિરોધ કર્યો છે. તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગને પણ ફરિયાદ કરવામાં આવી છે.



અન્ય ધર્મનું પુસ્તક વિદ્યાર્થીઓને વાંચવા માટે દબાણ કરાતું હોવાની ફરિયાદ વાલીઓ અને VHPએ અમદાવાદ શહેર-જિલ્લા શિક્ષણાધિકારીને કરી હતી. તેમજ એક મહિનાથી પણ વધુ સમયથી સવારથી પ્રાર્થના પણ બંધ કરી દીધા હોવાનો આક્ષેપ છે. જેથી ઘટનાની ગંભીરતાને લઈને શિક્ષણાધિકારીએ સ્કૂલને નોટિસ ફટકારી ખુલાસો રજૂ કરવા સૂચના આપી છે.

શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, આનંદ નિકેતન સ્કૂલમાં છેલ્લા એક મહિનાથી સવારની પ્રાર્થનાં કરવામાં આવતી નથી તેવી ફરિયાદ મળી હતી. સ્કૂલે અન્ય ધર્મનું પુસ્તક વાંચવા માટે વિદ્યાર્થીઓને કહેવામાં આવી તેવી પણ ફરિયાદ મળી હતી. જેથી શિક્ષણ નિરીક્ષકને તપાસ કરવા માટે સૂચના આપી છે અને તપાસ રિપોર્ટ આવ્યા બાદ હકીકત સામે આવશે. તેમજ સ્કૂલોને અગાઉથી જ કહેવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓ અને વાલીઓની ધાર્મિક લાગણી ક્યારેય દુભાય નહીં તે પ્રમાણે કાર્ય કરવાનું રહેશે. જો કોઈ એક ડાયરેક્શન આપવામાં આવતું હોય તો તે ગેરકાયદેસર છે. જેથી હવે તપાસ અહેવાલના આધારે સમગ્ર હકીકત સામે આવશે અને કાર્યવાહી કરાશે.

આનંદ નિકેતન સ્કૂલના વિદ્યાર્થીઓને ફરજિયાત પણે અમુક બુક વાંચવા દબાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું. જેથી ફરિયાદને લઈને વિદ્યાર્થી દીઠ 10 હજાર દંડ કેમ ન કરવો? તેનો એક જ દિવસમાં ખુલાસો રજૂ કરવા માટે નોટિસ આપીને આદેશ કરવામાં આવ્યો છે.

આનંદ નિકેતન સ્કૂલને એક જ દિવસમાં જિલ્લા શિક્ષણાધિકારીએ બીજી નોટિસ ફટકારી છે. નાસ્તામાં કાચનો તૂકડો મળી આવ્યા હોવાની વાલીઓની ફરિયાદના આધારે કારણદર્શક નોટિસ ફટકારી જવાબ માગવામાં આવ્યો છે. આજે જ ખુલાસો રજૂ કરવા જિલ્લા શિક્ષણાધિકારીએ સૂચના આપી છે. જો એક જ દિવસમાં યોગ્ય જવાબ નહીં મળે તો કડક કાર્યવાહી કરવાની પણ જિલ્લા શિક્ષણાધિકારીએ તૈયારી દર્શાવી છે.

વાલી કોશા શાહે કહ્યું કે, નાસ્તામાંથી કાચ જેવી વસ્તુ મળી હતી. જે બાળકે શિક્ષકને મોઢામાંથી કાઢીને આપી હતી. જોકે ડોક્ટરનું કહેવું છેકે, મારા બાળકને ચીરો મારવો પડે. સ્કૂલની ભૂલ થઈ ગઈ એવું અમે સમજીએ છીએ પરંતુ અમને વસ્તુ આપી દેવામાં આવે, અમે વિનંતી કરીએ છીએ. શિક્ષકો એવું કહે છે કે અમે અચ્યા પણ ખબર નથી તે શું હતું. અમને બોલાવ્યા હતા તો અત્યારે કોઈ જવાબ આપવા માટે બહાર નથી, ભાગી ગયા એવું જ સમજી શકીએ.

બજરંગદળના સભ્ય કિશન દવેએ કહ્યું કે, અમને ફરિયાદ મળી હતી કે પ્રેયર ચાલતી હતી જે એક મહિનાથી બંધ કરી છે. તેમજ જો કોઈ ફરિયાદ કરવા માટે જાય તો યોગ્ય જવાબ આપવામાં આવતો નથી. ભારતનો વિરોધ કરનાર મહિલા વિશે ભણાવવા માટે ચોપડી આપી છે. જે મહિલાને નમાજ પઢતી બતાવવામાં આવી છે. જેમાં એવું બતાવવામાં આવ્યું છે કે, તું નમાજ પઢશે તો શાંતીનું નોબેલ પ્રાઈઝ મળશે. વાલીઓ સારા સંસ્કાર અને સારા અભ્યાસ માટે 2 લાખ આપે છે. અમે કીધું તો એવું કહ્યું કે તેને નોબેલ પ્રાઈઝ મળ્યો હતો. તો શું બિન લાદેનને નોબેલ પ્રાઈઝ મળશે તો શું તેને ભણાવવામાં આવશે? તેમજ નેશનલ એન્થમ પણ બંધ કરી દેવામાં આવી છે. કેમ તે બંધ કરવામાં આવ્યું તેનો પણ જવાબ આપવામાં આવ્યો નથી.

શિક્ષણાધિકારી કચેરીની ટીમે વાલીઓ અને બજરંગ દળના કાર્યકર્તાઓ સાથે આનંદ નિકેતન સ્કૂલમાં બેઠક કરી હતી. જે બાદ સ્કૂલમાં વિદ્યાર્થીને આપેલા નાસ્તામાંથી કાચનો ટુકડો નીકળવા મુદ્દે વાલી દ્વારા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે. સ્કૂલના ડિરેક્ટર કે કોઈપણ જવાબ સાંભળવા ન આવ્યા હોવાથી વાલીઓએ હોબાળો કરતા પોલીસ પણ બોલાવી પડી હતી. વાલીઓને કોઈપણ પ્રકારનો યોગ્ય જવાબ ન મળતા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં અને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે તૈયારી દર્શાવી છે.

# કે.કા શાસ્ત્રી કોલેજમાં NSUIના કાર્યકર્તાઓનો હોબાળો

## બાઉન્સરો વિદ્યાર્થિનીઓ સાથે ખરાબ વર્તન કરતા હોવાના આક્ષેપ, માંગણી નહીં સ્વીકારાય તો તાળાબંધીની ચીમકી

**અમદાવાદ, તા.11**



ખોખરામાં આવેલી કે.કા શાસ્ત્રી કોલેજમાં NSUIના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓએ ભારે હોબાળો કર્યો હતો. કે.કા શાસ્ત્રી કોલેજના બાઉન્સરો વિદ્યાર્થીનીઓને હેરાન કરતા હોવાનો NSUI દ્વારા ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ બાઉન્સરો સામે કડક કાર્યવાહીની માંગ સાથે NSUIના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓએ પ્રિન્સિપાલની ઓફિસમાં ઘૂસી હલ્લાબોલ કર્યો હતો. જો કે વિરોધ પ્રદર્શન કરનાર NSUIના કાર્યકર્તાઓની પોલીસે ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી.

કે.કા. શાસ્ત્રી કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ સાથે કોલેજમાં ફરજ બજાવતા બાઉન્સરો દ્વારા હેરાનગતિ, ખરાબ વર્તન તથા ચિઠ્ઠી દ્વારા મોબાઈલ નંબર આપવાના કથિત બનાવો બન્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જેને લઈને NSUI દ્વારા વિદ્યાર્થિનીઓની સુરક્ષા અને સન્માન જળવાઈ રહે તેમજ જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે વિરોધ દર્શાવ્યો હતો. NSUI ના કાર્યકર્તાઓ રજૂઆત કરવા માટે જતા પ્રિન્સિપાલ હાજર ન મળતા ઓફિસમાં જ ભારે હોબાળો કર્યો હતો.

પ્રિન્સિપાલ કોલેજમાં હાજર ન હોવાથી NSUIના કાર્યકર્તાઓ રોષે ભરાયા હતા. પ્રિન્સિપાલ હાય હાય અને મહિલાઓની છેડતી બંધ કરોના નારા લગાવી ધરણા પ્રદર્શન પર બેસી ગયા હતા. તેમજ બાઉન્સરો સામે કડક કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી સમયમાં કોલેજને તાળા મારવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

NSUIના સ્ટેટ વાઈસ પ્રેસિડેન્ટ વેદાંત તોમરે જણાવ્યું હતું કે, કે.કા શાસ્ત્રી કોલેજમાં આંદોલન કરવામાં આવ્યું હતું. જે બાઉન્સર છે તે વિદ્યાર્થીનીઓની છેડતી કરે છે તેવી બાબતો ધ્યાને આવી હતી. અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસથી યુવતીઓની છેડતીનો મુદ્દો ઉઠી રહ્યો છે. કે.કા શાસ્ત્રી કોલેજ આવી ઘટનાને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે એવું લાગે છે. અમે રજૂઆત કરવા માટે ગયા તો પ્રિન્સિપાલ પણ અમને મળવા માટે હાજર નહતા. કોલેજમાં પર્સનલ સિક્યુરિટી ગાર્ડ અને બાઉન્સર કેમ રાખવામાં આવ્યા તે સૌથી મોટો સવાલ છે. આ બાઉન્સરો લાકડીઓ લઈને ફરે છે અને વિદ્યાર્થીઓને મારવાની ધમકીઓ આપે છે. બાઉન્સરોનું પોલીસ વેરિફિકેશન માંગ્યું તો તેમના પાસે કોઈ પણ પ્રકારનું પોલીસ વેરિફિકેશન ન હતું. જો અમને આગામી સમયમાં યોગ્ય જવાબ નહીં મળે અને કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે તો કે.કા શાસ્ત્રી કોલેજને તાળાબંધી પણ કરવી પડશે તો કરીશું.

# USDTમાં રોકાણના નામે યુવક છેતરાયો: મિટિંગ માટે બોલાવી યુવક પાસેથી 4.65 લાખ રૂપિયા બે શખ્સ નાસી ગયા.....

**અમદાવાદ, તા.11**

USDTમાં રોકાણ કરી વધુ પૈસા કમાવવાની લાલચમાં એક યુવકે લાખો રૂપિયા ગુમાવ્યા છે. યુવકે રોકાણની જે વ્યક્તિ સાથે વાતચીત કરી હતી તે વ્યક્તિએ યુવકને મિટિંગ માટે બોલાવ્યો હતો. મિટિંગના બહાને બંને શખ્સો યુવકને ગાડીમાં વાસણા લઈ ગયા હતા જ્યાં યુવકને ગાડીમાંથી ઉતારી બંને રફૂ ચક્કર થઈ ગયા હતા. જે મામલે યુવકે વાસણા પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી છે.




નારણપુરામાં રહેતા 41 વર્ષીય મેહુલભાઇ આંદાણી ત્રણેક માસ પહેલા એક મિત્રને મળવા ગયા હતા. વાતચીત દરમિયાન તેમનો મિત્ર કોઇ સાથે યુએસડીટીમાં રોકાણ અંગેની વાત કરતો હતો. જે બાદ મેહુલભાઇએ પણ યુએસડીટીમાં રોકાણ બાબતે રસ દાખવીને વાત કરતા તેમના મિત્રએ બે લોકોના નંબર આપ્યા હતા. જે પૈકી અમન પટેલ નામના શખ્સ સાથે મેહુલસભાઇને મુલાકાત થઇ હતી. અમન પટેલે યુએસડીટીમાં રોકાણ કરવાથી મોટો નફો આપવાની લાલચ આપીને રોકાણની સિક્યોરીટીની જવાબદારી લીધી હતી. જે બાદ અમન પટેલે અંજલી ચાર રસ્તા પાસે આવેલા એક કોમ્પલેક્ષ અને ભઠ્ઠા ખાતે મેહુલભાઇ તથા તેમના મિત્રને બોલાવ્યા હતા. મેહુલભાઇ રોકડા 4.65 લાખ લઇને ત્યાં પહોંચી ગયા હતા અને તેમનો મિત્ર પણ ત્યાં પહોંચી ગયો હતો. બાદમાં અમન પટેલને ફોન કરતા તેણે વ્યસ્ત હોવાથી તેના બે માણસો ગાડી લઇને આવે તે ગાડીમાં બેસી જવા કહ્યું હતું. નંબરપ્લેટ વગરની ગાડી લઇને આવેલા શખ્સો વાસણા વાયુદેવતાના મંદિર તરફ મેહુલભાઇ અને તેમના મિત્રને લઇ ગયા હતા.

જ્યાં ગાડીમાંથી ઉતારીને શખ્સો 4.65 લાખ રોકડા લઇને નાસી ગયા હતા. અમન પટેલને ફોન કરતા તેણે નાણાં ન લાવી આપતા મેહુલભાઇએ આ મામલે વાસણા પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# મોપેડથી અકસ્માત કરી ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ: મકાનના પૈસા લઈને જતા યુવકને ટક્કર મારી 2.50 લાખ ભરેલી થેલી લઈ જનાર બે ઝડપાયા

**અમદાવાદ, તા.11**

અમદાવાદના કાલુપુરમાં મોપેડ લઈને જઈ રહેલા યુવકને અન્ય એક મોપેડે ટક્કર મારી હતી, જે બાદ યુવક પાસે રહેલી 2.50 લાખની રોકડ ભરેલી થેલી અકસ્માત કરનાર બંને શખ્સો લઈને નાસી ગયા હતા. અકસ્માત અને પૈસાની ચોરીની આ સમગ્ર ઘટના સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ હતી. ઝોન-૩ એલસીબી (LCB) એ ત્વરિત કાર્યવાહી કરીને બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને તેમની પાસેથી 2.39 લાખની રોકડ કબ્જે કરી છે. દરિયાપુરમાં રહેતા ઈમરાન મિર્ઝાના વટવા ખાતે નવા મકાનનું રિનોવેશન કામ ચાલતું હોવાથી, તે મકાનમાલિકને પૈસા આપવા માટે વહેલી સવારે નીકળ્યા હતા. ઈમરાન થેલીમાં 2.50 લાખ રૂપિયા લઈને કાલુપુર થઈને વટવા જઈ રહ્યા હતા. તે દરમિયાન રસ્તામાં અચાનક જ અન્ય એક મોપેડ પર આવેલા બે શખ્સોએ ઈમરાનના વાહનને ટક્કર મારી હતી, જેના કારણે ઈમરાન નીચે પડી ગયા હતા. વાહનમાં લટકાવેલી પૈસાની થેલી પણ રોડ પર પડી ગઈ હતી. અકસ્માત કરનાર બંને વ્યક્તિ ઈમરાન સાથે જાણી જોઈને રકઝક કરવા લાગ્યા અને તકનો લાભ લઈને પૈસા ભરેલી થેલી લઈને ફરાર થઈ ગયા હતા.

# વાલીઓને નામ-અટક-જાતિ સુધારવા DEO કચેરીના ધક્કા ખાવા નહીં પડે

**અમદાવાદ, તા.11**

SSC અને HSCની પરીક્ષાના ફોર્મ ભરાય તે પહેલાં વિદ્યાર્થીઓના નામ, અટક કે જાતિમાં રહેલી ભૂલોના નિવારણ અર્થે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી દ્વારા 'કચેરી આપના દ્વારે' કાર્યક્રમ અંતર્ગત ખાસ સુધારણા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી 13 ઓગસ્ટ સુધી શહેરના વિવિધ વિસ્તારોમાં યોજાનારા આ કેમ્પમાં શાળાઓ પાસેથી પ્રાપ્ત દરખાસ્તોની સ્થળ પર જ ચકાસણી કરી એક જ દિવસમાં નિકાલ કરવામાં આવશે, જેથી વાલીઓ અને વિદ્યાર્થીઓને કચેરીના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, દર વર્ષે ધોરણ 1 થી 12 ના અનેક વિદ્યાર્થીઓ નામ-અટક કે જાતિ સુધારણા માટે અરજી કરતા હોય છે. બોર્ડની પરીક્ષાઓ સમયે વાલીઓ અને શાળાઓની દોડધામ ન થાય તે હેતુથી આ આગોતરું આયોજન કરાયું છે. આ કામગીરી માટે મદદનીશ શિક્ષણ નિરીક્ષકો અને IEDSS વિશિષ્ટ શિક્ષકોની ટીમો તૈનાત કરવામાં આવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

